# સ્વર્ગની નીચે મનુષ્ય



સુનીલ ગંગોપાધ્યાય

અનુવાદ :

ભોળાભાઈ પટેલ

# સ્વર્ગની નીચે મનુષ્ય

(બંગાળી નવલકથા)


સુનીલ ગંગોપાધ્યાય

અનુ. ભોળાભાઈ પટેલ

*Svarg ni Niche Manushya*
a novel by Sunil Gangopadhyaya
translated from Bangali into Gujarati
by Bholabhai Patel
Published by Gurjar Granth Ratna Karyalaya,
Ahmedabad 380001

કૉપીરાઈટ : લેખનના સુનીલ ગંગોપાધ્યાય
અનુવાદના ભોળાભાઈ પટેલ

પ્રથમ આવૃત્તિ ૧૯૭૭
પુનર્મુદ્રણ ૨૦૦૨ પ્રત ૧૨૫૦
કિંમત રૂ. ૫૫

પ્રકાશક
અમર ઠાકોરલાલ શાહ
ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય
રતનપોળ નાકા સામે, ગાંધી માર્ગ, અમદાવાદ
ટાઈપસેટિંગ
શારદા મુદ્રણાલય
જુમ્મા મસ્જિદ સામે, ગાંધી માર્ગ, અમદાવાદ

મુદ્રક
ભગવતી ઑફસેટ
૧૫-સી, બંસીધરૂ એસ્ટેટ, બારડોલપુરા, અમદાવાદ
૩૮૦૦૦૪

## લેખક-પરિચય

**સુનીલ ગંગોપાધ્યાય** (જ. ૭-૯-૧૯૩૪ – અવ. ૨૩-૧–૨૦૧૨) બંગાળી સાહિત્યના યશસ્વી કવિ, નવલકથાકાર, વાર્તાકાર, પ્રવાસ-લેખક, અનુવાદક. કલકત્તા યુનિવર્સિટીમાંથી બંગાળી સાહિત્યમાં એમ.એ. થયેલા. પ્રારંભિક કારકિર્દીમાં એમણે 'કૃત્તિવાસ' નામનું કવિતાનું સામયિક સંપાદિત કરેલું.

બંગાળીના એ આધુનિક ધારાના તેમ જ લોકપ્રિય લેખક રહ્યા. પોતાને મુખ્યત્વે કવિ તરીકે ઓળખાવનાર આ સર્જકે 'ભોર બેલાર ઉપહાર' સહિત ૭ કાવ્યપુસ્તકો, ' પ્રથમ આલો' વગેરે ૩૫ જેટલી નવલકથાઓનું સર્જન કર્યું. બાળકો-કિશોરો માટેની નવલશ્રેણી 'કાકાબાબુ' અંતર્ગત ૩૫ કૃતિઓ લખી. એ ઉપરાંત વાર્તા,આત્મકથા, પ્રવાસ, ઇતિહાસ, અનુવાદ એમ અનેક સ્વરૂપોમાં એમની લેખિની વિહરતી રહી. ને એમ ૨૦૦ જેટલાં પુસ્તકો લખ્યાં.

'સેઇ સમય' નવલકથા માટે એમને ૧૯૮૫ના વર્ષનો સાહિત્ય અકાદેમી-પુરસ્કાર મળેલો. એ ઉપરાંત બંગાળી સાહિત્યનો 'આનંદ પુરસ્કાર'(૧૯૭૨) તેમજ પ્રતિષ્ઠિત 'સરસ્વતી સમ્માન'(૨૦૦૪) મળેલાં.

એમની ખ્યાત નવલકથાઓ 'પ્રતિદ્વંદ્વી' અને 'અરણ્યેર દિનરાત' પરથી સત્યજિત રાયે ઉત્તમ ફિલ્મો બનાવેલી, જેમને આંતરરાષ્ટ્રીય ખ્યાતિ મળી. એમની 'કાકાબાબુ' શ્રેણીની કથાઓ પરથી તેમજ એમની કેટલીક વાર્તાઓ પરથી પણ ફિલ્મો બનેલી.

૨૦૦૮માં (૨૦૧૨ સુધી) એ સાહિત્ય અકાદેમીના પ્રમુખપદે નિયુક્ત થયેલા.

**– રમણ સોની**

# અનુવાદક-પરિચય

## ભોળાભાઈ પટેલ

## કૃતિ-પરિચય

**'સ્વર્ગેર નીચે માનુષ'** (૧૯૭૩) સુનીલ ગંગોપાધ્યાયની રમણીય અને કલાત્મક લઘુ નવલકથા છે. પુસ્તકરૂપે પ્રગટ થઈ એ પહેલાં એ બંગાળીના જાણીતા સામયિક 'આનંદબજાર પત્રિકા'માં છપાયેલી.

નવલકથાની મુખ્ય વાર્તા-રેખા પણ રસપ્રદ છે : કલકત્તાની કોઈ કંપનીનો યુવાન અને સુદૃઢ ઑફિસર રંજન અને એની સ્વરૂપવાન, મુગ્ધ-સાહસિકા પત્ની ભાસ્વતી – રંજન એને લાડમાં સતી કહે છે – બંને ટૂંકા પ્રવાસે નીકળ્યાં છે. ત્યાં એમની કાર બગડતાં એને રિપેર કરવા આપીને એ જરાક દૂરના પર્વતથી આકર્ષાઈને, બસમાં બેસીને ને પછી ચાલતાં, નદી પાર કરીને આરોહણનો આનંદ માણવા જાય છે પણ ત્યાં એકાએક વરસાદ તૂટી પડતાં અટવાઈ જાય છે. ત્યાં પ્રસેનજિત નામનો એક બંગાળી નવયુવક મળે છે – એ સાપ પકડવાનો વ્યવસાય કરતો હોય છે.

એ શાલીન છે પણ ભાસ્વતી જેવી અત્યંત સુંદર સ્ત્રીને જોતાં જ એના શુષ્ક ને કંટાળાભર્યા જીવનમાં એક વ્યગ્રતાભર્યો સંચાર થાય છે ને એને પામવા એ વિહ્વળ બને છે – ભદ્ર વ્યવહાર એ છોડતો નથી પણ એનો કામના-લોભ એ ખાળી શકતો નથી. અને....

આ ત્રણ પાત્રો અને એક વિશિષ્ટ પરિસ્થિતિને ગૂંથીને લેખકે સહજ છતાં સંકુલ સંબંધરેખાઓ રચી છે. પ્રેમ, વિશ્વાસ, સંસ્કાર, કામના, આવેગ, સ્ત્રી-ત્વ – માનવસંવેદના અને સમજનું એક નવું જ રૂપ ઉપસાવે છે. કથા ખૂબ પ્રવાહી અને માર્મિક પણ છે.

ભોળાભાઈ પટેલનો આ અનુવાદ 'સ્વર્ગની નીચે મનુષ્ય'(૧૯૭૭, ૨૦૦૨) પણ એવો જ તરલ ને પ્રવાહી છે.

આરંભથી જ વાચકને આકર્ષી લેતી આ રૂપકડી કૃતિમાં પ્રવેશીએ...

**– રમણ સોની**

# નિવેદન

(પુનર્મુદ્રણ પ્રસંગે)

નિજાનંદ ખાતર કરેલો આ અનુવાદ પ્રકટ થાય છે, ત્યારે કેટલાક મિત્રોનું સુખદ સ્મરણ થઈ આવે છે.

શ્રી રજનીકાંત રાવળે આ લઘુનવલ વાંચવાની ભલામણ સાથે 'આનંદબજાર પત્રિકા'ના જે વાર્ષિકમાં તે પ્રગટ થઈ હતી, તે અંક હાથમાં મૂક્યો હતો. તેના વાચનના આનંદની પ્રતિક્રિયા ઝીલનાર મિત્રોમાં સૌ પ્રથમ હતા શ્રી ચંદ્રકાંત ટોપીવાળા, શ્રી ચિનુ મોદી અને શ્રી સુમન શાહ. ગૂજરાત વિદ્યાપીઠમાં ત્યારે મોટો સેમિનાર ચાલતો હતો, તેના અતિથિગૃહમાં.

અનુવાદ કર્યો ત્યારે, આ લઘુનવલ ગ્રંથાકારે પ્રગટ થઈ નહોતી. તે પછી આનંદ પબ્લિશર્સ તરફથી તે ગ્રંથાકારે પ્રગટ થઈ છે. તેમાં થોડા ફેરફારો છે, જેમાંથી કેટલાક અનુવાદમાં સામેલ કરી લીધા છે, પણ અંત વિશેનો મોટો ફેરફાર સ્વીકાર્યો નથી, એ મૂળ પ્રમાણે રાખ્યો છે, લેખકની ક્ષમાયાચના સાથે. બંગાળીમાંથી કોઈ પણ અનુવાદ કરવાનો હોય ત્યારે મુ. નગીનદાસભાઈનું માર્ગદર્શન હોય છે જ. આ કૃતિના અનુવાદ અંગે મેં અમુક કઠિન સ્થળો વિશે જ પૃચ્છા કરી છે, એટલે દોષો રહી જવાનો સંભવ છે, જેની જવાબદારી મારી છે.

અનુવાદ પ્રગટ કરવાની અનુમતિ આપવા બદલ શ્રી સુનીલ ગંગોપાધ્યાયનો હૃદયથી આભાર માનું છું.

આ લઘુનવલનો મલયાલમમાં સચિત્ર અનુવાદ મલયાલમપત્રિકા 'માતૃભૂમિ'માં ધારાવાહી રીતે પ્રગટ થયેલો, તેમાંથી કેટલાંક રેખાંકન અહીં લીધાં છે. એ માટે એ કલાકારનો પણ આભાર માનું છું.

જાણીતા વાર્તાકાર અને અનુવાદક શ્રી રજનીકાંત રાવળનો આભાર માનું છું. તેમણે આ રચના તરફ ધ્યાન દોર્યું હતું.

આમુક માટે શ્રી રમણલાલ જોશીનો આભાર માનું છું.

સુરુચિપૂર્ણ મુદ્રણ માટે શ્રી રોહિત કોઠારીનો અને પ્રકાશન માટે ગૂર્જરના શ્રી મનુભાઈનો આભર માનું છું.

૨-૨-૨૦૦૨ **ભોળાભાઈ પટેલ**

*** આ નવલકથાની સમીક્ષા ટેક્સ્ટ પૂરી થયા પછી મૂકી છે. –એકત્ર**

# સ્વર્ગની નીચે મનુષ્ય

## ૧

સામે એક નદી છે. એ નદી પાર કરવી પડશે.

પુરુષનું નામ રંજન છે. ઉંમર ૩૪ વર્ષની છે. શરીરનો બાંધો અને સ્વાસ્થ્ય સારાં છે. તેણે આછા ચૉકલેટ રંગનું પેન્ટ અને સફેદ પહેરણ પહેર્યાં છે. સફેદ પહેરણ તેને ગમે છે. ખભે કૅમેરા લટકે છે.

સ્ત્રીનું નામ ભાસ્વતી છે. ઉંમર ૨૭ વર્ષનીછે. તેણે ઘેરા આસમાની રંગની સાડી અને બ્લાઉઝ પહેર્યાં છે. બ્લાઉઝ નીચે બ્રાની આઉટલાઈન નજરે પડે છે. તેની બ્રાનો રંગ કાળો છે, ચણિયાનો રંગ પણ કાળો છે, પછી દેખાશે. તેનું બોલાવવાનું નામ સતી છે.બધાં એ જ નામે બોલાવે છે, પણ તેનું નામ ઝરણું હોત તોય બંધબેસતું આવત. તે ઘણી સુંદર છે અને નાની ઉંમરના બાળકની જેમ મસ્તીખોર છે. રૂપ વગરની સ્ત્રીઓની વાત જુદી હોય છે અને રૂપાળી સ્ત્રીઓની વાત જુદી હોય છે. આ રૂપની વાત છે. આ બંને પતિ-પત્ની છે. આ બંને જણની પોતાની આગવી એવી અનેક ગોપન વાતો છે, જેમ ઘણાં લોકોની હોય છે.

કોઈ કોઈ દિવસ એવું નથી થતું કે બપોરે જ આકાશમાં સાંજના જેવું અંધારું થઈ જાય! આજ પણ એવો જ દિવસ છે. નૈર્ઋત્ય ખૂણામાંથી ધીરે ધીરે ફેલાતાં જઈ હવે આખા આકાશમાં વાદળ છવાઈ ગયાં છે. છતાં એ વાદળ પથ્થર જેવાં સખત છે. વરસવાનાં કોઈ ચિહ્ન નથી. એ વાદળોની પશ્ચાદ્ભૂમાં નદીના સામે કાંઠેનો પહાડ ગંભીર લાગે છે. આ દિવસોમાં કોઈ નદી પાર કરીને પહાડ પર ચઢવાની ઇચ્છા નથી કરતું, પણ ભાસ્વતી ઘણી જિદ્દી છે.

પહોંચતાં પહોંચતાં જ ઘણું મોડું થઈ ગયું. સવારથી જ મોટરગાડી બગડી ગઈ હતી. રંજને કહ્યું હતું, 'આજે બહાર નહિ નીકળીએ.'

ભાસ્વતીએ કહ્યું હતું, આખો દિવસ ડાકબંગલામાં નહિ બેસી રહેવાય.

રંજને કહ્યું હતું, પણ ગાડી બગડી ગઈ છે ને?

ભાસ્વતીએ કહ્યું હતું, બે વર્ષ પહેલાં આપણી પાસે ક્યાં હતી ગાડી? તે વખતે પણ આપણે પ્રવાસે તો જતાં.

તેથી રંજન ગયો હતો – દોઢ માઈલ દૂરથી ગાડીનો મિકેનિક બોલાવી લાવવા. મિકેનિકે આવી ઠક ઠક કરી કહ્યું કે ગાડીને ગેરેજમાં લઈ જવી પડશે. ઠેલતાં ઠેલતાં લઈ જવી પડી. રંજને ઇચ્છ્યું હતું કે ગાડીને ચાલું થતાં ભલે વધારે સમય લાગતો. ગેરેજવાળાઓએ કહ્યું કે, ગાડીમાં ઘણી ખરાબી છે, બે દિવસ પહેલાં તૈયાર નહિ થાય.

નિશ્ચિત ભાવે ડાકબંગલા પર આવીને રંજને કહ્યું કે, બે દિવસ પહેલાં હવે ક્યાંય જઈ શકશે નહિ. ગાડી નહિ મળી શકે.

ભાસ્વતીએ કહ્યું, બસ તો છે. લોકો બસમાંય ફરવા જાય છે. નહિતર બસો ચાલે કેવી રીતે?

રંજને કહ્યું કે, એ ખોટું છે. બસમાં બેસીને માણસ કામધંધે જાય છે, ફરવા નથી જતા. તે ઉપરાંત બસ છેક નદીના કાંઠા સુધી નહિ જાય. લગભગ એક માઈલ પગે ચાલીને જવું પડશે.

– પગે ચાલીને જવાની તમને બીક લાગે છે?

રંજન બીકણ નથી. તેના શરીરમાં તાકાત છે, છાતીમાં હિંમત છે. પૃથ્વી પરના હારી ખાનાર માણસોમાંનો તે નથી, બલ્કે તે તો ઘણું બધું મેળવતો રહ્યો છે. તરવામાં તેણે મેડલ મેળવ્યો છે, કૉલેજ ટીમમાં ક્રિકેટ રમેલો છે. ભૂતબૂતમાં માનતો નથી. શહેરના માર્ગ પર એકાએક હોહલ્લો થતાં તે નાસવા લાગતો નથી, પણ જરા ઊભો રહી બેએક ક્ષણ શાંતિથી જુએ છે, પણ ડુંગર ચઢવાનું તેને નથી ગમતું. ગમતું નથી તે બસ નથી ગમતું. તેનું કોઈ કારણ નથી. મોટરગાડી સાથે જ ચઢાવી દો – તેને પહાડના શિખર પર, તો તે સૌંદર્યનું પાન કરશે. પણ તે સૌંદર્યના

લોભથી પગે ચાલીને ડુંગર નહિ ચઢે. આમ છતાં તે મહેનતથી ડરતો નથી. સમુદ્ર તરવાની વાત કોઈ કરે તો એ વાતમાં રંજન રાજી છે. અનેક માણસોની આવી જાતજાતની કમજોરીઓ હોય છે.

તેમાંય ખાસ કરીને, આ નદી પાર કરીને આ પહાડ જોવા અંગે તેના મનમાં એક બીજો વાંધો પણ હતો. પહાડ  અંગે એક વહેમ પ્રચલિત હતો. તે વહેમને તે ટેકો આપવા નહોતો માગતો. ભાસ્વતી તો બસ જવાની જ જવાની. આવી વાત સાંભળીને ભાસ્વતી પરીક્ષા કરી જોવા માગે છે અને જ્યારે નજીકમાં જ તો છે. રંજનનો એવો મત હતો કે બધા વહેમોની પરીક્ષાની હઠ પણ  એક રીતે તો એને માની લેવા બરાબર છે.

– તમે આળસુવેડા કરવા માગો છો ને એટલે આમ બોલો છો. આવા બધા તર્ક શા માટે કરો છો!

રંજન પાયજામો અને ગંજી પહેરીને ડાકબંગલાના વરંડામાં બેઠો હતો. તેના પહોળા કાંડા પર બાંધેલી ઘડિયાળના કાચ પર પડીને તડકો ચળકતો હતો. રંજનનું સ્વાસ્થ સુદઢ  હતું. પોલાદના બખ્તર જેવી તેની છાતીની આકૃતિ હતી. આ માણસને જોઈ તેને કોઈ આળસુ ન કહે.

તો યે રંજને હસીને કહ્યું હતું, કોઈ કોઈ વેળા આળસુવેડા કરવાનું પણ ખરાબ નથી લાગતું. ચાલને આજ આખો દહાડો પડ્યાં રહીએ!

ભાસ્વતીએ તેનો હાથ પકડી, ખેંચીને કહ્યું, ના ઊઠો.

એટલે પછી નીકળવું જ પડ્યું. સ્થાનીય લોકોમાંથી કોઈએ કહ્યું હતું કે, તે પહાડ ચઢતાં-ઊતરતાં ત્રણ કલાક લાગે છે. જ્યારે કોઈ કોઈએ તો કહ્યું કે તે પહાડ પર ચઢી જ શકાતું નથી – દેખાય સીધો તેથી શું? તો વળી પાછું કોઈએ કહ્યું કે, સરસ મઝાનો રસ્તો તૈયાર કરવામાં આવ્યો છે, કોઈ અગવડ નથી. બેક જણે તેમને જવાની એકદમ ના કહી હતી. પહાડ અને રસ્તા વિષે જુદા જુદા માણસોના જુદા જુદા મત હોય છે. જેઓ રસ્તો માપનારા છે, તેમના સિવાય રસ્તાની લંબાઈ વિશે

બીજા કોઈ અંદાજ કાઢી શકતા નથી હોતા. પહાડ પણ કેટલાકને માટે હંમેશ માટે ખૂબ દૂર હોય છે, જ્યારે કેટલાક વિચારે છે કે ગમે તેટલો ભલેને દૂર હોય, જવું જોઈએ, પણ આ પહાડની વાત જુદી છે. તેઓ આ પહાડની ભક્તિ કરે છે. તેનાથી ડરે પણ છે.

રંજને નારાજ થઈને અભિપ્રાય દર્શાવ્યો કે તે લોકોની વાતો પર વિશ્વાસ કરી શકાય તેમ નથી. કોઈ કોઈની વાતનો કોઈ કોઈની જોડે મેળ જ ખાતો નથી.

ભાસ્વતીએ કહ્યું કે જાતે જઈને જોઈશું એટલે ખબર પડશે કે કોની વાત સાચી છે ને કોની ખોટી.

રંજન સાહસી છે, તો ભાસ્વતી દુઃસાહસિકા.

ખખડી ગયેલી બસ હતી. પણ તેમાંય ફર્સ્ટ ક્લાસ, સેકન્ડ ક્લાસ, થર્ડ ક્લાસ હતા. ભાસ્વતીની ઇચ્છા થર્ડ ક્લાસમાં બધાં સ્ત્રીપુરુષો જોડે ભળીને જવાની હતી. રંજને અનુમતિ આપી હતી, કારણ કે વાંધાનો કોઈ અર્થ નહોતો, એ તે જાણતો હતો.

પણ બસનો કંડક્ટર એ વાત કાને જ ધરતો નથી. કોઈ ભદ્ર માણસને – એટલે કે જેને જોઈને જ ખબર પડે કે ખિસ્સામાં પૈસા છે. અને ગોરા ચહેરાવાળી રમણીને તે થર્ડ ક્લાસમાં લઈ જ ના શકે – એવો કોઈ નિયમ ભલે નથી. હા-નાની ચર્ચા બહુ લાંબી ચાલે તેમ નહોતી. પોતાની ભાષામાં તે જોરદાર બોલ્યે જતો હતો, જે રંજન અને ભાસ્વતીની સમજમાં નહોતું આવતું. આ પ્રદેશમાં જે ભાષા ચાલે છે, તે બરાબર હિન્દી પણ નહોતી. મધ્યપ્રદેશ હતો.

પરિણામે, લોખંડની સાંકળથી ઘેરાયેલા ફર્સ્ટ ક્લાસમાં જ જવું પડ્યું. એંજિનની ગરમ, બળેલા મોબિલની ગંધ અને છતાં બીજા સામાન્ય ગરીબ માણસોની સાથે શરીરે ઘસાઈ ભીડમાં બેસવાનું નહોતું એ જ આ ક્લાસનો આરામ. દોઢ કલાકમાં પહોંચવાની વાત હતી, પોણા ત્રણ કલાક થયા. જ્યાં તેમને ઊતરવાનું હતું, ત્યાં એક નાસ્તા માટેની દુકાન હતી. પૂરી અને શાક. શુદ્ધ – ઘણુંબધું સોડાતા શુદ્ધ દૂધની બનાવેલી

ચા.

કલકત્તાના માણસોને પરિચિત ચાનો કોઈ સ્વાદ તેમાં નહોતો. ઘરે આવી ચા જો કદીકને બની હોય તો કકળાટ થઈ જાય. એ ચાનો મુખ્ય ગુણ તો તે ગરમ હતી તે. તેમણે બે કપ ચા લીધી. તે પી ગયા પછી વળી બીજા બે કપ. આ પણ એક પ્રકારની મઝા છે!

આ પછી એક માઈલ સુધી પગે ચાલવાનું હતું. સ્વાભાવિક રીતે જ એક માઈલ ત્રણ માઈલ જેટલો હતો. આ દરમિયાન વાદળ ઘેરાઈ આવ્યાં હતાં. બપોરે પણ સાંજ જેવું લાગતું હતું. ચમકતું બાહ્ય દૃશ્ય હવે મનને અરુચિકર લાગતું હતું. આકાશમાં પંખી નથી, અનેક ખડમાંકડીની ઊડાઊડ શરૂ થઈ છે. એવામાં વાદળને ચીરીને એક વિમાન પસાર થયું – ખૂબ અવાસ્તવિક લાગે છે. જાણે ક્યારેય વિમાન જોયું જ નથી, એવી નજરે ભાસ્વતીએ આકાશ ભણી જોયું.

રંજને કહ્યું, આજે ના જવું એ જ બરાબર છે! આકાશનાં રૂપરંગ સારાં નથી.

ભાસ્વતીએ કહ્યું. મને પાછા જવાની ઈચ્છા થતી નથી.

– જો રાતે બહુ જ મોડું થઈ જશે તો?

– જ્યાં હોઈશું, ત્યાં રાત તો થવાની જ છે ને!

નદી નાની હતી. અહીંના લોકોએ જણાવ્યું હતું કે પાણી વધારે નથી. ચાલીને પાર થઈ શકે તેમ છે. પ્રત્યક્ષ પ્રમાણરૂપે એક બળદગાડીને નદી પાર કરી આ બાજુ આવતી જોઈ. બળદગાડી પહાડ પરથી આવતી નહોતી. પેલી બાજુ બીજા કોઈ ગામનો ચોક્કસ રસ્તો હશે.

ભાસ્વતીને ખભે એક મોટી ચામડાની બેગ લટકતી હતી – તેમાં પરચુરણ ઉપયોગની ચીજવસ્તુઓ હતી. ઘણો ભાર હતો. રંજનને ખભે માત્ર કૅમેરા હતો.

નદી પાર કરવા માટે ભાસ્વતીએ સાડી ઊંચી લીધી. રંજને રાજકપૂરની પ્રસિદ્ધ મુદ્રામાં તેના પેન્ટને વાળી લીધું.

નદીના પાણીમાં પગ મૂકતાં જ ખબર પડી કે પાણી જેટલું ઠંડું છે,

તેટલો તેનો વેગ પણ તીવ્ર છે. નદી ભલે નાની હોય પણ એનો પ્રવાહ તેજ છે. તેની છાતી પરથી પસાર થઈ શકો, પણ તેને માનવી પડે. જો કે આ નદીમાં તરવાનો સુયોગ નહોતો, છતાં તેમાં પગ મૂકતાં જ રંજનનો મૂડ સારો થઈ ગયો :

– સતી, મારો હાથ પકડ.

ભાસ્વતીને બધી વસ્તુઓમાંથી આનંદ મળતો. આ ઠંડું પાણી, પ્રવાહનું ખેંચાણ – તેની સ્પૃહાને ઉત્તેજિત કરે છે. એક હાથમાં ચંપલ, બીજો હાથ રંજનના હાથમાં, મોટા મોટા પથ્થરના ટુકડાની અણીઓ પગે વાગતી તોયે તે હસતી હતી. હસતાં હસતાં બોલી, ક્યાંક વધારે પાણી હશે તો?

ભાસ્વતીને તરતાં આવડતું નથી. પ્રખ્યાત તરવૈયા સાથે તરવાનું ન જાણનાર છોકરીનાં લગ્ન થાય એ એવી કંઈ ન બને એવી વાત નથી. વૈજ્ઞાનિકની પત્ની શું પૂજા–અર્ચના કરતી નથી? અનેક મહાકવિઓની સ્ત્રીઓએ કવિતાને પસંદ કરી નથી.

પાણી વધારે હોય કે ના હોય, ભાસ્વતીના પ્રશ્નમાં ભયનો લેશ નહોતો. આ તો બધું કૌતુક. માત્ર રંજનને મોઢેથી તે આશ્વાસનનાં વચનો સાંભળવા માગે છે, જે બોલીને રંજન પરિતૃપ્ત થશે. પુરુષોની દુર્બળતા જાણતાં સ્ત્રીઓને જરાય વાર લાગતી નથી. સ્ત્રીઓ વળી પુરુષને રહસ્યમય પ્રાણી તરીકે જોતી નથી. વિશ્વસનીયતા એ જ મુખ્ય યોગ્યતા. રંજન વિશ્વસનીય છે, ભલે પહાડ ઉપર નહિ, પણ પાણીમાં તો ખરો જ.

ભાસ્વતીની સાડી ઘૂંટણ સુધી ઊંચે ઊઠી હતી. પાણીના વધવા સાથે તે વધારે ઊંચી થતી જતી હતી. ક્યાંય કોઈ નહોતું. આવી નિર્જનતા નરનારીને બહુ આનંદ આપે છે, એટલે સુધી કે પતિ-પત્નીને પણ. બેડરૂમમાં કોઈ હોતું નથી તો પણ આ આકાશની નીચે પહાડ અને નદીની પૃષ્ઠભૂમિમાં બે જણનો એકલાં હોવાનો સ્વાદ કૈંક જુદો જ હોય છે. ભાસ્વતીએ નીચે નમી નદીમાંથી એક ખોબો પાણી લઈ રંજનના

શરીરે છાંટ્યું.

રંજન ચિડાયો નહિ. વચ્ચોવચ પ્રબળ પ્રવાહની વચ્ચે પણ પોતાને દૃઢતાથી સ્થાપીને તે ભાસ્વતી ભણી એક નજરે જોઈ રહ્યો. ભાસ્વતીનો ખભો પકડી, જરા નમાવી હસતાં હસતાં બોલ્યો, ‘પાડી દઉં, પાડી દઉં?’

કોઈ એ જોનાર તો નહોતું. કોઈ જાણતું નહોતું કે તે કલકત્તાની એક મોટી સંસ્થાનો જવાબદાર ઑફિસર છે. અહીં છોકરમત કરવામાં વાંધો શો?

કોઈ ના જુએ તોયે કેટલીય બાબતમાં જરા વાંધા જેવું હોય છે. ભાસ્વતીએ તેની સાડી પોતાની સાથળની ઘણે ઉપર સુધી ઊંચી લીધી હતી. રંજન તે તરફ એકીટશે જોઈ રહ્યો! જરા શરમાઈ, આંખ ફેરવી વળી પાછો ફરી જોઈ રહ્યો. આ વખતે તેની દૃષ્ટિમાં અને મોઢા પર જુદી રીતનું હાસ્ય હતું. ભાસ્વતીની ગોરી સાથળ, તેના પર નીલ સાડી, જાણે યવનિકા! જે પુરુષે તેની પત્નીને શયનકક્ષમાં અનેકવાર નિરાવરણ જોઈ છે અને ઊંઘના ઘેનમાં તે સાથળ પર અનુભૂતિહીન હાથ મૂક્યો છે, અનેક વેળા પત્ની જ્યારે કપડાં બદલતી હોય છે તેની નજીકમાં જ રહીને, અને તેય નજર નાખ્યા વિના જ કોઈ સામાન્ય ચોપડી વાંચતો રહ્યો છે – આજે તે શરીરનો કશોક ગોપન આભાસ પામીને રોમાંચિત છે. આવું થતું હોય છે.

પાણી થોડું વધ્યું. ભાસ્વતીએ હવે સાડી ઊંચે લેવાને બદલે, એકદમ છોડી દીધી. પલળી એકાકાર થઈ ગઈ. અહીંની આદિવાસી સ્ત્રીઓ આ નદી પાર કરતી વખતે સાડી ભીની કરતી નથી – ભલેને અનેક લોકો હોય! તેનું કારણ એ છે કે તેમની પાસે બીજી સાડી જ નથી હોતી. ભાસ્વતીની પાસે પણ અત્યારે બીજી સાડી નથી, તોયે તેણે પહેરવાનાં કપડાં ભીંજવી નાખ્યાં. માત્ર પોતાના પતિથી શરમાઈને!

ભાસ્વતી કંઈ સાધારણ સુંદરી નથી. એ જરૂર કે તેની આંખો, નાક, મોં અને બીજા અંગપ્રત્યંગોનો અલગ અલગ રીતે વિચાર કરતાં તેમાં

ક્યાંક દોષ જેવું લાગે, પણ આનંદિત રહેવાની તેની ક્ષમતા જ તેને આટલી સુંદર બનાવે છે. તે જાણે આ સ્રોતસ્વિની નદીનું જ પ્રતિરૂપ છે. પાણી નસીબદાર!

ભીની સાડી સાથે પાણી ઠેલતાં ઠેલતાં ચાલતાં સમય વધારે લાગે છે. પ્રવાહને વિઘ્ન નડતાં પ્રતિવાદમાં ગુંજારવ કરે છે.

– જુઓ તો ખરાં કેવાં સુંદર નાનાં નાનાં માછલાં છે!

– જલદી જલદી ચાલ, સતી!

– તમે આ માછલાં કેમ જોતા નથી?

– જલદી જલદી પાછા જવાનું છે ને?

– હજી તો પહોંચ્યાં જ નથી, ત્યાં પાછા ફરવાની વાત!

– સાડા સાત પછી કોઈ બસ નથી! તે પછી તો અહીં જ રાત વીતાવવી પડશે.

– તો તો ભારે મઝા આવશે. બરાબર વન વચ્ચે!

નાની નાની રાખોડી રંગની માછલીઓ સર્ સર્ કરતી પાણીમાં તરી રહી છે. આવો પ્રવાહ છતાંય તેઓ વચ્ચે વચ્ચે એક જગ્યાએ સ્થિર થઈને રહી શકે છે. આ પાણીમાં કોઈ પ્રકારની શેવાળ થતી નથી, ચોખ્ખી રેત છે. અસંખ્ય તિતિઘોડા અહીં તેમના માથા પર થઈ આમતેમ ઊડે છે.

માછલાં દેખાડવાના અતિ ઉત્સાહમાં નીચી થતાં જ ભાસ્વતી ભારનું સમતોલન જાળવી શકી નહિ – આંચકો ખાઈ પાણીમાં પડી ગઈ. તરત જ પ્રવાહ તેને જરા દૂર ખેંચી રહ્યો. ભયમિશ્રિત કલહાસ્યથી ચિત્કાર કરી ઊઠી ભાસ્વતી.

રંજન તે ક્ષણે જ પત્નીને પકડવા પાણીમાં કૂદવા જતો હતો, પણ તે સાથે સાથે મનમાં યાદ આવી ગયું કે તેને ખભે કૅમેરા લટકે છે અને કૅમેરાને કયો મૂરખ પાણીમાં ડૂબાડે? રંજન ખમચાઈને ઊભો રહ્યો, કેમ કે એ વાત પણ તેના મનમાં છે કે અહીં પાણી ખાસ વધારે નથી. નાક અને મોંમાં પાણી પેસી જવા છતાં ભાસ્વતી કંઈ ડૂબી જવાની નથી.

ભાસ્વતીને પરણ્યા પહેલાં જો ભાસ્વતીને આનાથીય છીછરા પાણીમાં પડી ગયેલી દેખત તો કૅમેરા બગડવાના જોખમે પણ તે પાણીમાં કૂદી પડત.

રંજન ત્યાં ઊભો રહી હસવા લાગ્યો. હસતાં હસતાં જ બોલ્યો, 'સારું થયું, ઠીક થયું.'

ભાસ્વતી તે ક્ષણે જ ઊભી થઈ ગઈ. તે વખતે તેના મોઢા પર લજ્જા કરતાં બનાવટી ગુસ્સો વધાર હતો.

રંજન ખભેથી કૅમેરા ઉતારીને હાથમાં લઈ બે પગ પહોળા કરી ઊભો રહ્યો. આ પ્રવાહમાંય તે ડગતો નથી – પાણીમાં તે આ રીતે સહજ રહી શકે છે. પહેલા ફોટા વખતે ભાસ્વતીએ ચાળા પાડ્યા. બીજા ફોટામાં ભાસ્વતીના બંને હાથ તેના વાળ ઉપર હતા, મોઢું ઉપરની દિશામાં હતું અને વાદળની છાયા પડતાં તે મોઢું પૌરાણિક નારી જેવું લાગતું હતું. ભાસ્વતીના શરીરમાંથી એક કંપ પસાર થઈ ગયો. તે ક્ષણે, તે ખાસ ક્ષણે તેના મનમાં થયું કે, કેવું તો સુંદર છે આ જીવવું!

દશે દિશાવ્યાપી નિર્જનતાની વચ્ચે એક નદી, તેની વચ્ચે ઊભી છે સર્વાંગે ભીંજાઈ ગયેલી એક નારી અને તે દૃશ્યને ચિરસ્સ્થાયી કરી રાખ્યું છે રંજને.

## ૨

સામે કિનારે પહોંચી કાંડા રૂમાલ છોડી રંજને ઘડિયાળમાં જોયું : ત્રણમાં દશ. ઉનાળાનો લાંબો દિવસ, રાત પડવાની ઘણી વાર છે. પહાડ બહુ મોટો નથી અને ઘણાખરા ભારતવર્ષના નાના પહાડોની જેમ આના શિખર પર પણ એક મંદિર છે. મંદિર ઘણે દૂરથી દેખાય છે. આ પ્રમાણે અજાણ્યા નિર્જન પ્રદેશમાં એકાદ મંદિર જોતાં જરા સારું લાગે છે. મંદિર એટલે છેવટે કંઈ નહિ તો આશ્રય. શયનં હટ્ટમંદિરે.

ચામડાની બેગમાં ટુવાલ હતો. બહાર કાઢી ભાસ્વતીએ માથું લૂછ્યું, મોં લૂછ્યું. સાડી-બ્લાઉઝ તદ્દન ભીંજાઈ ગયાં હતાં, તેનું કશું થઈ શકે તેમ નહોતું. રંજન ચિંતિત હતો, છતાં ભાસ્વતીએ કહ્યું, 'મને કૈં નહિ થાય! મને એટલી જલદી શરદી થતી નથી.'

પેલી પારનો રસ્તો નદીમાં ડૂબકી મારીને આ કિનારે નીકળે છે અને જમણી બાજુએ વળી ચાલ્યો જાય છે સપાટ ભૂમિ તરફ. જરા સાંકડો એક રસ્તો ડાબી બાજુએ છે. તે જ પહાડ ચઢવાનો રસ્તો છે, તે તરત ખબર પડે તેમ છે. સાંકડો હોવા છતાં રસ્તો દુર્ગમ નથી – વપરાતો હોવાનાં અનેક ચિહ્નો છે. જરા આગળ જઈને જંગલમાં ખોવાઈ જાય છે.

મધ્યમ કદનાં વૃક્ષોનું વન છે. એટલું ગાઢ નથી. ઝાંખરાં ઘણાં ઓછાં છે. દરેક ઝાડને અલગ કરીને જોઈ શકાય તેમ છે. આવાં બધાં વનોમાંથી જંગલી પ્રાણીઓ ઘણો સમય થયાં નામશેષ થઈ ગયાં છે. નાનાં અમથાં હોય તેમનાથી ચિંતાનું કોઈ કારણ નથી, રંજન સશસ્ત્ર છે.

સિગારેટ સળગાવી રંજને કહ્યું, એકાદ ગાઈડ સાથે લેવા જેવો હતો.

રંજનનો હાથ પકડી ભાસ્વતીએ મોહક અવાજે કહ્યું, અત્યારે કોઈ અહીં હોત તો મને જરાયે ન ગમત!

– જો રસ્તો ભૂલી જઈએ તો?

– એક જ તો રસ્તો છે.

ધીમે ડગલે તેઓ ચાલવા લાગ્યાં. માણી શકાય એવી પદયાત્રા આવી હોય છે. હવે જ્યારે આવી જ ગયાં છીએ, ત્યારે મનમાં દ્વિધા રાખવાથી કશો લાભ નથી, એ હિસાબે રંજન પોતાને તૈયાર કરી દે છે. રમતિયાળપણે એકાદ પથ્થરનો ટુકડો રસ્તામાંથી ઉઠાવી દૂર દૂર ફેંકે છે, બીજા કોઈ પથ્થર પર જઈ પડતાં ઠક કરતો અવાજ થાય છે.

– તમને આવવાની ઇચ્છા નહોતી, પણ જગ્યા કેવી સુંદર છે, કહો તો?

– હા, ઘણી સરસ જગ્યા છે.

– કેવી સ્વચ્છતા છે ! મને જો કોઈ ના સ્થળે દેશવટો આપત તો સારું થાત. હું આખી જિંદગી અહીં જ વિતાવી દેત.

– કેટલા દિવસ?

– હું આખી જિંદગી અહીં વિતાવી શકું.

– ખરેખર? બાથરૂમ?

ભાસ્વતી શરમાઈ. બિછાનાને બદલે તેને જમીન પર સુવાડે તેનો વાંધો નહોતો. ખાવાનું મળે કે ના મળે તે ભ્રૂક્ષેપ પણ નહિ કરે, પણ મનને માફક આવે તેવો એક ઝગમગ કરતો બાથરૂમ ન હોય તો તેનો મૂડ ખરાબ થઈ જાય છે. જેટલી વાર તેઓ પ્રવાસે ગયાં છે, તેટલી વાર કોઈ હોટલમાં પહોંચતાં કે ડાક બંગલે પહોંચતાં ભાસ્વતી પહેલાં બેડરૂમ જોવાને બદલે બાથરૂમ તપાસી લે છે. ગંદા બાથરૂમને લીધે નક્કી કરેલો ડાક બંગલો છોડી સત્તાવીસ માઈલ દૂરના બીજા બંગલામાં એક વાર જવું પડ્યું હતું રંજનને.

ભાસ્વતી તોયે પોતાની આ સ્વભાવદુર્બલતા છુપાવી બોલી, તોય રહી શકું. અહીં તો ગંદું કશું જ નથી. એક સરસ ઝૂંપડી બનાવીને રહેત બે જણાં.

– તે પછી તે ઝૂંપડી આગળ એક દિવસ એક સોનાનું હરણું આવત અને તે પકડી લાવવા માટે તું મારી આગળ હઠ કરત!

ભાસ્વતી ખડખડાટ હસી પડી. આવું સરસ ચતુર વાક્ય બોલી નાખવા બદલ રંજન રાજી રાજી થઈ ગયો હતો. બીજું કોઈ સાંભળનાર નહોતું, તોયે માત્ર પોતાની પત્ની આગળ પણ એક સરસ સજાવેલી સુંદર વાત કહેવાનો આનંદ હોય છે.

રસ્તાની બાજુમાં પડ્યું હતું એક સિગારેટનું પાકીટ અને અંગ્રેજી છાપાનું વળી ગયેલું પાનું. બંને જાણે ખૂબ દૂરની વસ્તુઓ હતી. તેમના જેવા દૂરના માણસો બીજાય અહીં આવે છે. કુતૂહલવશ રંજને પાસે જઈને છાપાનાં પાનાની તારીખ જોઈ. દોઢ માસ પહેલાનું છાપું હતું.

– તું જરા આરામ કર, સતી.

– હું તો જરાયે થાકી નથી.

– પહાડ ધીરે ધીરે ચઢવો પડશે. શરૂઆતમાં જલદી જલદી કરવા જતાં પછી તકલીફ પડે છે.

– હું પરેશનાથ પહાડ પર ચઢી હતી. મને જરાય તકલીફ પડી નહોતી. તમને તકલીફ પડે છે?

ચાળીસેક મિનિટ પછી તેમને યાદ આવ્યું કે તેઓ પહાડનો લગભગ ત્રીજો ભાગ ચઢી ગયાં છે, તેથી રંજનને જરા સંતોષ થયો. આ ગતિથી જતાં ઠીક ઠીક સમય રહેશે. ઊતરતાં તો જલદી જલદી ઊતરી જવાશે.

રસ્તો અહીંથી વાંકો વળતો હતો. મોટા પથ્થરોની આડશે બીજી દિશા જરાય દેખાતી નથી. અહીં ખાસ્સા ચોતરા જેવી જગ્યા હતી. બેસીને વિશ્રામ લઈ શકાય. પથ્થર પર કોઈએ બહુ પહેલાં પોતાનું નામ કોતરેલું છે. અત્યારે વાંચી શકાય તેમ નથી.

અહીંથી નદી દેખાય છે વનરાજીની પાછળ. બહુ નીચે લાગે છે. અહીંથી નદીનું પાણી કાળું, અસ્વચ્છ લાગે છે. અસલમાં તેવું નહોતું. બહુ સ્વાદિષ્ટ અને ચોખ્ખું પાણી પાર કરીને તેઓ આવ્યાં છે. આમ બદલાઈ કેમ ગયું?

ખરેખર તો આકાશ જ ઘણું બદલાઈ ગયું હતું. એ નદીનું પાણી કાળું નથી, સમુદ્રનું પાણી જેમ નીલવર્ણ નથી હોતું. રંજને એક પથરો ઊંચકીને નદીના પાણીમાં ફેંકવાનો પ્રયત્ન કર્યો. નદી સુધી પહોંચ્યો ના.

એ વખતે વાવંટોળ જાગ્યો. સાથે સાથે વરસાદ. સેંકડો ઘોડેસવાર દોડવાનો અવાજ. આવી પ્રબળ અને તેજ આંધી પહાડી મુલકમાં જ જોવા મળે. વૃક્ષોની ટોચો પાગલની જેમ ધૂણી રહી છે! વરસાદનાં મોટાં મોટાં ફોરાં તીરની જેમ પથ્થરને વીંધી રહ્યાં છે.

તેઓ એક ઘટાદાર ઝાડ નીચે જઈને ઊભાં રહ્યાં. શરૂ શરૂમાં તો શરીર પર પાણી પડતું નહોતું. થોડી વાર પછી વરસાદ કરતાંય મોટાં ફોરાં તેમને ભીંજવવા લાગ્યાં. આકશ એકદમ તૂટી પડ્યું છે. પહાડી

માર્ગ અત્યારે ઝરણાં જેવો લાગે છે. કલકલ કરતું પાણી તેના પર થઈને વહી જાય છે.

પોતે ભીંજાઈ ગયો, પણ કૅમેરા તો બચાવવો જ રહ્યો. રંજને કૅમેરા ઝટપટ બેગમાં મૂકી દીધો.

તેમનાં ભવાં જરા સંકોચાયાં હતાં. હલકી હલકી ઠંડી જેવો ભય લાગતો હતો. એકાએક આવી પડેલ વરસાદમાં વિપત્તિની ગંધ આવે છે. પોતાના ઘરમાં બેસીને બારી ઉઘાડી, આવા વરસાદનું દૃશ્ય જોવું તો પ્રથાસિદ્ધ છે, પરંતુ અજાણ્યા અરણ્યમાં આ દૃશ્ય મનમાં એક આચ્છાદન બિછાવી દે છે.

વિપત્તિ હજુ આવી નહોતી, એટલે ભયને સંતાડવાનો સુયોગ બતાવતાં નથી બંને જણ. બંને જણ એકબીજાની સામે જોઈને મ્લાન હાસ્ય કરી રહ્યાં છે. રંજને એક વાર એવું ના કહ્યું કે, તારે કારણે જ આ ફસાયાં. તે પુરુષ છે. તે આવી વિપત્તિમાં ઢાલ બની ઊભો રહેશે.

ભાસ્વતીના ખભા પર હાથ મૂકીને રંજન તેની પાસે ખેંચે છે. ભાસ્વતી પોતાનું શરીર રંજનના શરીર સાથે એક કરી દે છે. આશ્વસ્ત કરવા માટે રંજન ભાસ્વતીને ચુંબન કરે છે. ચુંબનની ક્ષણોમાં વરસાદ અને આંધીનો અવાજ ભૂંસાઈ જાય છે. તે એક દીર્ઘ ચુંબન હતું. તે પછી જરા અલગ થઈ એકબીજાની આંખમાં ઉજ્જ્વળ દૃષ્ટિથી તાકી રહે છે. ભાસ્વતીના ચુમ્બિત હોઠ તે ક્ષણે જ ધોવાઈ જાય છે તે પાણીથી. તે ક્ષણે ગડગડાટ કરતી ભારે મેઘગર્જના થાય છે.

રંજને કહ્યું, 'ઝાડ નીચે ઊભા રહેવું બરાબર નથી.'

રંજન આમતેમ જોવા લાગ્યો : ઝાડ નીચેથી બીજે ક્યાં જઈ ઊભા રહેવાય તેમ છે.

આંધીની શરૂઆતમાં જ ઝાડ પરથી અસંખ્ય સૂકાં પાંદડાં ખરી પડ્યાં હતાં. હવે ટપ્ ટપ્ કરતાં કેટલાંક પડે છે, પાંદડાં અને સૂકી ડાળીઓ, ક્યાંક એક ઝાડની ડાળીનો કડડડ થવાનો અવાજ સંભળાય છે. કોઈ પણ ક્ષણે ઝાડ પડવાની સંભાવના છે અથવા કટકો પડવાની.

ભાસ્વતીના પગ પાસે જ કશુંક જીવંત આવીને પડ્યું. એક પોપટનું બચ્ચું હતું. ભાસ્વતીએ તેને ઊંચકી લીધું. હજી બરાબર પાંખો ફૂટી નહોતી. ઊભેલાં રૂવાંવાળું પંખી બે ચાર વાર ધક્ ધક્ કરીને મરી ગયું. ભાસ્વતી આ મોતનો વિશ્વાસ કરી શકતી નહોતી. આ જાણે તેની હથેળીમાં જ એક મોત થઈ ગયું? એક પ્રાણ તેના હાથમાંથી ક્યાં ચાલ્યો ગયો? એવી કશી ખબરે હતી કે આજે આ ક્ષણે ભાસ્વતી આ ઝાડની નીચે ઊભી રહેશે – અને પંખી મરવા માટે જ તેની હથેળીમાં આવશે? આનું નામ જ નિયતિ.

રંજન પંખીને પોતાના હાથમાં લઈને બોલ્યો, 'અરે, મરી ગયું છે!'

રંજને તેને ફેંકી દીધું. રસ્તામાં જલપ્રાવહમાં પડીને તણાતું તણાતું ચાલ્યું ગયું મરેલું પંખી.

પરંતુ આ સામન્ય ઘટનાથી ભાસ્વતી જરા વિચલિત બની ગઈ. આ પ્રથમ આંધી અને વરસાદ તેને પોતાના અભિશાપ જેવી લાગી. તેને થયું કે પોતાનો  હાથ જાણે કબરખાનું છે! પોતાનો હાથ ધોઈ નાખ્યો, વરસાદના પાણીથી.

રંજને ભાસ્વતીનો તે જ હાથ પકડીને કહ્યું, ચાલો, અહીં ઊભા નહિ રહેવાય.

દોડીને પેલા પથ્થરના ચોતરા જેવી જગ્યા પર શરીર સંકોડીને ઊભાં ંરહ્યાં. અહીં તો વધારે ભીંજાવાતું હતું, પણ માથા પર ઝાડ પડવાની કોઈ સંભાવના નહોતી.

વરસાદ જરાયે ઓછો થતો નહોતો. અહીંથી દૂર દૂર સુધી વરસાદનું જોર જોઈ શકાતું હતું.

ભાસ્વતીએ ક્ષીણ અવાજે કહ્યું, આપણે પહાડ પર ન ચઢી શકીએ. તેમ જાણે એક પછી એક વિઘ્ન આવે છે લોકો આ જ કારણે આપણને અહીં આવતાં રોકતા હતા. આવી વિપત્તિમાં પણ રંજન પોતાનો વિશ્વાસ હારતો નથી. તે કહે છે, એ બધા ખોટા વહેમ. આંધી વરસાદ તો કોઈ પણ સમયે આવી શકે.

– આ મરેલું પંખી?

રંજને ફરીને એક વાર ભાસ્વતીને ગાલે ટપલી મારીને કહ્યું, આ બધું શું કહે છે?

ભલે ગમે તે થાય. આપણે પેલા પહાડ પર ચઢીશું જ.

રંજને કહ્યું, ચોક્કસ ચઢીશું જ. પણ આજ તો લાગે છે કે પાછા જ જવું પડશે. સાડાચાર વાગી ગયા. વધારે મોડું કરતાં પાછા ફરવાનો ઉપાય નહિ રહે. કાલે કદાચ અવાશે.

ભાસ્વતીએ તીવ્રતાથી પ્રશ્ન કર્યો, કાલે ચોક્કસ આવશો?

– કેમ નહીં આવીએ? આ વેળા વોટરપ્રૂફ લાવ્યા નથી, એ તો મુશ્કેલી છે.

પહેલાં ચમકતા દમકતા આ અરણ્યમાં પ્રવેશ કરતાં જરૂર પડ્યે અહીં જ રાત્રિવાસ કરવાની એક રોમેન્ટિક ઇચ્છા હતી ભાસ્વતીની. પરંતુ હવે આ વરસાદ અને જળ-કાદવથી તે ઇચ્છા વિલીન થઈ ગઈ છે. તો યે કાલે તો ફરી આવવું જ પડશે. એક વાર આ પહાડ પર ચઢવાનું નક્કી કર્યું છે. તો પોતે ચઢશે જ.

વરસાદ થંભે એવું ચિહ્ન દેખાતું નહોતું. વરસાદના અવાજ સાથે કેટલાંક દેડકાં ગળું મેળવી રહ્યાં હતાં. તે દેખાતાં નહોતાં. જે પથ્થર પે તેઓ ઊભા હતાં, તેના એક ખૂણામાં એક કરોળિયાએ એવી કુશળતાથી જાળ ગૂંથી હતી કે ત્યાં જરાયે પાણી લાગતું નહોતું. કરોળિયાનો રંગ કાળો હતો. તેના પેટનો આકાર અધેલી જેવો હતો. ભાસ્વતીને કરોળિયો જોતાં જ ચીતરી ચઢે છે. ખોબો કરી, તેમાં પાણી ભરી પેલી જાળ પર છાંટવા લાગી. કરોળિયો જરાયે હાલ્યો નહિ. મુકતા-બિન્દુઓની જેમ જલકણો તેની જાળ પર ઝૂલવા લાગ્યાં.

રંજન તે ક્ષણે જ પાછા ફરવાનો રસ્તો પકડવા માગતો હતો, પણ એક વાર પ્રયત્ન કરીને જોયું તો એને લાગ્યું કે વરસાદ ના થંભે તો એ પહાડી રસ્તાની નીચે ઊતરવું જોખમભર્યું છે. પગ લપસી પડવાની સંભાવના હતી.

– આવી રીતના એક વાર વરસાદમાં ભીંજાઈ ગયો હતો, આસામમાં – હાફ્લાંગે.

– ક્યારે?

– લગ્ન પહેલાં પેલા વરુણની સાથે ગયો હતો.

– તે તો જાણીતી જગ્યા છે. અનેક લોકો હોય છે.

– છેવટે દોડતાં દોડતાં મેં અને વરુણે એક પ્રોફેસરના ઘરમાં આશરો લીધો હતો.

ભાસ્વતી જરા અન્યમનસ્ક ભાવે બોલી, મને કોઈ દિવસ વરસાદમાં ભીંજાવાનું ખરાબ લાગતું નથી. આજે ખરાબ લાગે છે.

રંજન પણ બેએક મિનિટ માટે અન્યમનસ્ક બની ગયો. પહેલાંની વરસાદમાં ભીંજાયાની વાત તે યાદ કરતો હતો.

પાણીમાં એકાદ-બે પાતળી વસ્તુઓ હલનચલન કરતી હતી. તે પર નજર પડતાં ભાસ્વતી બોલી, 'પેલું શું છે?'

બરાબર જોઈને રંજન બોલ્યો : 'જળો લાગે છે.'

એકદમ શરીર સંકોચી લઈને ભાસ્વતી રંજનની અડોઅડ ઊભી રહી ગઈ. અહીં જ રાત વિતાવવી પડશે, બીજું શું? બીજું વળી શું થશે તે કોણ જાણે?

બરાબર દોઢ કલાક પછી વરસાદ થંભ્યો એકાએક જેમ શરૂ થયો હતો, તેમ એકાએક બંધ થઈ ગયો, જ્યારે લાગતો હતો અન્તહીન. વરસાદ બંધ થતાં ફરી ખડમાંકડીઓ ઊડવા લાગી. આ આંધી પાણીમાં તે ક્યાં હતી કોણ જાણે? જંગલનું ચરિત્ર સમજી શકાતું નથી.

રંજન એની બૂટની દોરી ખોલીને પગમાંથી મોજાં કાઢવા લાગ્યો. ભીનાં મોજાં પહેરીને ચાલવા જેવું નુકસાનકારક બીજું નથી. ભીના કામળા કરતાંય ખરાબ લાગે છે. ભાસ્વતીએ તેની સાડી અને ચણિયાનો એક છેડો નીચોવીને કેટલુંક પાણી નિતારી નાખ્યું. તેઓ એટલાં ભીંજાઈ ગયાં હતાં કે માથું કે શરીર લૂછવાનો કોઈ અર્થ જ નહોતો.

# ૩

પાછાં વળવા માટે તેઓ જેવાં તૈયાર થયાં કે એટલામાં સંભળાયો એક માણસનો કંઠ. એકાદ ગીતના જવો અવાજ. શબ્દો સમજાતા નથી, માત્ર સૂર, કંઠ-સ્વર ખૂબ સૂરીલો ન હતો. અગાયકો પણ પોતાની રીતે એકલા જે રીતે ગાતા હોય છે, તેવો સૂર હતો.

બંનેએ એકબીજાની સામે જોયું, કશું બોલ્યાં નહિ. રંજન એક હાથ પોતાની છાતી પર રાખીને શાંત બનીને ઊભો હતો.

સૂર સંભળાયો હતો પહાડ ઉપરથી, પણ પાસે ને પાસે આવતો જતો હતો, થોડી વારમાં એક મોટા પથ્થરની આડશેથી નીકળી આવી એક મનુષ્ય આકૃતિ.

આ માણસના શરીર પર ભારે રેઈનકોટ હતો, પગમાં રબરનાં ગમબૂટ હતાં, માથા પર ટોપી કપાળ સુધી ઢાંકતી. તેના હાથમાં એક લાંબી લોખંડની વસ્તુ હતી. જોતાં લાગે એક મોટી સાઈઝનો ચીપિયો. તેના વડે ઝાળાંઝાંખરાં પર પ્રહાર કરતો કરતો તે ચાલ્યો આવતો હતો અને એકલો એકલો પોતે ગાતો હતો. શબ્દો ન સમજાવા છતાં ગીતનો સૂર આ વેળા ભાસ્વતી પકડી શકી. આ પરિવેશમાં આ રીતનું ગાન સાંભળવાનો ખ્યાલ જ ન કરી શકાય :

**જે દિન સુનીલ જલધિ હઈતે ઉઠિલ જનની ભારતવર્ષ,**
**સે દિન વિશ્વે સે કિ કલરવ, સે કિ મા ભક્તિ, સે કિ મા હર્ષ**

માણસ બંગાળી જાણે છે.

પેલા માણસે પહેલાં તો આ બંનેને જોયાં નહિ. એકાએક આંખ ઊંચકીને જોયું. બોલ્યા વિના જ એમની પાસે આવ્યો. આપાદમસ્તક સારી રીતે જોયું. ગંભીર ભાવથી ભાસ્વતીની દિશામાં જ વધારે વાર તે જોઈ રહ્યો, એ કહેવાની જરૂર નથી.

આ માણસ જાણે આ અરણ્ય અને પર્વતનો અધિપતિ ન હોય! તેની ભાવ-ભંગિ જોઈને તો એવું લાગતું હતું – તેના રાજ્યની સીમામાં આગંતુક આવ્યા છે એટલે જરા કડકાઈથી જુએ છે.

ગંભીર અવાજે પ્રશ્ન કર્યો, બંગાળી?

રંજને જવાબ આપ્યો, હા.

– પાછા જાઓ છો?

– એ જ વિચારીએ છીએ.

બોલતી વખતે પેલો માણસ હાથનો ચીપિયો જમીન પર પછાડતો હતો. માટી ભેદી પથ્થર પર લાગી અવાજ થતો હતો – ઠન્ ઠન્ ઠન્...

રંજનના મોઢા સામે જઈને બોલ્યો, વર્ષનો આ સમય જ બહુ ખરાબ હોય છે.

ભાસ્વતીના મોઢા તરફ જોઈને બોલ્યો, તમે પહાડ ઉપરના મંદિરે જ જવા માગતાં હતાં ને?

ભાસ્વતીને બદલે રંજને જ જવાબ આપ્યો, વિચાર તો એવો જ હતો, પણ આજે હવે નહિ જવાય એવું લાગે છે.

પેલો માણસ હસ્યો. જાણે કોઈ પુરાણી મજાની વાત તેને યાદ ન આવી હોય! વરસાદ થંભી જવા છતાંય આકાશનો રંગ મલિન હતો, ફરી કોઈ પણ ક્ષણે વરસાદ શરૂ થઈ શકવાની સંભાવના હતી. આમ થાય કે ન થાય પણ એટલું તો ચોક્કસ હતું કે આજ હવે સાંજે અજવાળું થશે નહિ, અત્યારથી જ જાણે સાંજ શરૂ થઈ ગઈ.

માથા પરથી ટોપી ઉતારતાં જ દેખાઈ આવ્યું કે માણસની ઉંમર વધારે નથી. છોકરો જ કહેવાય. ત્રીસ કરતાં વધારે ઉંમર નહિ હોય.માથે ગુચ્છાદાર વાંકડિયા વાળ, અસ્તવ્યસ્ત ઊંચું નાક, તડકે બળીને તાંબા જેવો થયેલો શરીરનો રંગ, તીણી આંખો, ગળાનો અવાજ ભરેલો, વાત કહેવાની રીત પણ વજનદાર.

– તમે લોકો ક્યાંથી આવો છો?

રંજને કહ્યું, કલકત્તાથી.

પેલો માણસ ફરીથી હસ્યો. જ્યારે ત્યારે હસી પડવાની એને ટેવ હતી એવું લાગતું હતું. અથવા મોઢેથી એક વાત કહેતાં કહેતાં મનમાં બીજી વાત યાદ આવ્યા કરે છે. બોલ્યો, કલકત્તા તો બહુ દૂર છે. અહીં હમણા ક્યાંથી આવો છો?

રંજને ડાકબંગલાનું નામ આપ્યું. પેલો માણસ આ વખતે ચિંતિત દેખાયો, ટોપી ભરાવી દીધી, માટીમાં ખોસેલા ચીપિયા પર.

ભાસ્વતી પહેલી વાર બોલી. પેલા મણાસને ઉદ્દેશીને પ્રશ્ન કર્યો, તમે ક્યાં રહો છો? આટલામાં જ?

પેલો માણસ જાણે ચમકી ઊઠ્યો, ભાસ્વતીના ગળાનો અવાજ સાંભળીને ભાસ્વતીના મોઢા અને ભીના શરીર તરફ જોઈને ધીરે ધીરે બોલ્યો, આ પહાડ જ મારું ઘર છે.

રંજન અને ભાસ્વતી બંને જણાં અવાક્ ઊભાં. આ પહાડ જ એનું ઘર એનો શો અર્થ? ઉપરના મંદિરમાં રહે છે? પુરોહિત છે? હાથમાંનો ચીપિયો જોઈને સંન્યાસી હોય એવી ધારણા બાંધી શકાય છે. પરંતુ પેન્ટ-શર્ટ, ગમબૂટ, રેઈનકોટ, ટોપી પહેરેલો સંન્યાસી હોય? પહાડ પર જે બીજા રહે છે તે તો પહાડી. આને શું કહેવું?

પેલા માણસે ખિસ્સામાંથી સિગારેટ બહાર કાઢી તે મોઢે લીધી, કોણ જાણે શું વિચારીને પોતે મોઢે ધર્યા પછી રંજન તરફ પાકીટ ધરીને બોલ્યો : ‘લેશો?’

રંજનના ખિસ્સાની સિગારેટો પાણીમાં ભીંજાઈને નકામી બની ગઈ હતી. સિગારેટ મળતાં તે પેલા માણસનો કૃતજ્ઞ બન્યો. બોલ્યો, આભાર. સાડા સાત વાગતામાં તો અમારે બસ પકડવી પડશે.

– તે પહેલાં નદી પાર કરવી પડશે.

– હા, અચ્છા તો અમે જઈએ છીએ.

– ક્યાં જશો?

– નદી તરફ.

ચામડાની બેગ ઉપાડી લઈને રંજને ભાસ્વતીને કહ્યું, ચાલ.

પેલા માણસે હાથ ઊંચો કરીને કહ્યું, તમારાથી આજે જવાશે નહિ. ભાસ્વતીએ રંજન સામે જોયું. રંજને પૂછ્યું – કેમ?

– એ નદી પાર કરી શકાશે નહિ.

– આવતી વખતે તો અમે પાર કરીને આવ્યાં છીએ.

પેલો માણસ આ વખતે ખડખડાટ હસ્યો, તે નિર્જન પહાડી જંગલમાં તે હાસ્યનો પડઘો સંભળાયો હતો. તેના ભર્યા ગળાનું હાસ્ય ભારે અવાજ કરતું હતું. પોતાના હાસ્યનો બરાબર ઉપભોગ કરીને તે માણસે કહ્યું, આવવાની અને જવાની વાત શું એક જ છે? બધી વેળા, આવ્યા એટલે જવાય જ એવું ખરું?

રંજન સીધી વાતનો માણસ છે. આ પ્રમાણે બેવડા અર્થમાં વાત કરવાની રીતની તેને નફરત છે, કારણ વિના વાત વધારીને અનેક લોકોને આયુ-ક્ષય કરવાનું ગમે છે. પેલા માણસની વાતનો કશો જવાબ આપ્યા વિના તેણે ભાસ્વતીને કહ્યું, ચાલ હવે નીકળી પડીએ.

ભાસ્વતી પેલા માણસ પાસેથી વિદાય લેવા માટે ભદ્રતાસૂચક ભાવે બોલી, અમે કાલે કે પરમ દિવસે ફરીથી આવીશું.

રંજન બોલ્યો, નક્કી ન કહેવાય સુયોગ, સુવિધા મળે તો –

પેલા માણસે કહ્યું, કાલની વાત કાલે. અત્યારે આજની વાત વિચારો. આજે પાછા જશો કેવી રીતે? કાંઈ અવાજ જેવું સંભાળાય છે? જરા શાંત રહી સાંભળો.

જરા ઉત્કર્ણ થઈને સાંભળતાં ખરેખર એક અવાજ સંભળાતો હતો. – પાણીનો અવાજ.

ભાસ્વતી બોલી, આ બાજુ આટલામાં ક્યાંય ધોધ છે?

– નદીનો અવાજ છે. આવતી વખતે આવો અવાજ સાંભળ્યો હતો?

ના. આવતી વખતે અવશ્ય આવો અવાજ નહોતો સાંભળ્યો. નાની પહાડી નદીનો પ્રવાહ છે ખરો, પણ આ પ્રમાણેનો અવાજ ઊઠવાનો પ્રશ્ન જ નહોતો.

– આ બધી પહાડી નદીઓ વરસાદ પછી ભયંકર બની જાય છે.

કોઈ નદીનો ક્યારેય વિશ્વાસ કરી શકાતો નથી. હવે તો નદીને જોતાં ઓળખી પણ નહિ શકો. અત્યારે તે નદીને પાર કરવાનો સવાલ જ રહેતો નથી.

પાણીથી બીતો નથી રંજન. પાણી ગમે તેટલું કેમ ન વધતું હોય, તેને તો કોઈ વાંધો નહોતો. ભાસ્વતીને તરતાં આવડતું નથી – તે વાત ત્યારે તેના મનમાં જ નહોતી આવી. તે જરાક અવજ્ઞાના સૂરમાં બોલ્યો, પાણી ભલે વધે, પણ પાર કેમ ન જવાય? લોકો કેવી રીતે પાર કરે છે?

– લોકો પાર જતા નથી.

– એટલે?

– અત્યારે બેત્રણ દિવસ સુધી કોઈ પાર જઈ શકે નહિ. આ બધી નદીઓમાં હોડી પણ ચાલતી નથી.

રંજન બીજું કહેવા જતો હતો, પણ તેને અટકાવીને પેલા માણસે કહ્યું, તરવાનું આવડતું હોય તેથી પણ કોઈ લાભ નથી. એટલો ભયંકર ખેંચાણવાળો પ્રવાહ છે કે આ દિશામાંથી ઊતરી પેલી દિશાએ બેત્રણ માઈલ જતાં પહોંચાશે – અને તેની વચ્ચે પથ્થરનો ઘા વાગતાં માથું ના ફૂટે તો?

– જઈને જોઈએ.

રંજન પેલા માણસ કરતાં ઉંમરમાં મોટો છે એ વાત તેની ભાવભંગિમાં દેખાતી નહોતી. બધી વખત જાણે કોઈ ઊંચે સ્થાનેથી જ વાત કરતો હતો, આ વખતે કોઈ નાના બાળકને સમજાવતો હોય તેમ નરમ અવાજે બોલ્યો, હું અહીં ઘણા દિવસથી રહું છું. મને ખબર છે. તે સિવાય તમે એ નદીનું નામ જાણો છો?

હોટલના માલિકે નામ બતાવ્યું હતું, પણ બરાબર યાદ નથી. કશુંક બૈતાર કે એવું હતું. પણ નામ આપવાથી શું?

– નદીનું નામ જાણી રાખવું હંમેશા જરૂરી હોય છે.

– શા માટે?

– અહીંના લોકો આ નદીને 'બૈતારા' કહે છે. તેઓ અસલ નામ ભૂલી ગયાં છે. નદીનું અસલ નામ છે વૈતરણી. વૈતરણી એક વાર પાર

કરીને આવ્યા પછી ફરી શું પાછા જવાય?

પોતાના વિનોદથી પેલો માણસ ફરી વાર જરા હસ્યો. ભાસ્વતીના હોઠ પર પણ જરા સ્મિતરેખા ફરકી ગઈ. આ વિચિત્ર લાગતો માણસ તેને ખરાબ નહોતો લાગતો. સામાન્ય રીતે તેને અજાણ્યા માણસો ગમતા નથી. મોટા ભાગના લોકોની કથાવાર્તા પોટલામાં રહી રહીને સડી ગયેલી વસ્તુઓ જેવી સાધારણ હોય છે! વૈતરણી નદી? ખરેખર આ જ નામ છે કે પછી આ માણસે પોતે જ ગોઠવી કાઢ્યું છે?

– તમે કોણ છો?

– હું વૈતરણી આ પારનો માણસ હોવા છતાં હું એક સામાન્ય માણસ છું.

ભાસ્વતીએ પ્રશ્ન કર્યો, તમે અહીં રહો છો એવું કહો છો, તો અહીં તમે શું કરો છો?

પેલા માણસે ટૂંકો જવાબ દીધો, ધંધો કરું છું.

તે પછી એ વાતને વધારે લંબાવ્યા વિના આકસ્મિક રીતે બોલ્યો, પાછલા સાડા ચાર મહિનાથી અહીં તમારા જેવી મહિલાના કંઠનો અવાજ સાંભળવા મળ્યો નથી. જુઓને, ઝાડપાન, પથ્થર સુધ્ધાં કેટલા ધ્યાનથી સાંભળે છે તમારા શબ્દો!

ભાસ્વતીએ ઝાડપાન અને પથ્થરો તરફ જોયું. જાણે એ તેમનાં પ્રશંસકો ના હોય! તેને ગમ્યું.

રંજનથી રહેવાતું નહોતું. આલતુ-ફાલતુ વાતો કરી સમય બગાડવાનું તેને પસંદ નથી. પેલા માણસ પાસેથી બીજી થોડી માહિતી મેળવવા માટે બોલ્યો, નદી પાર ન થઈ શકે તેમ હોય તો, આ બાજુ ક્યાંય રહેવાની જગ્યા છે?

– તપાસ કર્યા વિના આવવામાં તમે ભૂલ કરી છે. વર્ષાઋતુમાં કોઈ જાણીબૂઝીને આ બાજુ આવતું નથી.

– ઘણાએ અમને આવવાની ના પાડી હતી.

– તમે એમની વાત ના માની? અભણ ગામડિયાની વાત પર વિશ્વાસ થઈ શકતો નથી, પણ તેઓ જ પ્રકૃતિની વાત વધારે જાણતા હોય છે.

રંજને કહ્યું, એક નાનકડી નદી પાર કરવી તે કંઈ મુશ્કેલ વાત નથી.

પેલાએ કહ્યું, આ ખાસ નદી પાર કરવી ખૂબ મુશ્કેલ છે.

ભાસ્વતી જરા ગુસ્સે થઈ બોલી, એટલે શું વરસાદ પડે તો લોકો આવ-જા કરતાં જ નથી? કોઈ વ્યવસ્થા જ નથી?

– ભારત વર્ષની કેટલી નદીઓ પર બ્રિજ છે?

– બ્રિજ ભલે ના હોય, હોડીઓથી આ પાર તે પાર જવાની વ્યવસ્થા ના હોય?

– એવી વ્યવસ્થા અનેક સ્થળે નથી હોતી. તે સિવાય આ પહાડની વાત જુદી છે. સ્થાનિક લોકો અહીં ઇચ્છા કરીને પણ આવવા માગતા નથી.

રંજને કહ્યું, નીચે એક બીજો રસ્તો જોયો.

– હા, છ માઈલ પર એક ગામ છે. ત્યાં જઈ શકો. ત્યાં એકેય પાકું મકાન નથી, છતાં  ગામના લોકો ઊતરવા માટે કોક જગ્યા આપશે.

– કેવી રીતે ત્યાં જઈ શકાય?

– ચાલીને. એક જ રસ્તો છે. ભૂલા પડવાનો ભય નથી.

– રાત પડી જાય, પહોંચતાં પહેલાં જ.

– તે પડશે. રાતને કેવી રીતે અટકાવી શકાય?

રાત વેળાએ કોઈ અજાણ્યા ગામમાં જઈને આશ્રય શોધવો તે ડહાપણ ના કહેવાય. સાતે યુવતી સ્ત્રી છે. તે ઉપરાંત, કહે છે તો છ માઈલ, પણ કોણ જાણે કેટલાય માઈલ હશે? આ રીતે ભીંજાયેલા કપડાં સાથે છ માઈલ ચાલવું એ શું મૂર્ખા જેવી વાત ન કહેવાય?

રંજને પ્રશ્ન કર્યો, સતી, તું ચાલી શકીશ છ માઈલ?

નાના છોકરાની જેમ ભાસ્વતીએ પૂછ્યું, છ માઈલ એટલે કેટલું દૂર?

પેલાએ કહ્યું, છ માઈલ એટલે છ માઈલ. અથવા કહો ત્રણ કોષ અથવા લગભગ ૧૦ કિલોમીટર. રંજને એ તરફ જવાની ઇચ્છા એકદમ છોડી દીધી.

ભાસ્વતીએ પૂછ્યું, પહાડ ઉપરના મંદિરમાં કોઈ રહે છે ખરું?

– કોઈ નહિ.

– તો પછી મંદિર કેમ છે?

– એમ જ છે.

– તો તમે ક્યાં રહો છો?

– મંદિરમાં નથી રહેતો.

ભાસ્વતીએ રંજન સામે જોઈને કહ્યું, મંદિર જો ખાલી હોય તો આપણે રાત ત્યાં પસાર ન કરી શકીએ?

ભાસ્વતીના મનમાં ઍડ્વેન્ચરની ઇચ્છા જાગી હતી. બાથરૂમનો પ્રશ્ન મનમાં નહોતો. પણ જળો? આટલે ઊંચે પણ તે આવતી હશે?

રંજને કહ્યું, અહીં જળો કિલબિલ કરે છે.

પેલા માણસે કહ્યું, એ જળો નથી, બીજું જંતુ છે. તો પણ અહીં સાપ ઘણા છે.

સાપનું નામ સાંભળીને બીજી સ્ત્રી ભયથી છળી પડી હોત પણ ભાસ્વતીના મનમાં થયું કે પહાડી અરણ્યમાં સાપ હોય એમાં નવાઈ પામવા જેવું શું? તેને જળો અથવા કરોળિયો જોઈને ચીતરી ચઢે છે, પણ સાપ કે વાઘ વિષે અકારણ ભય સેવતી નહોતી.

– ચાલો આપણે મંદિરની દિશામાં જ જઈએ.

પેલા માણસે કહ્યું આ વખત મંદિર જવું બહુ જ મુશ્કેલ છે. વરસાદ પછી પથરા લપસણા થઈ જાય છે. છેલ્લે જતાં રસ્તો બહુ ખરાબ છે – ઉપર ચઢવાનું પણ ખૂબ કઠણ છે.

ભાસ્વતીએ કહ્યું, ઉપર જવાનું ન હોય તો મંદિર બનાવ્યું કેવી રીતે?

– ચઢાતું નથી, એમ તો કહેતો નથી. ચઢવું કઠણ છે. ખાસ તો સ્ત્રીઓ માટે. જો કે તમે...

રંજને અધવચ્ચે તેમની વાત અટકાવી ને દૃઢતાથી કહ્યું, સતી, ચાલ તો. હું નદી પાર જવાની ગોઠવણ બરાબર કરી શકીશ.

બીજું કશું બોલ્યા વિના રંજને ચાલવા માંડ્યું. ભાસ્વતી પણ સાથે સાથે ચાલી. પેલા માણસને કશું કહ્યું નહોતું, પણ તેય ધીરે ધીરે પાછળ ચાલવા લાગ્યો. ટોપી માથે પહેરી વળી પાછો ચીપિયાથી ઝાડઝાંખરાંને

ખખડાવતો હતો. જાણે તે પોતાને કામે જ જાય છે, તેમની સાથે એક જ રસ્તે.

રંજને એક વખતે ડોક ફેરવીને તેની તરફ જોયું. તેનો કશો બદઇરાદો તો નથી ને? પણ પહાડ પર એક બંગાળી છોકરો એકલો એકલો શા માટે રહેતો હશે? શાનો ધંધો કરતો હશે? એના બોલવા ચાલવામાં એક સલુકાઈનો સ્પર્શ તો છે ખરો.

નદીને જોતાં જ ખરેખર ઓળખી શકાય તેવી નહોતી. બાલિકા વયની છબિ જોયા પછી એકાદ યુવતીને ઓળખવી જેમ મુશ્કેલ હોય છે, ખળખળ છલછલ કરતાં પાણી વહી રહ્યાં છે. બંને કિનારા ઘણા ડૂબી ગયા છે, અંધકાર ઊતરી આવ્યો છે, ત્યાં બીજાં જળપ્રાણીનું કોઈ ચિહ્ન નથી. માત્ર એક ક્ષીણ યાંત્રિક અવાજ સંભળાય છે, સામે કિનારે દૂરના રસ્તા પર કોઈ ગાડી જાય છે. આ નદી પાર કરતાં જ નિશ્ચિત સહીસલામત આશ્રયે પહોંચી જવાશે.

ભાસ્વતીએ રંજનનો હાથ પકડી રાખ્યો હતો – નદીને બદલે એક વાર તેણે આકાશ ભણી જોયું. અસ્ત પામતા સૂરજે એક વાર છેલ્લી વારનાં લાલ કિરણો વાદળ ચીરીને મોકલ્યાં હતાં. એવું લાગતું હતું કે આ પહાડ અને નદી-પ્રકૃતિમય મંચની ઉપર પ્રકાશ પથરાયો છે. એના પછી રાત્રિનું દૃશ્ય.

રંજને કહ્યું, જો તું મને બરાબર સખત રીતે પકડી રાખી શકે તો હું બરાબર તરતો તરતો સામે કિનારે નીકળી જઈશ. તું રિસ્ક લેવા માટે તૈયાર છે?

ભાસ્વતી ચૂપ ઊભી રહી. તે પોતે જ જક્કી સ્વભાવની સ્ત્રી છે. કેટલીય વાર રંજનને અનિશ્ચિત સંજોગોમાં જવાને બાધ્ય કર્યો છે. તેને બીક લાગતી નથી, પણ તેને તરતાં આવડતું નથી, એટલે પાણીનો ભય તેનામાંથી કોઈ રીતે જઈ શકે તેમ નહોતો. તેના રક્ત માંસ અને ચામડીની જેમ જ આ ભય વાસ્તવિક હતો. આ ભયની પાસે બધા સરખા હોય છે. અત્યંત પ્રિયજનની સાંત્વના પણ મનને શાંત કરી શકતી નથી.

પેલો માણસ જરા દૂર ઊભો હતો. તેના હોઠ પર હળવું હાસ્ય હતું.

તેણે એક ઝાડની ડાળી ભાંગી. નદીની પાસે જઈ પેલી ડાળી પાંદડાં સમેત ખૂબ જોરથી પાણીમાં નાખી.

ક્ષણમાં જનદીએ કોઈ જીવન્ત પ્રાણીની જેમ ડાળીઓ કોળિયો કરી લીધો. બીજી જ ક્ષણે જરા દૂર જઈને તે તણાતી હતી – ઝપાઝપી કરી લડાઈ કરી. જાણે તે જીવવા ન મથતી હોય! તે પછી તે દેખાઈ નહિ. ભાસ્વતી આ વખતે ખરેખર ધ્રૂજી ઊઠી.

પેલાએ ઝાડની ડાળી એ લોકોને જોવા માટે જ પાણીમાં નાખી હતી, પણ તે કશું બોલ્યો નહિ. રંજને પણ ડાળીનું ભવિષ્ય જોયું, પણ એનામાં એક ચેલેન્જની વૃત્તિ હતી એટલે તેનું મોં સખ્ત બન્યું.

રંજને હાથમાંની બેગ નીચે મૂકી, પહેરણ કાઢી નાંખ્યું. કમર પરથી રિવોલ્વર સાથે પટ્ટો છોડી ભાસ્વતીના હાથમાં મૂક્યો, પેન્ટ કાઢતાં પણ દ્વિધાકરો નહિ – નીચે જાંગિયો પહેરેલો હતો. રંજનના સુગઠિત સ્વાસ્થમાં એક દુઃસાહસ છે. આ જીવંત નદી પાસે આવો માણસ શોભે.

– ઊભી રહે, હું જરા જોઉં.

રંજન એક એક ડગ મૂકતો નદીમાં ઊતર્યો. પ્રવાહ અગાઉ કરતાં વધારે હતો. જ્યાં પગનો પંજો ડૂબે એટલું પાણી હતું, ત્યાં અત્યારે ઢીંચણ ડૂબી જાય છે – તોયે એને બહુ ભયંકર ન લાગ્યું, પરંતુ રંજન જ્યારે કમરબૂડ પાણીમાં ગયો ત્યારે એવો તો સખત પ્રવાહનો ધક્કો લગ્યો કે તે પછાડ ખાઈને પડી ગયો. તે પછી તો પેલી ડાળી જેવી એની સ્થિતિ હતી. રંજનને તરવાનો અવસર પણ મળ્યો નહિ.

– ભાસ્વતી ચીસ પાડી ઊઠી, 'અરે –!'

બીજો કોઈ શબ્દ તેના ગળામાંથી ના નીકળી શક્યો. તેને થયું, રંજનનું આ છેલ્લું દર્શન હતું. રંજન હવે પાછો નહિ આવે. આ ક્ષણથી જ તે વિધવા. હવે તે શું કરશે?

પેલો માણસ તેજ કદમોથી દોડતો દોડતો નદીને કિનારે કિનારેથી સામી બાજુએ સર્યો. એક જગ્યાએ એક મોટો પથ્થર પડ્યો હતો. પાણીની વચ્ચે પેલા માણસે તેના પર કૂદકો માર્યો અને પોતાના હાથમાંનો ચીપિયો લંબાવ્યો, ધમકીના સ્વરે બોલ્યો, શું કરો છો આ? ગાંડાની

જેમ....

પ્રયત્ન કરવા છતાંય રંજન પાસે આવી શકતો નહોતો. મોજાં તેને ઊલટોસૂલટો કરી દેતાં હતાં, પાણી બહાર માથું ઊંચકવાની શક્તિ જ નહોતી. પેલા માણસે એકદમ જોખમભરી રીતે નમીને રંજનના માથા પર લાંબો ચીપિયો ધરી રાખ્યો. બૂમો પાડવા લાગ્યો, 'હાથ ઊંચકો, સામે પથ્થર છે, સાવધાન.'

ચીપિયો પકડી પાડીને રંજન બાહર આવ્યો. ધીરે ધીરે કશુંય બોલ્યા વિના પહેરણ - પેન્ટ પહેરવા લાગ્યો. વિપત્તિ પડવા છતાં રંજનને મોતની બીક લાગી નહોતી. કેટલેક દૂર જઈને પણ તે તરી બહાર નીકળી શકત. ધીરે ધીરે બોલ્યો, 'પ્રવાહનો વેગ ઘણો જબરો છે.'

ભાસ્વતીનું મોઢું લાલ થઈ ગયું હતું. મનમાં મનમાં તો તેણે રંજનને મરેલો જ માની લીધો હતો. રંજન પાછો આવતાં તે જાણે પોતાની જાત પાસે અપરાધી બની ગઈ હતી.

યુવક તેમની પાસે આવ્યો. તેણે વિનમ્ર ભાવે કહ્યું, આજ રાત તમે મારા અતિથિ છો, મારું નામ છે પ્રસેનજિત બર્મન.

– મારું નામ છે રંજન સરકાર. મારી પત્ની ભાસ્વતી.

ત્રણે જણે હાથ જોડીને નમસ્કાર કર્યા. તે પછી ત્રણે જણાએ ફરી એક વાર નદી તરફ જોયું. નદીનું ચરિત્ર હંમેશાં દુર્બોધ્ય હોય છે.

## ૪

જ્યાં તેઓ વરસાદ વખતે ઊભાં હતાં, તેની ખૂબ જ નજીકમાં આ માણસનું ઘર હતું. વચ્ચે મોટો પથ્થર આડો હોવાને કારણે પહેલાં તેઓની નજરે નહોતું પડ્યું.

વળતો રસ્તો લાંબો લાગતો હતો. રંજન પેલા માણસ સાથે વાતો કરતો હતો. ભાસ્વતી એકલી એકલી આગળ ચાલતી હતી, વરસાદ

થંભી ગયો હોવા છતાં અહીં તહીં ઝરણાંનો અવાજ સંભળાતો હતો. સંભળાતો હતો કેટલાંક પંખીઓનો અવાજ. આ પહાડ પર પંખીઓની વિશેષ વસતી નહોતી. ફૂલ પણ નજરે પડતાં નથી – તો પણ એક પ્રકારનાં સફેદ ફૂલ વચ્ચે વચ્ચે ઝબકી જતાં, રાત્રે હવે અહીં રહેવાનું જ છે એ અંગે નિશ્ચિત થઈ જવાથી ભાસ્વતીના મનમાં બીજી કોઈ ચિંતા રહી નહોતી – તેના પગની ગતિ અત્યારે ચંચલ હતી.

– તમે અહીં કેટલા વખતથી છો?

– આ પહાડ પર સાડા ચાર મહિના થશે. કામ પૂરું થતાં પછી બીજા પહાડ પર જઈશ.

– તમારું ઘર કલકત્તમાં છે?

– ના, હું ત્રિપુરાનો વતની છું, પણ નાનપણથી જ હું ભોપાલમાં રહ્યો છું

પહાડ પર આ રીતે ઘર બનાવીને રહેવું એ કોઈ અસંભવિત વાત નહોતી – વિદેશમાં યુવાન-યુવતીઓ ઘણી વખત આ રીતે રહેતાં હો છે,

એ રંજને જોયું છે. આ દેશમાં પણ એ રીતે ઘણા રહેતા હશે, કદાચ તેને ખબર નહિ હોય. પણ એકદમ એકલા જ રહેવું એ?

– તમારું કામ ખાસ કેવા પ્રકારનું છે?

– હું સાપ પકડવાનો ધંધો કરું છું.

ઘર તંબુ અને છાપરી વચ્ચેનું હતું. લાકડાની ફ્રેમમાં ત્રણ બાજુએ ટ્રિપલ લગાડી હતી. એક બાજુ પહાડની જ દિવાલ. ઉપર પતરાં. બહુ સહેલાઈથી આખું ઘર ઉપાડીને બીજી જગ્યાએ લઈ જઈ ઊભું કરી શકાય તેવું હતું. ભાસ્વતીએ આવી પહાડી જગ્યા પર ઘર બનાવીને રહેવાની જે કલ્પના કરી હતી તે કલ્પનાના ઘર સાથે આ ઘરનો કોઈ મેળ નહોતો, એ તો બધી જરૂરિયાતોથી સજ્જ અને આધુનિક પ્રકારનું હતું.

અંદર બે ઓરડા હતા. એકમાં બે કેમ્પ-ખાટલા હતા. કેટલીક પરચુરણ ચીજવસ્તુઓ અનેએક રાઇફલ હતી. બાજુના રૂમમાં અનેક પાંજરાં

હતાં.

ઓરડામાં પેસીને પ્રસેનજિતે રેઈનકોટ કાઢી નાખ્યો. તેનો લાંબો પાતળો ચહેરો, જે અત્યાર સુધી ભારે લાગતો હતો, દેખાયો. રેઈનકોટની નીચે એણે ફૂલપેન્ટ અને ગંજી પહેર્યાં હતાં. પહેરણ બહેરણની બલા જ નહોતી રાખી.

– તમારાં તો પહેરણ-કપડાં બધું ભીંજાઈ ગયું છે, સાથે બીજાં કપડાં છે?

રાત કાઢવાની તો કોઈ કલ્પના જ નહોતી. તેથી સાથે કશું લાવ્યાં જ નહોતાં. તે ઉપરાંત ભાસ્વતીનો સ્વભાવ ફક્કડ હતો. ભવિષ્ય સંબંધે ખ્યાલ-ચિંતા કરવાનું તેના હાડમાં જ નહોતું.

– ભીનાં કપડાં પહેરીને તો નહિ રહી શકો પણ મુશ્કેલી એક છે કે મારી પાસે ધોતીબોતી છે નહિ. કેટલાક પાયજામા જરૂર છે. તે પહેરીને પહેરણ વગેરે કાઢી સૂકવી દો. કાલે સુકાઈ જશે.

– રહેવા દો. એની કશી જરૂર નથી.

પ્રસેનજિતે એક બિછાના નીચેથી બે પાયજામા અને બે ગંજી બહાર કાઢી રંજનના હાથમાં આપી કહ્યું, ઈસ્ત્રી કરેલાં નથી, પણ ધોયેલાં તો છે જ. એટલે પહેરવામાં કશો વાંધો નથી.

– તમને ઘણી અગવડમાં મૂક્યાં.

પ્રસેનજિત વારાફરતી બંને સામે જોઈને હસ્યો. તે પછી ઓરડામાંથી બહાર ચાલ્યો ગયો.

પ્રસેનજિતના ઓરડામાંથી નીકળ્યા પછી એકાદ ક્ષણ તો બંને ચૂપચાપ ઊભાં રહ્યાં. ભીના શરીરે જરા જરા ધ્રૂજતાં હતાં. એકબીજાને આટલા પરિચિત છતાં બે જણને બેએક પળ તો કશી વાત જ ન સૂઝી આંખો ફેરવી લીધી.

રંજન અફસોસ કરતો બોલ્યો, બીજાં કપડાં વગેરે લીધા વગર નીકળવામાં મોટી ભૂલ કરી છે.

ભાસ્વતીને ખબર છે કે રંજનને બીજા કોઈનાં કપડાં પહેરવાનું

જરાયે પસંદ નથી. દિલ્હીમાં એક ડાઇંગ ક્લિનિંગમાંથી એક વખતે તેનું પહેરણ બદલાઈ ગયુંહતું. તેના પોતાના પહેરણ કરતાં બદલાયેલું પહેરણ સારું હતું સાઇઝ પણ એક જ હતી. જલદી જલદી દિલ્હીથી આવવાનું થતાં પહેરણ બદલાવી શકાયું નહિ – પણ રંજને કોઈ દિવસ તે પહેર્યું નહિ. નોકરને આપી દીધું. રંજનને નિરુપાયે આ પોશાક પહેરવો પડશે તો હવે પછી તેનો મૂડ બગડતો જશે. તેમ છતાં બીજો કોઈ ઉપાય નહોતો.

ભાસ્વતી જરા હળવાશ લાવવા હસી અને બોલી, હું શું આ પાયજામો પહેરીશ?

– ભીની સાડી પહેરીને તો આખી રાત રહી શકશે નહિ.

– તમે ભીનાં કપડાં નહિ બદલો તો હું પણ નહિ બદલું.

ઓરડાને એક બારણું હતું. બારણું ખુલ્લું હતું. રંજને તે બંધ કર્યું. પેન્ટ, શર્ટ, ગંજી, જાંગિયો કાઢી નાખીને પેલો પાયજામો અને ગંજી બોલ્યા વિના પહેરી લીધાં. ચુપચાપ ઊભાં રહી એ દૃશ્ય જોયા પછી ભાસ્વતીએ સાડી કાઢી નાખી. સિલ્કની સાડી પાણીમાં ભીંજાઈને ઘણી ભારે થઈ ગઈ હતી. સૂકવતાં જલદી વારમાં સુકાઈ જાય છે. બ્લાઉઝ કાઢી નાખ્યો. કાળા ચણિયા અને કાળી બ્રામાં તેનું ગોરું શરીર મોહક બની ઊઠ્યું. જાણે તે પ્રાચીન મંદિરની કોઈ દેવદાસી!

ઓરડામાં ઓછો અંધકાર હતો. ભાસ્વતી રંજન પાસે આવી. તેના બંને ખભા પર હાથ રાખીને બોલી, 'તમે ગુસ્સે થયા છો?'

– વી બીહેવ્ડ એઝ ફૂલ્સ. કંઈ જાણ્યા-કર્યા વિના આ રીતે આવવું આપણે માટે બરાબર નહોતું.

ભાસ્વતીએ રંજનની ચિબુકને પકડી, બચકું ભરીને બોલી, હવે ચિંતા કર્યે શું વળવાનું છે? એક રહેવાની તો જગ્યા મળી ગઈ છે.

– અજાણ્યા માણસ પાસે રહેવાનું પસંદ નથી.

– કેટલીયે અજાણી જગ્યાએ આપણે રહ્યાં તો છીએ.

– ત્યાં આપણે રહીએ છીએ પૈસા આપી, હુકમ કરીએ છીએ. તે

બાબત અને આ બાબત શું એક છે?

ભાસ્વતીએ ઉદાસ સ્વરે કહ્યું, તમે હવેથી બધો વખત મારા ઉપર ગુસ્સો કરતા રહેશો એવું લાગે છે.

– ગુસ્સો શા માટે કરીશ?

– કરો તો છો!

રંજને ભાસ્વતીને આલિંગન આપીને કહ્યું, તેં વાત જરાયે કાને નહોતી ધરી. એમ જ આવવાની હઠ કરી હતી.

– પણ અત્યારે મને બહુ ગમે છે.

– આજ સવાર સુધી તારું મન નારાજ હતું.

– ખરેખર? હું તો સમજી શકી નહોતી.

– હું તો બરાબર છું. માત્ર તું શા માટે એક ખોટું દુઃખ ધારી રહી છે?

– મને તો કોઈ દુઃખ નથી.

ભાસ્વતીનું શરીર ગરમ છે. એકાદ વિપત્તિની ગંધ આવતી ભાસ્વતીના શરીરમાં ચાંચલ્ય વધી જાય છે. તે રંજનના હોઠથી પોતાના હોઠ ભીડવા લાગી.

રંજન વિરતિ પામેને બોલ્યો, જલદી કર. પેલો ભલો માણસ બહાર ઊભો છે.

– હું આ પાયજામો નહિ પહેરી શકું.

– ચણિયો એકદમ ભીનો છે. એ રીતે ન રહેવાય.

આછા અંધારા ઓરડામાં કાળો ચણિયો અને બ્રાને કારણે ભાસ્વતીના ગોરા શરીરના ઉઘાડા અંશો જ માત્ર દેખાતા હતા. હવે આખું શરીર દેખાયું. તે વિશેષ પ્રકારની સુવિધાઓની ભોક્તા છે, કારણ કે તેને એ રીતનું સુંદર શરીર મળ્યું છે. આખું શરીર ચાલતું ખાટલા પાસે ગયું. પાયજામો અને ગંજી ઊંચકી લીધાં. પછી બોલી, ‘ચામડાની બેગમાં ટોર્ચ છે.’

ટોર્ચનો પ્રકાશ ભાસ્વતીના શરીર પર નાખી બોલ્યો, તને મઝા લાગે છે!

ટોર્ચનો પ્રકાશ જોઈને બહારથી પ્રસેનજિત બોલ્યો, એક પેટ્રોમેક્સ છે, સળગાવી શકાશે.

ભાસ્વતીએ કહ્યું, મારે આમ રહેવું પડશે? તેમની સામે હરીફરી શકાશે?

રંજન હસતાં હસતાં બોલ્યો, બીજું શું કરી શકાય તેમ છે? ગંજી પણ ફાટેલી છે.

ભાસ્વતીએ તેના મોટા ટુવાલને શરીરે વીંટાળી દીધો. તેના મોઢા પર લજ્જાનું ચિહ્ન નહોતું, હતું માત્ર કૌતુક. પોતાના શરીરને લીધે કદીય શરમાવાનો ભાવ એને નથી થતો. પણ તેને જરા આટલા સમયમાં શરદી લાગી ગઈ છે નાક સૂ સૂ કરે છે.

દરવાજો ખોલવા જતાં કશોક વિચાર આવતાં રંજન થંભી ગયો. પાછો આવીને ખાટલા પરથી રિવોલ્વર સાથે બેલ્ટ કમરમાં પહેરી લીધો. તે પછી બારણું ઉઘાડીને બહાર આવ્યો.

બહાર બેસીને પ્રસેનજિત એક સ્ટવ સળગાવવાનો પ્રયત્ન કરતો હતો. ભાસ્વતીએ તેને પૂછ્યું, તમારી પાસે એસ્પિરિન કે એવું કશું છે ખરું?

મોઢું ફેરવ્યા વિના જ તેણે જવાબ આપ્યો, ના. તે પછી મોઢું ફેરવીને તેમનો નવો પોષાક જોઈ બોલ્યો, હવે બીજું શું થાય? ગમે તેમ રીતે એક રાત કાઢવી પડશે.

– કાલે નદીનું પાણી ઊતરશે?

– જો ફરી વરસાદ ના થાય તો.

– તમે અહીં એકલા રહો છો?

– મારી સાથે બીજો એક માણસ રહે છે. તેને બસ્તર શહેરમાં મોકલ્યો છે. બે ત્રણ દહાડા પછી આવશે.

ભાસ્વતીએ પૂછ્યું, આ રીતે એકલા એકલા રહેવાનો તમને કંટાળો નથી આવતો?

સ્ટવ સળગાવી, તેને હાથમાં લઈ પ્રસેનજિત ઊભો રહ્યો. ભાસ્વતીના

મોં  સામે બરાબર જોતો બોલ્યો, મને પ્રકૃતિપ્રેમી ના ગણશો અહીં રહેવાનો મને ખૂબ કંટાળો આવે છે. શહેરમાં રહેવામાં એક આરામ હોય છે. વાતવાતમાં બસ કે ટેક્સી, સિનેમા ને થિયેટર, સારી હોટલમાં જમવાનું આ બધું મને ખૂબ ગમે છે, પણ સારું લાગતું હોય તોયે મને આપવાનું છે કોણ?

સ્ટવ લઈને પ્રસેનજિત બીજા ઓરડામાં ગયો. પાછળ પાછળ આ લોકો પણ ગયાં. એક બાજુ કેટલાંક પાંજરાં અને બીજી બાજુ રાંધવાની વ્યવસ્થા. સ્ટવ નીચે મૂકીને તે બોલ્યો, ભાત ચઢાવું છું. વિશેષ કંઈ આતિથ્ય કરી શકતો નથી, એનું દુઃખ છે.

રંજન બોલ્યો, અમારી પાસે પાઉં, રોટી અને જલેબી છે. ભૂલી જ ગયાં હતાં.

– તે અત્યારે ખાઈ શકાશે. રાતે માટે ભાત, બટાટા અને પ્યાજ તૈયાર છે. ઘી છે તાજું. ઈંડાં હતાં, પણ ખલાસ થઈ ગયાં છે.

ભાસ્વતીએ કહ્યું, ઘી અને ગરમ ભાત તો અદ્‌ભુત!

– પણ રોજ રોજ એનું એ જ ખાવાનું. તે સિવાય જ્યારે બીજું કંઈ ન હોય, ત્યારે સારું લાગે કે ખરાબ લાગે?

– અમને તો ભાવશે. તમને હું રાંધવામાં મદદ કરી શકું?

– મદદ કરવા જેવું કંઈ છે નહિ.

– હું એકી સાથે જ ભાત-બટાટા સાથે ચઢાવી દઈશ.

હિસ્‌ હિસ્‌  અવાજ સાંભળીને ચમકી જઈ રંજન બોલ્યો, પાંજરામાં સાપ છે કે શું?

– માત્ર ત્રણ જ છે. બીવાનું કોઈ કારણ નથી. પાંજરું બરાબર બંધ છે, જોવા છે?

ટોર્ચના અજવાળામાં જોયું – બે સાપ નિર્જીવ થઈને પડ્યા છે. એક ફેણ ચઢાવીને ધડાધડ કરે છે તે કંઈ નહિ તોયે ચાર હાથ લાંબો હશે. માથા ઉપર, કહેવત પ્રમાણે પગલાની છાપ હતી.

– આ તમે પકડ્યો છે?

હા.

ભાસ્વતી બકતી હોય તેમ બોલી. એ તમે જાતે કેવી રીતે પકડી શકો? મદારી કે જિપ્સીઓ દ્વારા પકડાવતા નથી?

પ્રસેનજિત બોલ્યો, મદારીઓ જ એક માત્ર સાપ પકડી શકે તે જૂની માન્યતા છે. કેટલીક ટેક્નિક છે, શિક્ષિત લોકો માટે તે શીખી લેવી બહુ સહેલી છે. સાઇબેરિયના રણમાં જેઓ સાપ પકડે છે, તેઓ કોટ-પેન્ટ પહેરનારા સાહેબો હોય છે, મદારી હોતા નથી. અમારી ફેમિલીને પશુ-પંખીનો વ્યવસાય છે. એક જમાનામાં અમે અમેરિકા હાથીની નિકાસ કરતા હતા. અત્યારે સાપ વધુ પ્રોફિટેબલ છે.

રંજને પૂછ્યું, કોણ ખરીદે છે આ સાપ?

– બૉમ્બેનું હાફકીન ઇન્સ્ટીટ્યૂટ. તે સિવાય વિજ્ઞાનની અનેક લેબોરેટરીઓ અને ચિડિયાખાનાં. તોયે આ તો બધા નકામા જેવા છે. સારા પૈસા તો ઊપજે છે અજગરના. આ પહાડ ઉપરથી અમે ત્રણ અજગર પકડ્યા છે. હવે એક છે આઘો ને આઘો ભાગતો ફરે છે. એ પકડાઈ ગયા પછી અમે આ પહાડ છોડી નજીકના બીજા એક પહાડે જઈશું. આ બાજુના પહાડો પર સારા અજગર મળી આવે છે.

રંજન બોલ્યો, આ પહાડ પર હજી એક છે?

– હા. એક બે વાર તે નજરે પડ્યો છે, પકડાતો નથી. આ વર્ષાઋતુમાં જ પકડી પાડવો પડશે. ઠંડી પડતાં પછી નહિ પકડાય.

– જો આપણે ઝાડ નીચે જ રાત પસાર કરવી પડી હોત તો.

– એમાં ચિંતા કરવા જેવું કોઈ કારણ નથી.

– આ બધા સાપ વગેરેની વચ્ચે તમે એકલા રહો છો, તે તમને બીક જેવું કંઈ લાગતું નથી?

આજીવિકા માટે માણસને ઘણું બધું કરવું પડે છે. શહેરના કારખાનામાં બ્લાસ્ટ ફર્નેસમાં જે માણસો કામ કરે છે, તેમને બીક નહિ લાગતી હોય?

– અમે મૂરખાની જેમ અહીં ચાલ્યાં આવ્યાં. તમે ના હોત તો ભારે

વિપત્તિમાં ફસાઈ જાત.

પ્રસેનજિત ભાસ્વતીની તરફ જોઈને બોલ્યો, તમારાં ભીનાં કપડાં આ ઓરડામાં સૂકવી દો. આ ઓરડો ગરમ છે.

ભાસ્વતી ઊઠીને બાજુના ઓરડામાં ગઈ. રંજનનાં પેન્ટ-શર્ટ અને પોતાની સાડી ઊંચકી લીધાં. તેનો ચણિયો, બ્રા અને રંજનનો જાંગિયો લેતાં ખમચાવા લાગી જરા. અજાણ્યા માણસ આગળ આ બધી વસ્તુઓનું પ્રદર્શન શોભતું નથી. પણ અજાણ્યા માણસ આગળ તે ક્યારે ગંજી, પાયજામા અને ટુવાલ વીંટીને આવી હતી?

અન્ડરવેર્સ પેલા ઓરડામાં રાખીને બાકી કપડાં લઈને પાંજરાવાળા રૂમમાં પાછી આવી ભાસ્વતી.

એક દેગચીમાં ચોખા ધોઈ બટાટા પ્યાજ સાથે સ્ટવ પર ચઢાવી દીધા પ્રસેનજિતે. તે પછી એક લાકડાની પેટીમાંથી એક બ્રાન્ડીની બોટલ અને બે સ્ટીલના પ્યાલા બહાર કાઢ્યા. રંજનને પૂછ્યું, તમે લેશોને?

રંજને કહ્યું, 'ના. રહેવા દો.'

– કંઈ વાંધો છે?

– વાંધો તો ખાસ નથી. હું બધી ચીજો એક વાર પીધા પછી વધારે પીધા વિના રહી શકતો નથી. તમારી વસ્તુમાં મારે ભાગ પડાવવો નથી. તમારે ખલાસ થઈ જશે, પછી ફરી ક્યારે લાવી શકશો?

– અમારા માણસને લાવવાનું કહીને મોકલ્યો છે. બેએક દિવસમાં આવી જશે. અત્યારે તો જે છે. તેમાંથી પીઓ. હું આવતી કાલ માટે ચિંતા કરતો નથી.

– ના રહેવા દો.

પ્રસેનજિતે હવે રંજનને આગ્રહ ન કર્યો. ભાસ્વતી તરફ જોઈને બોલ્યો : તમે?

– ના.

રંજન બોલ્યો, સતી, તું તો જરા બ્રાન્ડી પી લે. તને શરદીની અસર થઈ છે. તને ફાયદો થશે.

હાથ લંબાવીને ભાસ્વતીએ પ્યાલો લીધો. હોઠે જરા સ્પર્શ કરીને બોલી : સારો લાગે છે.

રંજને પ્રસેનજિતને કહ્યું, તમારી સિગારેટમાં મારે ભાગ પડાવવો પડશે. મારી સિગારેટો ભીંજાઈને નકામી થઈ ગઈ છે.

ભાસ્વતીએ કહ્યું, કાળા ચામડાની બેગમાં બીજાં પણ પેકેટ છે.

– એમ કે?

રંજન કૂદકો મારી ઊભો થઈ ગયો અને બાજુના ઓરડામાં સિગારેટ લેવા ગયો. પાંજરામાં સાપ આ વખતે હિસ્ હિસ્ કરી ઊઠ્યો.

ભાસ્વતીએ આંખો ઊંચી કરીને જોયું તો પ્રસેનજિત તેના શરીર ભણી એકીટશે જોઈ રહ્યો હતો. પુરુષની આવી નજર તેના શરીરને વીંધી જતી નથી. શરીર સહન કરી લે છે. આ બધું રૂપનું નૈવેદ્ય છે, તે તે જાણે છે.

ભાસ્વતીએ નીચા સ્વરે કહ્યું, અમે લોકોએ આવી પડીને તમને ઘણી મશ્કેલીમાં મૂકી દીધા.

પ્રસેનજિત બોલ્યો, આમ કહેવું જોઈએ એટલે તમે વારંવાર આમ કહો છો, પણ આજે તમારી સાથે મારો સમય સારી રીતે વીતે છે. આ ઝાડ-ઝાંખરાં અને પહાડ જોઈ જોઈને કંટાળી ગયો હતો.

રંજન બે સિગારેટનાં પેકેટ લઈને આવતાં આવતાં બોલ્યો, બેગમાં સિગારેટ છે, એનો વિચાર જ ના આવ્યો. તમે એક પેકેટ લો.

પ્રસેનજિતે અવહેલનાપૂર્વક પેકેટ લઈને એક બાજુએ મૂકી દીધું. આભાર માન્યો નહિ. પ્યાલો હાથમાં લઈને ઊભો થતાં બોલ્યો, ચાલો બહાર જઈને બેસીએ, ભાત ચઢતાં વાર લાગશે.

પ્રસેનજિતના ઘરની સામે થઈને જ પહાડી માર્ગ જાય છે. રસ્તાથી તેનું ઘર જરા ઊંચાઈ પર હતું. રસ્તાની પેલી બાજુએ એક પહોળા સુંવાળા પથ્થર પર પ્રસેનજિત કપડાં ધુએ છે. અત્યારે ત્યાં પગ લટકાવીને બેસી પણ શકાય. નીચે ખાડો છે.

આવી રાતે ચાંદની ફૂટે એટલે સુંદર લાગે. પણ હજી આકાશમાં

ઘનઘોર વાદળાં છે. તારાદલો સાથે નિશાપતિ અવલુપ્ત છે. વાદળાં છે, એટલે પવન નથી, ઝાડનાં પાંદડાં સ્થિર છે – એક સ્તબ્ધતા છે. માત્ર અવિરતપણે સંભળાય છે નદીનો અવાજ.

સિગારેટ સળગાવીને રંજને પ્રશ્ન કર્યો, આ પહાડ પર કોઈ શિકાર મળે કે નહિ?

પ્યાલાથી મોં હટાવીને પ્રસેનજિતે કહ્યું, સસલાં છે ક્યાંક ક્યાંક, કદાચ એકાદ-બે જંગલી કૂકડા મળી જાય. બીજું કંઈ નથી. હિંસક પ્રાણી-બાણી નથી.

– તમારી પાસે એક રાઈફલ જોઈને?

– એ તો લોકોને બીવડાવવા રાખી છે.

ભાસ્વતી બોલી, સ્થળ એકદમ નિર્જન છે. અહીં રસ્તો તો છે. તોયે શું લોકો આવતા નથી?

– સ્થાનીય લોકો તેમનું ચાલે ત્યાં સુધી આ પહાડે આવવાની ઇચ્છા કરતા નથી. ઘણી વાર તો કુલી-મજૂર મળવાય મુશ્કેલ.

– કેમ, લોકો આવતા કેમ નથી?

– તેનું મુખ્ય કારણ સાપની બીક. મંદિર જ્યારે પહેલવહેલું બન્યું, ત્યારે તરતમાં બે પુરોહિત સાપ કરડવાથી મરી ગયા હતા. એ કારણે કોઈ પુરોહિત રહેતો નથી. તે ઉપરાંત સમય જતાં ધીરે ધીરે એ વહેમ લોકોમાં પેસતો ગયો. લોકોની એવી માન્યતા છે કે એ પહાડ પર ચઢ્યા પછી કોઈ માણસ ફરી પાછો જીવતો આવી શકતો નથી, કારણ તે મંદિરની પાસે જ સ્વર્ગ છે.

– સ્વર્ગ?

– કેમ? તમે એ વાત સાંભળી નથી?

– ના તો.

– સાંભળી હશે, સમજ્યાં નહિ હો. લોકોએ તમને કહ્યું હશે – આ પહાડના શિખર પર ‘હારાબુરુ’ છે. કહ્યું નહોતું?

– હા, એવી એક વાત સાંભળી હતી.

– સ્થાનીય આદિવાસીઓની ભાષામાં 'હારાબુરુ' એટલે જ સ્વર્ગ. અને આ કંઈ ખાસ નવી વાત નથી. હિન્દુઓની જેમ એક માન્યતા છે કે હિમાલયના કોઈ એક પહાડ પર ચઢીએ એટલે સ્વર્ગે પહોંચી શકાય છે – કોઈ કહે છે કૈલાસ પર્વત, કોઈ કહે છે મહેન્દ્ર પર્વત, તેવી રીતે દક્ષિણ ભારત કે મધ્ય ભારતના લોકો, જેમણે હિમાલય કદી નજરે જોયો નથી, દૂરથીય એની કલ્પના કરી શકે તેમ નથી – તેઓ બાજુના જ કોઈ પહાડની ઉપર સ્વર્ગની કલ્પના કરે છે. આ પહાડ તે સ્થાનીય આદિવાસીઓનું પોતાનું સ્વર્ગ છે તેટલા માટે જ સ્વર્ગની પાસે પહોંચ્યા પછી ફરી પાછા આવવાનો પ્રશ્ન ઊભો થતો જ નથી. કોઈ જવા ચાહતું નથી. યુધિષ્ઠિરની જેમ સદેહે સ્વર્ગમાં જવાની ઇચ્છા તેમની નથી.

– તમે એની ઉપર ગયા નથી?

– કંઈ નહિ તો દશેક વાર તો ગયો છું. તે હિસાબે મને દસબાર વાર સ્વર્ગમાંથી પાછો આવેલો કહી શકો, ત્યાંથી જ એક અજગર પકડ્યો હતો.

રંજને ચમકીને પાછળ ફરીને જોયું. કદાચ તેને થયું કે ચોથો અજગર ક્યાંય આટલામાં જ છે. હોવાનો અસંભવ તો નથી. શરીર કમકમી ઊઠ્યું.

હવે અંધકાર નિરંધ્ર હતો. એકબીજાનું મોઢું દેખાતું ન હતું. માત્ર સિગારેટની ચમક. હવે કપડાંને લીધે ભાસ્વતીને સંકોચનું કારણ નહોતું.

એક વાર તો છાતી પરથી ટુવાલ ખેસવી લીધો, પણ વળી પાછો આદતને જોરે પાલવની જેમ છાતી પર ખેંચી લીધો.

પ્રસેનજિતે કહ્યું, શિયાળામાં અહીં કોઈ કોઈ તીર્થયાત્રીઓ આવે છે, એવું સાંભળ્યું છે, પણ શિયાળામાં હું અહીં રહેતો નથી. શિયાળામાં સાપ પકડવાની સગવડ નથી હોતી, ત્યારે હું પાણીવાળી જગ્યાએ જાઉં છું – પંખી પકડવા.

– આખું વરસેય તમે પશુપંખી પકડતા ફરો છો?

અંધારામાં અદશ્ય હાસ્ય હસીને તે બોલ્યો, મારું નામ તો છે

પ્રસેનજિત. મારા મિત્રોએ મને નામ આપ્યું છે – પશુ. હું એમના જ વર્ગનો છું.

રંજને પ્રશ્ન કર્યો, ખાસ શિયાળામાં તીર્થયાત્રીઓ અહીં કેમ આવે છે?

– વહેમ સાથે વાસ્તવિકતા ભળી ગઈ છે. શિયાળામાં આ નદી સુકાઈ મડદું થઈને પડી હોય છે. શિયાળામાં સાપનો ઉપદ્રવ હોતો નથી, તેઓ દરમાં પેસી જાય છે. હાઈબરનેશન પિરિયડ ત્યારે હોય છે. ફસલ પાક્યા પછી શિયાળામાં અહીંયાં લોકો પાસે બે પૈસા આવે છે – એટલે એમના શાસ્ત્રની આજ્ઞા છે, શિયાળામાં જ તીર્થયાત્રા માટે પવિત્ર સમય છે.

– ત્યારે તેઓ તે મંદિરે જાય છે?

– ના. ત્યાં સુધી જતા નથી, કેમ કે ત્યાંથી પાછા ન અવાય. મંદિરની ઘણે નીચે રહીને પૂજા કરે છે, મરઘીનું ગળું કાપી ઉપરની દિશામાં ફેંકે છે ખાસ કરીને નિઃસંતાન સ્ત્રીઓ ખૂબ આવે છે. પૂજા કરવાની તેમને સંતાન થાય છે, એવી એમની શ્રદ્ધા છે.

એકાદ ક્ષણ ચૂપ રહીને પ્રસેનજિત ભાસ્વતીને ઉદ્દેશીને ઊંચે અવાજે બોલ્યો, તમે પણ એટલા માટે જ આવ્યાં છો ને? નથી આવ્યાં? તમને જરૂર બાળક થયું નથી.

તેનો અવાજ જરા રુક્ષ લગતો હતો. પુરુષમાણસનો આવો કંઠસ્વર સાંભળવાની તેને ટેવ નથી. તે અંગૂઠાના નખનું ટેરવું બતાવીને આવા બધા પુરુષોની અવહેલના કરી શકે છે.

શાંત ગાંભીર્યની સાથે ભાસ્વતીએ કહ્યું, ના, હું તેવી કોઈ શ્રદ્ધા લઈને આવી નથી, એમ જ કુતૂહલથી આવી છું.

સાથે સાથે નરમ અવાજે પ્રસેનજિતે પૂછ્યું, થોડી બ્રાન્ડી આપું?

પતિની રજા લીધા વિના જ તેણે કહ્યું, 'આપો.'

અંધારામાં પ્યાલા સાથે બોટલ અથડાઈ, તરલ પદાર્થનો અવાજ આવ્યો. પ્યાલો લેવા જતાં ભાસ્વતીએ જોયું કે ત્યારેય તેના પ્યાલાને

પકડી રાખ્યો હતો પ્રસેનજિતની આંગળીઓએ. સ્પર્શ થવા છતાં પ્રસેનજિતે હાથ ખેસવી લીધો નહોતો.

જરા હસીને ભાસ્વતીએ પ્યાલો લઈ લીધો. એક ભારે ચૂસકી લીધી, ગળામાં તરલ અગ્નિનો સ્વાદ, પતિની સાથે પાર્ટીઓમાં જવાનું થતાં ક્યારેક ક્યારેક ભાસ્વતીએ વિદેશી શરાબ પીધેલો છે. પહેલાં તેની ઇચ્છા થતી નહોતી, પણ ઑફિસરની સ્ત્રીને ચાલે નહિ. આમ છતાં જો તેને વસ્તુનો સ્વાદ ન ગમ્યો હોય તો તે બીજાની હજાર વિનંતિથી પણ લેત નહિ. લેવાય ન લેવાય તેવી બાબતમાં તેનો આગ્રહ નથી, પણ પોતાને ગમે છે કે નથી ગમતું – એ જ વસ્તુ પર તેનો ભાર હોય છે. છાતી પરથી ટુવાલ લઈ લઈને આ વખતે બાજુ પર મૂકી દીધો. જેને શરદી લાગી છે તે વ્યક્તિ અંધારામાં આબરૂની રક્ષા કરવા માટેની હાસ્યાસ્પદ ચેષ્ટામાં શા માટે આટલી બધી વાર સુધી ભીનો ટુવાલ છાતી પર લગાડી રાખે?

રંજન બોલ્યો, એનો અર્થ તો એવો કે આ બાજુના આદિવાસીઓ માટે આ પવિત્ર સ્થળ છે અને નથી. તો તમે અહીં છો. તેનો કોઈ વાંધો ઉઠાવતું નથી?

– મેં મધ્યપ્રદેશની સરકાર પાસેથી રીતસરનું લાઇસન્સ લીધું છે અને સાપ પકડીને ઉપકાર તો કરું છું એમના પર.

– પણ એથી તમારું જીવન તો જોખમમાં જ છે.

– જોખમ ક્યાં નથી?

– નદીનું નામ સાચેસાચ વૈતરણી છે?

– સરકારી નકશામાં પણ એ જ નામ છે.

ત્રણે જણ એકાએક એક સાથે જ ચૂપ થઈ ગયાં. ઉત્કર્ણ બનીને કોઈ અવાજ સાંભળે છે, તેમ છતાં નદીના અવાજ સિવાય બીજું સાંભળવા જેવું નથી. વાત કરતાં કરતાં એવું થતું હોય છે કે એક સાથે બધા ચૂપ થઈ જાય. સ્તબ્ધતા ત્યારે ગર્ભવતી હોય છે. થોડી વાર પછી, જરા હસી પ્રસેનજિત બોલ્યો, અત્યારે મારે એક વખત તે નદી સુધી જવું

પણ પડશે.

ભાસ્વતીની કમર પાસે તે ક્ષણે જ એક હાથનો સ્પર્શ થયો. હાથ તેની કમર ઉપર સ્થિર થઈ રહ્યો. અંધારામાં કશું દેખાતું નહોતું, પણ પુરુષનો સ્પર્શ ઓળખતાં સ્ત્રીઓને વાર નથી લાગતી. અંધારામાં અનેક વાર રંજનનો હાથ ભાસ્વતીને સ્પર્શ્યો છે, પણ આ હાથ બીજો હતો. આ હાથ રુક્ષ, તેમ છતાં અત્યારે શાંત હતો.

ભાસ્વતી ક્યારેય એકદમ જલદીથી વિચલિત થઈ જતી નથી. તેથી તેણે શરીર સંકોચી ના લીધું, પણ નવાઈ સાથે વિચારવા લાગી કે નદીએ જવાની વાત કરીને પ્રસેનજિતે સ્પર્શ કેમ કર્યો?

રંજને પ્રશ્ન કર્યો, શા માટે?

પ્રસેનજિત બોલ્યો, આજે પાણી લાવવાનું ભૂલી જ ગયો છું.

– એટલે શું આવા અંધારામાં પાણી લેવા જશો?

ભાસ્વતી કમર પરના આગન્તુક હાથ પર પોતાનો હાથ રાખ્યો. તોફાની શિશૂને કાબૂમાં લેતી હોય તેમ ચુપચાપ આંગળીઓ પકડી વાળી દીધી. હાથ  ત્યાંથી સરી ગયો.

પ્રસેનજિત બોલ્યો, આખી રાત કંઈ તરસ્યા કાઢી શકાય? બ્રાન્ડી પીધી છે ને? અત્યારે મને ભયંકર તરસ લાગી છે. તમને પણ જરૂર તરસ લાગશે.

ભાસ્વતીએ પ્રશ્ન કર્યો : તમે એ નદીનું પાણી પીઓ છો?

– તો બીજે ક્યાંથી પાણી લાવું, કહો? નદીનું પાણી જ તો એક માત્ર આધાર છે. ક્યારેક ક્યારેક વરસાદ વખતે વાસણ ભરી રાખું છું, પણ વરસાદ તો નિયમિત થાય નહિ. આજે ડોલ મૂકવાનું જ ભૂલી ગયો છું.

– ત્યારે આપણે નદીકિનારે ગયા તો હતા.

– ત્યારે તો તમે ચાલ્યા જશો, એમ વિચાર્યુ હતું. હું મારે માટે ચિંતા કરવાની ભૂલી ગયો છું.

પ્રસેનજિત ઊભો થઈને બોલ્યો, ચાલો જોઈએ તો ખરા કે ભાત ચડી ગયા કે નહિ?

રસ્તો બતાવવા રંજને ટોર્ચ કરી. અત્યાર સુધી અમસ્તુંય અજવાળું

કર્યું નહોતું.

## ૫

પિંજરામાં ત્રણે સાપ અત્યારે જાગી ગયા છે અને અસહિષ્ણુ થઈ ધડફડ કરી રહ્યા છે. રહી રહીને લપકતી જીભ બહાર આવે છે, ભારે નિઃશ્વાસ જેવો હિસ્હિસ્ અવાજ કરે છે.

એ દિશામાં જોવાની ઇચ્છા થાય તેવું નથી અને છતાં રંજન અને ભાસ્વતીની આંખો એ તરફ ગયા સિવાય રહેતી નથી.

પ્રસેનજિત ભ્રૂક્ષેપ કર્યા વિના દેગચીનું ઢાંકણું ખોલીને રાંધણ જુએ છે. એક ચમચા પર થોડા ભાત કાઢી એક દાણો દબાવી જોઈ બોલ્યો, ‘હજી બરાબર ચઢ્યા નથી.’

ઢાંકણું નીચે મૂકીને બોલ્યો, અહીંના પાણીમાં રંધાતાં વાર લાગે છે. તમે જરા જોતાં રહેજો. હું પાણી લઈને આવું છું.

એક મોટી પ્લાસ્ટિકની ડોલ લઈને તે બહાર જવા નીકળ્યો. રંજને તેને કહ્યું, ઊભા રહો.

પ્રસેનજિતે ડોક ફેરવી કહ્યું – શું થયું?

– હું તમારી સાથે આવું છું.

– એની કોઈ જરૂર નથી.

ભાસ્વતીએ કહ્યું, એક રાત પૂરતા પાણી વગર નહિ રહેવાય કંઈ? અત્યારે લાવવું જ પડશે શું?

ખાલી ડોલ જોઈ પ્રસેનજિતે કહ્યું, એક ટીપાંય પાણી વગર શું આખી રાત કાઢી શકાતી હશે?

– તેમાં શું થઈ ગયું? રણમાં તો દિવસોના દિવસ માણસને પાણી પીધા વિના ચલાવવું પડે છે.

– પણ નજીકમાં પાણી છે એ જાણ્યા પછી માણસ જીવને જોખમમાં મૂકીને પણ ત્યાં જવા ઇચ્છશે. તમે બેસોને, મને વધારે વાર નહીં લાગે.

રંજન વ્યગ્ર થઈને ઊઠ્યો. તેના મોભાને જાણે આંચકો લાગે છે. એક તો માણસને ત્યાં એકાએક અતિથિ બનીને તેને પરેશાન કર્યો છે, તે ઉપરાંત હવે તેને એકલો આટલો લાંબો મારગ વટાવી પાણી લેવા મોકલતાં તે પોતાની નજરે જ નાનો બની જાય છે. ભાસ્વતી તેના ભણી નીચી નજરે જોઈ રહી.

તેણે દૃઢ ભાવે કહ્યું, તમે એકલા શા માટે જશો? હું આવું છું તમારી સાથે.

– તેની કોઈ જરૂર નથી. તમે નકામાં વ્યગ્ર થાઓ છો.

– ના, એ નહિ બને.

રંજન ટોર્ચ લઈ પ્રસેનજિતની પાસે ગયો અને બોલ્યો, ચાલો.

પ્રસેનજિતે ભવાં ઊંચાં કરી ભાસ્વતી તરફ સંકેત કરી કહ્યું, તેઓ એકલાં રહેશે?

રંજને પણ એ જ રીતે ભવાં ઊંચકી કહ્યું, તેમાં કંઈ ભય જેવું છે?

– આમ તો કોઈ ભય નથી. વળી જોર કરીને પણ એ વાત કરી શકાય તેમ નથી. ઘણા લોકોને વિના કારણે જ બીક લાગે છે.

ભાસ્વતીએ કહ્યું, હું એકલી રહી શકીશ.

પ્રસેનજિતે કહ્યું, પણ એ જરાક રિસ્કી છે. એકલા રહેવાની જેમને ટેવ નથી, તેમને માટે આવી નિર્જન જગ્યાએ એકલા રહેવું યોગ્ય નથી. ખાસ તો આ વહેમીલી જગ્યા છે. રક્ષણશીલ સ્ત્રીઓ માટે અહીં એકલા રહેવું વિપત્તિજનક છે.

ભાસ્વતી તુચ્છ ભાવે હસતાં હસતાં બોલી, અહીં ભૂતબૂત તો નથી ને?

– કેવી રીતે જાણી શકાય? પણ, અહીં કેટલાંક જણ મરી ગયાં છે.

– ભલે. મને કંઈ થવાનું નથી.

– ના, એ નહિ ચાલે.

રંજન તરફ જોઈને પ્રસેનજિત આદેશ આપતો હોય તેમ બોલ્યો, તમે એમની પાસે રહો. હું પાણી લઈ આ આવ્યો.

રંજનને આ વાત જરા ચેલેંજ જેવી લાગી. તને પહાડો પસંદ નથી, પણ તે કાપુરુષેય નથી. તેણે ગંભીરભાવે પ્રસેનજિતને કહ્યું, તો ભલે, તમે અહીં રહો, હું જ પાણી લઈ આવું છું.

– તમારાથી નહિ બને.

– કેમ નહિં બને? રસ્તો તો એક જ છે. ભૂલા પડવાની કોઈ બીક નથી. ઉપરાંત ટોર્ચ લેતો જાઉં છું.

ભાસ્વતીએ કહ્યું. આટલામાં એક અજગર છે. રંજને કહ્યું, અજગર કોઈની પાછળ પડીને બચકું ભરે છે એવું મેં સાંભળ્યું નથી. નજરે પડતાં જ એની નજર ચુકાવીને હું ચાલ્યો આવીશ.

ડોલ તરફ હાથ લંબાવીને તેણે કહ્યું, લાવો.

પ્રસેનજિત એકેય શબ્દ બોલ્યા વિના ડોલ રંજનના હાથમાં આપી દીધી. વધારે વાંધા બતાવીને તે રંજનના પૌરુષને આઘાત આપવા માગતો ન હતો.

ભાસ્વતીએ પ્રગાઢ આંખોમાંથી રંજન સામે જોયું. રંજન જરા અચકાયો આ નિર્જન પહાડી રાતે અજ્ઞાતકુલશીલ વ્યક્તિ પાસે પોતાની પત્નીને મૂકીને જતાં વ્યગ્રતા થવાની જ.

પણ સ્વાર્થીની જેમ તે પોતાની સ્ત્રીની ચોકી કરતો બેસી રહે અને પેલો ઉપકારી માણસ નોકરની જેમ તેની સેવા કરે, એનાથી પણ પોતે નીચો થઈ જતો હતો.

રંજનને એવું લાગ્યું કે તે નીરવ પ્રકૃતિની વચ્ચે પણ તેની ચારે બાજુએ જાણે હજાર હજાર દર્શકો છે. દર્શકો એટલે ન્યાયકર્તાઓ. તેઓ એક સરખી રીતે ન્યાય કરે છે તેના પૌરુષ અને અસ્તિત્વનો.

રંજને જમીન તરફ જોઈ એક વાર આંખ મીંચી. મનોમન વિચાર્યું, મારું આખુંય જીવન હું એક પ્રકારની ક્ષુદ્રતાથી ઊંચે ઊઠવાનો પ્રયત્ન કરતો રહ્યો છું. આકસ્મિક દુર્બલતાથી હું નીચે નહિ પડું. નબળા પુરુષો જ સંદેહ લાવતા હોય છે. ભાસ્વતી તેને ચાહે છે એટલે કે પરસ્પરની પાસે તેઓ એક પ્રકારના આવેગથી આબદ્ધ છે – જેનું નામ છે પ્રેમ.

કશું બોલ્યા વિના રંજને પાછા ફરીને નીચે ઊતરવાનો રસ્તો લીધો.

તેની આગળ આગળ અજવાળાનું એક કૂંડાળું હતું.

પ્રસેનજિતે ભાસ્વતી ભણી જોયું. તેના અસ્તવ્યસ્ત કેશ કપાળ પર વિખરાયેલા હતા. ગંજીની નીચે મેદ વગરનું પોલાદ જેવું શરીર.

પાણી લઈને પાછા આવતા કંઈ નહિ તોયે રંજનને દોઢ કલાક થશે.

પ્રસેનજિત એકીટશે જોઈ રહ્યો છે ભાસ્વતીને. એ માત્ર આંખનો આરામ નહોતો, તેની નજર ભાસ્વતીના શરીર પર સૂઈ ગઈ હતી!

ભાસ્વતીએ પ્રસેનજિત તરફ તર્જની ઊંચી કરીને રાણીના જેવી અહંકારી વાણીથી હુકમ કર્યો, તમે એમની સાથે જાઓ. હું એકલી જ રહીશ.

પ્રસેનજિત કહ્યું, મેં તો કેટલી વાર તેમને કહ્યું!

ભાસ્વતીએ કહ્યું. તમે જાણી કરીને મારા પતિને વિપત્તિના મોંમાં મોકલ્યા છે.

પ્રસેનજિત કંઈક કહેવા જતો હતો. પણ ભાસ્વતી ક્રીતદાસની કોઈ વાત સાંભળવા માગતી નહોતી. ફરી હુકમ કર્યો, ‘જાઓ.’

દાસવિદ્રોહના નેતાની જેમ ઉદ્ધત રીતે પ્રસેનજિત હસી પડ્યો. ભાસ્વતીના પગના અંગૂઠાની માથા સુધી આંખો ફેરવી લીધી અને તે પછી દોડી રંજન પાસેથી ડોલ લઈ બોલ્યો, તમે તમારી પત્ની પાસે રહો. એમને બીક લાગે છે.

રંજનને તેણે કોઈ વાત કરવાનો અવસર જ ન આપ્યો. ધબધબ કરતો ઉતાવળા પગલે તે નીચે ઊતરી ગયો. ટોર્ચ પણ તેણે ના લીધી, જોતજોતામાં અંધારામાં વિલીન થઈ ગયો.

નારાજ મુખે પાછા આવી રંજને પૂછ્યું, તને બીક લાગી? કોની?

ટુવાલથી મોં લૂછીને ભાસ્વતી બોલી, બીક તો કંઈ નહોતી લાગી. આ સાપ પાસે હોવાથી મને ચીતરી ચઢે છે.

રંજને જોયું, ભાસ્વતીના પીનોન્નત બે સ્તન વારે વારે ઊંચાનીચા થાય છે ભારે શ્વાસથી. ભાસ્વતી ઉત્તેજિત છે.

ઉત્તેજિત તો થાય જ ને? કોઈ સ્ત્રી જ્યારે કોઈ પુરુષને હુકમ આપે

છે ત્યારે એ ગંભીર જવાબદારી લેતી હોય છે. હુકમ માનીને તે પુરુષ તેના અહંકારને સંતુષ્ટ કરે છે અને જો હુકમની અવજ્ઞા કરે તો, આત્મસન્માન સુધ્ધાં ધૂલિસાત્ થઈ જાય. પછી તે નારી રહેતી નથી, રહે છે માત્ર અસહાય પ્રાણી. શારીરિક શક્તિએ એકદમ દુર્બલ.

પ્રસેનજિત તેની વાતમાં બાધારૂપ થયો હતો. હવે તૃપ્ત ભાસ્વતીની કરુણાના છાંટા તે પામતાં પામી શકે છે.

પરંતુ રંજનને પોતાનું વ્યક્તિત્વ છિન્ન થતું લાગ્યું. ઉદારતા દેખાડવાનો તેને પ્રસંગ જ ન મળ્યો.

અપ્રસન્ન ભાવ દૂર કર્યા વિના જ તે બોલ્યો, તું બાજુના ઓરડામાં જઈને સૂઈ ગઈ હોત તો? છોકરાને એકલોઅટૂલો મોકલવાનું શું સારું લાગે છે?

ભાસ્વતીએ અવજ્ઞાપૂર્વક કહ્યું, એ તો હંમેશા દિવસમાં કેટલીયે વાર જતો હશે, એને કશી અગવડ નહિ પડે.

– તે હશે. પણ તેને આમ મોકલવો આપણે માટે યોગ્ય નથી. તે આપણા માટે ઘણું કરે છે. તેના બદલામાં આપણે શું આપી શકવાના છીએ?

– એમાં શું આપવાનું હોય ભલા? માણસ માણસને માટે તો આટલું કરે જ ને!

– તોયે માણસ પાસેથી વગર મફતનું આમ લેવાનું મને ગમતું નથી. નકામા કોઈના ઉપકાર તળે આવવું મને પસંદ નથી.

આટલું બોલી પોતાના મુખ પરથી અપ્રસન્નતા દૂર કરીને રંજન જરા હસ્યો તે પછી બોલ્યો, હા, પણ સ્ત્રીઓની વાત જરા જુદી હોય છે. સ્ત્રીઓને વગર મફતનું મેળવવાની ટેવ પડી હોય છે. તે વખતે તરફદાર વિલાયતથી પાછા આવતી વખતે તારે માટે અત્યંત મોઘું પરફ્યુમ લેતો આવ્યો હતો. તેં એ લીધું, જાણે એ તારું પ્રાપ્ય જ ન હોય!

– મેં અનેક વાર ના પાડી હતી.

– પણ તે એવી રીતે કહ્યું હતું કે જેથી લાગે કે તે લેવાની તારી ઘણી

ઇચ્છા છે અને તું તારી ખુશી છુપાવી શકી નહોતી. તરફદાર બિચારો પોતાની બહેનને આપવાને બદલે તને આપીને જ ગદ્‌ગદ થઈ ગયો.

– હાફ્લાંગે આવે એક વરસાદના દિવસે તમે શું કર્યું હતું તે મને કહોને.

– એ તો ખાસ કશું નહોતું.

ગંજીની નીચે સહેજ કરચલી ચડેલા તસતસતા પેટે હાથ રાખીને ભાસ્વતીએ શરીરને જરા અલસાવ્યું. તે પછી બોલી, આ સાપવાળા ઓરડામાં બેસવાનું મને ગમતું નથી. ચાલો, બાજુના ઓરડામાં જઈએ.

રંજને કહ્યું, ભાત ઉતારી લે. લાગે છે કે ચઢી ગયા છે.

ભાસ્વતીનો પોતાનો સંસાર રસોઈ કરનાર અને ચાકરોના હાથે છે. ક્યારેક જ તે રસોડામાં ડોકિયું કરે છે, રસોઈની પરીક્ષા કરી સમય પસાર કરવાને બદલે તે બેડમિન્ટનની કોમ્પિટિશનમાં મેડલ મેળવે છે.

તોયે તેણે અત્યારે હાથેથી ચટપટ દેગચી નીચે ઉતારી દીધી. ભાત જરાય બહાર ઢોળાયા નહિ. દેગચીમાં કેટલીક વાર નજર કરી ભાતને છૂટા કરી તેણે ઢાંકણું ઉઘાડ્યું. બટાકા બફાઈને ફાટ ફાટ થઈ રહ્યા છે. પ્યાજ એવી ભરાઈ ગઈ છે કે તેનું પડ જ હાથમાં ન આવે. તોયે ગરમ ભાતની મહેકથી તેમની ભૂખ જાગી ઊઠી.

રંજન બોલ્યો, આ છોકરો ક્યારે પાછો આવશે, શી ખબર. ભાત ઠંડા થઈ જશે.

– ફરી ગરમ કરી લેવાશે.

સ્ટવ હોલવી નાખીને ઊભી થઈને તે બોલી, લાગે છે કે છોકરો પાગલ છે. આવે સ્થળે કોઈ એકલો રહે ખરો? લાગે તો છે કે કૈંક ભણ્યોગણ્યો પણ છે પણ કોઈ જગ્યાએ નોકરી ના મળતાં આવો ગંદો ધંધો કરે છે.

રંજન ઉદારભાવથી બોલ્યો, મારી ઑફિસમાં જ એકાદ નોકરીની વ્યવસ્થા કરી શકાય. પૂછી જોઈશ એને એક વાર.

આટલું બોલતાં રંજનને જરા તૃપ્તિ થઈ. નાછૂટકે જેનો આશરો

લેવો પડ્યો છે, જે અત્યારે ઉપકારકર્તાની ભૂમિકામાં છે, તેને પોતાના હાથ નીચેના કર્મચારીની નોકરી આપે તો ઠીક થશે. દરરોજ પ્રત્યુપકારની વાત સમજાવી શકાય અદૃશ્ય ભાવે.

– ના, તમારે સામેથી પૂછવાની કૈં જરૂર નથી. લોકોને સામેથી બોલાવી બોલાવીને નોકરી ના અપાય. બેકારોનો શું તોટો છે?

ભાસ્વતીએ ભીનાં કપડાં પર હાથ ફેરવી જોયો. સુકાવાનાં કોઈ લક્ષણ નહોતાં. આકાશ હજીય ઘનઘોર છે. બ્રેસિયર વિના તેને એકદમ અડવું લાગે છે. રાત્રે પથારી સિવાય બાકીનો બધો વખત બ્રેસિયર પહેરી રાખવાની ટેવ છે. બ્રા હજી ભીની હોવા છતાં અત્યારે જ પહેરી લેવાનો વિચાર કર્યો. રંજને જરા રોકટોક કરી, તોયે માની નહી.

રંજન તરફ પીઠ ફેરવીને ભાસ્વતીએ ગંજી કાઢી નાખી. વિશાળ ‘વી’ અક્ષર જેવી તેની ગોરી પીઠ. ક્યાંય તલપૂરે મલિનતા નથી. આ બધી સ્ત્રીઓને ગળે મેલ લાગતો નથી. આ બધી પથ્થરની મૂર્તિ જાણે વધારે લાગે, કેમ કે પથ્થરની મૂર્તિને જ  કહે છે શિલ્પ – ત્યારે તે અનેક જનોને દૃષ્ટિગ્રાહ્ય હોય છે. જ્યાં સુધી તેઓ રક્તમાંસની હોય છે, ત્યાં સુધી તે સીમિત હોય છે અને જીવંત સૌંદર્ય ગમે તેટલું ઉત્કટ હોય, એક જણની ઘનિષ્ટતાને કારણે એ પુરાણું થઈ જવાનું. જેમ રંજન આ ક્ષણે આ અર્ધનગ્ન નારી-મૂર્તિ ભણી લોભીની જેમ જોતો નથી. તે બીજી દિશામાં જોઈ સિગારેટ પીએ છે અને અન્યમનસ્ક થઈ બેઠો છે. ભાસ્વતીનું મોં સાપના પિંજરા ભણી છે. ફેણ ઊંચી કરી ડોલે છે મોટો સાપ. માથું ડોલાવવું એ જ તો એમની ભાષા છે.

– જરા હૂક ભરાવી દો તો.

ઊઠીને રંજને ભાસ્વતીના બ્રેસિયરનો હુક પાછળથી ભરાવી દીધો અને પછી ટેવ અનુસાર તેને ગળે એક ચૂમી કરી. તે પછી ખભો પકડી તેને પોતાની સામે ફેરવી બોલ્યો, તું આ જ રીતે રહેશે કે? આના ઉપર ગંજી તો નહિ પહેરેને?

– પહેરવી પડશે?

– તું અત્યારે બહુ મજાની લાગે છે. કોના જેવી લાગે છે, કહું?

– કોના જેવી?

– એસમેરાલ્ડા જેવી.

ભાસ્વતી કૌતુકથી હસી. પેલો પાયજામો અને કાળું બ્રેસિયર પહેરેલું શરીર નચાવ્યું જરા એક વાર. માથા પર બંને હાથ વાંકી રીતે મૂકી રંગતથી બોલી, નાચું એસમેરાલ્ડાની જેમ? તે માટે તો એક પાળેલું ઘેટું રાખવું પડશે.

– ઘેટાની કલ્પના કરી લે.

ભાસ્વતીએ બંને પગે એક ઠમકો માર્યો. હવે કોઈ પ્રકારની દુશ્ચિંતા નથી. જાણે ચારપાંચ હજાર વર્ષ પહેલાંના પહાડી જીવનમાં તેઓ પાછા પહોંચી ગયાં છે.

ભાસ્વતીએ કથન નૃત્યની તાલીમ લીધેલી છે, પણ ઓરડો સાંકડો છે અને દર્શકોમાં માત્ર પોતાનો પતિ જ, સામેનો અંધકાર અને પાછળ રહેલો સાપ જ છે – એટલે માત્ર એક નૃત્યનો ઠમકો કરીને ભાસ્વતી અટકી ગઈ.

આ સ્થિતિમાં એક પ્રશંસા સિવાય જીવનમાં કોઈ લાવણ્ય રહેતું નથી. એથી રંજન થોડુંક મજાકમાં અને થોડુંક સત્ય ભેળવીને બોલ્યો, સતી, તને જોઈને લાગે છે કે તું ચિરયૌવના છે. તું આખું જીવન આવી જ રહીશ. ભાસ્વતીનું મોં એકાએક ઉદાસ થઈ ગયું. તે એકીનજરે પતિને જોઈ રહી.

રંજને ફરી કહ્યું, તું ખૂબ સુંદર લાગે છે. લગ્ન પહેલાં હતી તેવી જ. એવું લાગે છે કે જાણે તારાં લગ્ન નથી થયાં!

– શું તે થશે ખરાં?

– એટલે?

ભાસ્વતી છાતી પર બંને હાથ આડા રાખી એકાએક દુઃખી સ્વરે બોલી, મારે એક સંતાન જોઈએ. તેને હું મારી છાતી પર ધરી રાખીશ. મને બહુ ઇચ્છા થાય છે.

– સતી, મારો તો કોઈ દોષ નથી.

– તો શું મારો દોષ છે?

– એવું હું કહેતો નથી.

– તો પછી કેમ? કેમ?

સતી, તું ફરી આમ કહી મનને નારાજ કરે છે. આપણે નક્કી કર્યું હતું ને કે આ વાત પર આપણે ક્યારેય મન નારાજ નહિ કરીએ.

ભાસ્વતીએ બંને હાથ નીચે લીધા. રિક્તાની જેમ બોલી, મન નારાજ નથી કરતી. તમે ગુસ્સે ના થશો.

રંજને ભાસ્વતીની સિંહણ જેવી કમર આલિંગીને કહ્યું, પૃથ્વી પર વારસદાર રાખી જવાનો મારો કોઈ એવો આગ્રહ નથી. આ શું, તારું શરીર ધ્રૂજે છે કેમ?

– ક્યાં? ના તો.

– ચાલ, પેલા ઓરડામાં જઈ જરા બેસીએ.

કેમ્પખાટમાં પગ લટકાવીને બેસવાનું ખૂબ મુશ્કેલ હોય છે. પૃષ્ઠભાગ ઘણો નિમ્નાભિમુખ થઈ જાય છે. તે અવસ્થામાં બેસવાનો પ્રયત્ન કરતાં તેમનો કૌતુકબોધ ફરી પાછો જાગ્યો.

ભાસ્વતી બોલી, ગમે તેમ પણ આ જગ્યા સરસ છે. આ છોકરાને જો વાંધો ન હોય તો આપણે બે-ત્રણ દિવસ અહીં રહી જઈ શકીએ.

રંજન બોલ્યો, જો ફરીથી વરસાદ થાય તો સારું. આપણે નાછૂટકે રોકાવું જ પડે.

તે પછી ધીમા અવાજે રંજન બોલ્યો, સારું થયું કે ગાડી અહીં ના લાવ્યા.

– કેમ, લાવ્યા હોત તો શું થાત?

– ગાડીને નદીને પેલે કિનારે રાખવી પડત; અને તો પછી તે શોધીયે જડત ખરી?

– અહીંયાં શું ગાડી ચોરી થાય છે?

– તને ખબર નથી, જ્યાં કોઈ માણસ ન હોય, ત્યાંય ગાડીચોર

હોવાનો, કંઈ નહિ તો કેટલાય સ્પેરપાર્ટ્સ ખોલીને લઈ જ જાય.

– અહીંથી પાછા ફરી આપણે ગાડી લઈને પેલા લેઈક ઉપર જઈશું, ત્યાં અનેક પંખીઓ આવે છે.

– પ્રસેનજિત બાબુને પણ આપણે ઇન્વાઇટ કરી શકીએ, જો તેઓ આવવા રાજી થાય તો.

ભાસ્વતી જરા વિચાર કરી બોલી, ના તેમને કહેવાની જરૂર નથી. ત્યાં માત્ર બે જણાં જ ફરીશું. આ પહાડ ઉપર આપણે બે જણ જ હોત તો વધારે ગમત.

રંજન બોલ્યો, કોઈ જગ્યાએ પણ સંપૂર્ણ એકલા રહી શકાય તેવું નથી. બધે જ માણસો હોય છે.

બંનેમાંથી કોઈ અત્યારે મનની ખરી વાત કહેતું નથી. લગ્ન પછી પહેલાં બે ત્રણ વર્ષ પતિપત્ની મળી ફરવાનું ખૂબ ગમતું. અત્યારે દલબલ સાથે હોય તો વધારે ગમે. આ વખતે પણ રંજનના ઑફિસકલિગ મિ. તરફદાર અને રંજનના ગાઢ મિત્ર હીરેનના આવવાની વાત હતી. છેક છેલ્લી ઘડીએ તેઓ ના આવ્યા, તેથી તેઓ ઘણાં દુઃખી થયાં. બંગાળથી નીકળ્યા પછી પહેલા બે-ત્રણ દિવસ તો તેઓ વારે વારે કહેતાં કે આ વખતે બરાબર મઝા આવતી નથી – ગઈ વખત જેવી. ગઈ વખતે તેઓ છ-સાત જણ હતાં.

રંજન બોલ્યો, છોકરો આવા અંધારામાં ગયો, ટોર્ચ પણ ના લઈ ગયો. વધારે પડતી બહાદુરી બતાવવા માગે છે.

ભાસ્વતી ખડખડ કરતી હસી પડી, જ્યારે ભાત ચડાવ્યા ત્યારે પાણીની વાત યાદ ન આવી? તે વખતે જરા જરા ઉજાસ હતો.

– જે હોય તે, પણ લાગે છે કે છોકરો ખરાબ નથી. આપણે એકદમ જાણ્યાબાણ્યા વિના ચાલ્યાં આવ્યાં છીએ, કોઈ બદમાશના હાથમાંય પડી જાત. નદીમાં ઊતરતાં એના પ્રવાહમાં એકદમ પડી ગયો હતો. છોકરાએ મદદ ન કરી હોત તો ભારે થઈ જાત.

જરા અટકી રંજને કહ્યું, હું તારી પાસે એને મૂકીને પાણી ભરવા

જતો હતો તે શું ભૂલ હતી?

ભાસ્વતીએ બંને હાથ રંજનને ગળે ભરાવીને કહ્યું, 'ઊહું'

રંજને ભાસ્વતીના ગળા પાસે ચૂમી કરીને લાલ નિશાન પાડી દીધું. ભાસ્વતીએ રંજનની છાતીને અત્યંત આવેગથી પોતાની છાતી સાથે જડી દીધી.

આ બધી રમત હતી. તેમનામાં વાસનાની તીવ્રતા નહોતી. બીજી જ ક્ષણે પરસ્પરને છોડીને તેઓ બીજા કામમાં ગૂંથાયાં. રંજન સિગારેટ સળગાવવા લાગ્યો અને ભાસ્વતી કાળી બેગમાંથી કાંસકો કાઢીને ભીના વાળ ઓળવા લાગી.

ભાસ્વતી વિચારે છે, પ્રસેનજિતે અંધારામાં મારી કમર પર હાથ મૂક્યો હતો, તે વાત રંજનને કહેવી જોઈએ કે નહીં. તેથી તો માત્ર રંજનનું મન ખાટું થઈ જશે – અને આ રાતે તેઓ બીજે ક્યાંય તો જઈ શકે તેમ નથી. છોકરો ચરિત્રહીન નથી, લોભી છે. ચરિત્રહીન હોય તો પતિની મદદની જરૂર પડે, પણ લોભી પુરુષોને તો સ્ત્રીઓ પોતે જ કાં તો અટકાવી શકે કે ના અટકાવી શકે. આ બધા રોમેન્ટિક લોભીઓ ગોપનીયતા રાખે છે – અને ગોપનીયતા જ તો પવિત્રતાનું મોટે ભાગે રક્ષાકવચ છે.

પણ ભાસ્વતી તેના પતિને કશું જણાવતી નથી એ જાણીને જો આ છોકરો આગળ વધારે હિંમત કરે તો ? જો તે ઉન્મત્ત થઈ જાય તો? પુરુષોને આ રીતે ઉન્મત્ત થઈ જતા ભાસ્વતીએ અનેક વાર જોયા છે. ભાસ્વતીનું મન એકાએક જરા વિષાદમય બની જાય છે. આવી રોમાંચક રાત્રિ, આ સ્તબ્ધતા – એમાંય તેને શું બધો વખત જાગૃત રહેવું પડશે? ભાસ્વતીને મન નીતિનિયમ તુચ્છ છે, પણ તે રંજનના મનને કોઈ રીતે આઘાત આપવા માંગતી નથી.

એક વખતે સાંજે તરફદાર આવ્યો હતો. રંજન ત્યારે ટુર પર હતો. ચા પીતાં વાતો કરતાં કરતાં તરફદારનું મોઢું એકાએક ફિક્કું થઈ ગયું હતું. અત્યંત દ્વિધા સાથે કહ્યું હતું, હું પરદેશથી તમારે માટે એક પરફ્યુમ

લેતો આવ્યો છું. તમારે માટે જ તે ખરીદ્યું છે – તમે જો એ સ્વીકારો.

ભાસ્વતીએ હળવાશથી કહ્યું હતું, સ્વીકારીશ કેમ નહિ? મને પરફ્યુમ ખૂબ ગમે છે. કયું પરફ્યુમ? બીજું શું શું લાવ્યા છો?

બીજું તો કંઈ જ લાવી શક્યો નથી. ત્રણ સપ્તાહનો પ્રોગ્રામ હતો. ભારે ભરચક – બધો સમય વ્યસ્તતામાં જ ગયો. આવતી વખતે પેરિસ ઍરપોર્ટ પર તમે યાદ આવ્યાં, એટલે જલદી જલદીમાં માત્ર એક......

તરફદાર રંજનથી એક પાયરી ઊંચે છે, એટલે રંજનને ખુશ કરવાનો એને પ્રશ્ન જ નહોતો. તરફદાર અપરિણીત છે.

ભાસ્વતીએ કહ્યું હતું, તે એક જ જો લાવ્યા હો તો તે મને શા માટે આપો છો? તે તમારી બહેન છંદાને આપો ને? એણે જરૂર મનમાં તમે કંઈક લાવશો, એવી આશા રાખી હશે.

તરફદારે મ્લાન ભાવે કહ્યું હતું, છન્દા માટે તો કંઈક લાવવું તો જોઈતું જ હતું, પણ એ તો હવે ફરીથી જ્યારે જઈશ –

– ના, ના, આ જ તેને આપો.

– તે નહિ બને. જાણો છો કેમ? તે ખરીદતી વખતે માત્ર તમે જ મનમાં હતાં. તમે એકાદ દિવસ એ લગાડશો. તમારા શરીરની સુંગધ અને પરફ્યુમની સુગંધ ભળી એક દિવસ મારે નાકે આવશે – આ બધી કલ્પના કરી હતી પ્લેનમાં બેઠાં બેઠાં. આ માત્ર  પરફ્યુમ જ નથી, તેની સાથે મારી ઘણી બધી કલ્પનાઓ ભળેલી છે.

ભાસ્વતીનું મોં લાલ થઈ ગયું હતું. આ માત્ર  વખાણ નહોતાં. કંઈક બીજું પણ હતું. આવી વાત સાંભળતાં ભાસ્વતીને ખરાબ લાગતું નથી, પણ જો રંજન ત્યાં હોત તો રંજનને આ પસંદ આવત? અથવા તો રંજનની હાજરીમાં તરફદાર આવું કહી શકત?

તરફદાર ભદ્ર અને વિનયી માણસ છે. ખાલી ઘરમાં એ કદી દસ્યુતા આચરે એવો નથી.

તરફદારે અત્યંત કુંઠિત ભાવે કહ્યું હતું, કદાચ, તમે બીજું વિચારતાં હશો. પણ એક વાત તમને કહી દઉં. તમને જેટલી વાર જોઉં છું, તેટલી

વાર હું ચમકી ઊઠું છું. તેનું કારણ છે, મારા કૉલેજ જીવનમાં એક છોકરી સાથે મિત્રતા હતી – તેની સાથે તમારો ચહેરો ખૂબ મળતો આવે છે. તમને જોતાં જ એ મને યાદ આવે છે.

– તે છોકરી અત્યારે ક્યાં છે?

– તે અવસાન પામી છે.

એક ક્ષણ ચૂપ રહ્યા પછી, ભાસ્વતીએ પ્રશ્ન કર્યો હતો, એટલા માટે જ શું તમે લગ્ન નથી કર્યાં?

તરફદારે અન્યમનસ્ક ભાવે કહ્યું હતું, ના તે માટે તો નહિ, પણ હું એ વિસરી શકતો જ નથી. તમને જેટલી વાર જોઉં છું – એટલે કે, પ્રેક્ટિકલી તમારે ત્યાં હું આટલી વાર આવું છું – માત્ર તમને જરા જોવા માટે, માત્ર આંખોથી જોતાં જો કોઈ માણસને જરા શાંતિ મળતી હોય....

તરફદારની વાત સાચી નયે હોય, સ્ત્રીઓને વશીભૂત કરવાની આ પણ એક રીત છે – તે ભાસ્વતી જાણે છે. તરફદારની વાત હૃદયપૂર્વકની લાગે છે. પણ આ બધી વાતોમાં એક અપરાધબોધ રહ્યો હોય છે. તરફદારે આજ દિન પર્યન્ત કશું એવું કર્યું નથી – માત્ર જ્યાં જ્યારે મળવાનું થયું છે, ત્યાં ત્યારે ઉત્સુક નજરે ભાસ્વતીને તાકી રહેતો હોય છે...

ભાસ્વતીએ તે દિવસે પરફ્યુમ લીધું નહોતું. તરફદારને તે રંજનની હાજરીમાં આપવું પડ્યું હતું. રંજને તે વાત લઈને જરા મઝા કરી હતી ભાસ્વતીની, બીજું કશું નહિ. પણ રંજનને તે ખબર નથી કે તે પરફ્યુમ સાથે તરફદારની કેટલી વાસના ભળેલી છે. ભાસ્વતી તે વાત રંજનને કહી શકી નહોતી.

સિગારેટના ધુમાડાના વર્તુળમાં બેઠેલા રંજન સામે ભાસ્વતીએ જોયું. ભવાં નીચાં કરીને વિચાર્યું, ના કહીને શું કશો અન્યાય કર્યો છે? તેઓ બંને પરમ મિત્રો છે. તરફદારની એ દુર્બળતા માટે બંને જણા વચ્ચે મનોમાલિન્ય જગાવવું એ શું ઉચિત થાત?

ભાસ્વતીને જોઈને રંજન ગરમી અનુભવવા લાગ્યો. ભાસ્વતીની

પાયજામાની દોરી પેટની જરા નીચે ઊતરી ગઈ હતી. નાની દૂંટી, કમરનો વળાંક જાણે માખણમાં છરી વડે કોતરી કાઢ્યો ન હોય! કાળા બ્રેસિયર નીચે કાળા ગિરિશિખર જેવાં બે સ્તન, ગળામાં એક પાતળો સોનાનો હાર ચમકે છે, કાનમાં પણ બે નાનાં લોળિયાં છે. એક હાથ ઊંચો કરીને વાળ પકડ્યા છે અને બીજા હાથમાં કાંસકો છે. માત્ર તેની આંખની નજર અન્યમનસ્ક છે. ભાસ્વતીના શરીરનો અનાવૃત અંશ, તેની ત્વચાની મસૃણતા જ વધારે આકર્ષિત કરે છે.

રંજને બે હાથ લંબાવી કહ્યું, ‘આવ, એક વાર પાસે આવ.’ એ વખતે બહાર અવાજ સંભળાયો. તેઓ ખાસ ચમક્યાં નહોતાં, કારણકે પ્રસેનજિત આવવાનો જ હતો. આમ છતાં અવાજ માણસના પગે ચાલવા જેવો નહોતો.

રંજને ભાસ્વતીને કહ્યું, શરીરે જરાક કંઈ વીંટાળી લે. તે પછી તે સાવધ થઈ દરવાજા પાસે ઊભો રહ્યો. રંજનને પિસ્તોલ સારી રીતે ચલાવતાં આવડે છે. કાશીપુર ક્લબનો સભ્ય છે. તે અમસ્તો ડરી જતો નથી.

ટોર્ચનું અજવાળું કરીને જોયું, બીજું કોઈ નહોતું, પ્રસેનજિત આવેલો હતો, પણ તેની ચાલ બદલાઈ ગઈ હતી. પાણીની ડોલ બે હાથમાં લીધી છે, માથું ઝૂકી પડ્યું છે, પગ ઘસડતો ઘસડતો ચાલે છે. એક ઊંચે સ્થળે એક ભારે વસ્તુ લઈને ચઢવાનું સાચે જ કષ્ટદાયક છે, પણ તે સિવાય પ્રસેનજિતને પગે લોહી આવ્યું હતું.

## ૬

રંજન પ્રસેનજિતની મદદે દોડી ગયો. પ્રશ્ન કર્યો, શું થયું?

પ્રસેનજિત ચિબુક પર ઘણું વાગ્યું હતું. ત્યાંથી જ વધારે લોહી આવતું હતું. હાથ અને પેન્ટ પર તે જ લોહી હતું.

ડોલ નીચે મૂકીને તે બોલ્યો, કંઈ નહિ, પડી ગયો હતો. વરસાદને

લીધે પથ્થરો ખૂબ લપસણા થઈ ગયા હતા.

– તમને કહ્યું હતું ને કે હું જાઉં છું.

– તમે ગયા હોત તો વળી વધારે મુશ્કેલી પડત. રાતે પહાડી માર્ગે ચાલવું ડેન્જરસ છે. મને તો ટેવ છે. પાણી લઈને આવતી વખતે એક શોર્ટકટ લેવા ગયો, ત્યાં અચાનક પડી ગયો. આવી રીતે ક્યારેય મારો પગ લપસતો નથી. પાણી પણ બધું ઢોળાઈ ગયું હતું, એટલે પાછા ફરી લેવા જવું પડ્યું.

– બે વખત જવું પડ્યું?

– બીજું શું થાય?

– તમે ટોર્ચ પણ લઈ ના ગયા? ખરા છો!

ભાસ્વતી તરફ જરા જોઈ લઈને પ્રસેનજિતે કહ્યું, એ માટે આ જવાબદાર છે. તેમણે જે રીતે મને જવાનો હુકમ કર્યો કે મને કશું વિચારવાનોય મોકો ન મળ્યો.

વાતને જરા મુલાયમ બનાવવા માટે બોલી રહ્યા પછી જરા હસ્યો. રંજને ભાસ્વતી તરફ જોયું.

જરાયે લજ્જા પામ્યા વિના ભાસ્વતીએ ઠપકાના સૂરે કહ્યું. પહાડી રસ્તે અવરજવર કર્યાની સુવિધા-અસુવિધા તમે જ જાણો, તે શું મારે તમને કહેવું પડે? લાવો લોહી સાફ કરી નાખીએ.

– વધારે પાણી વાપરવું નહિ પોસાય.

– રૂ બૂ છે?

પ્રસેનજિતે પોતે જ બોક્સમાંથી અને સ્ટિકિંગ પ્લાસ્ટર બહાર કાઢ્યાં. તેને આ બધું રાખવું જ પડે છે.

રંજને કહ્યું, પાણી જરા ગરમ કરીને ધોઈએ તો?

પ્રસેનજિતે કહ્યું, તેની જરૂર નથી. જરા બ્રાન્ડી લગાડવી પડશે. આલ્કોહોલ એન્ટિસેપ્ટિક હોય છે.

એક પથ્થરનો ખૂણો પ્રસેનજિતના ચિબુકે પેસી ગયો હતો, ઘણો ઊંડો ઘા પડ્યો હતો. ઘણીબધી વેદના થવી જોઈએ, પણ મોઢા પર

એકેય રેખા વિકૃત નહોતી. બ્રાન્ડીની બોટલમાંથી ગટ ગટ કરીને તેણે થોડી પી લીધી.

ભાસ્વતીએ પૂછ્યું, બીજે ક્યાં વાગ્યું છે? –

– ઢીંચણે જરા વાગ્યું છે. ખાસ નથી. જરા લપસી ગયો હતો.

વાગેલી જગ્યાએ સારી રીતે સાફ કરીને, ભાસ્વતી રૂ દબાવી રાખી લોહી બંધ કરવા લાગી. પ્રસેનજિત ચિબુક ઊંચું કરીને ઊભો રહ્યો.

એક માણસને વાગ્યું હોય અને પાસે કોઈ સ્ત્રી હોય તો તે જ તેની પરિચર્યા કરે એ તો આ જગતનો નિયમ છે, એ વિના તો નારી કહેવાય કેમ? રંજન એક બાજુ ઊભો રહીને જુએ છે, ભાસ્વતીનાં મન અને હાથ સેવામાં રત છે. આ સ્થિતિમાં અમસ્તી જ રીતે ભાસ્વતીની પીઠ ઉપર હાથ આવી જાય, તો ભાસ્વતી શું કરી શકે? શું તે પ્રસેનજિતને એક ધક્કો મારે? તે શું રંજનને કહેત કે આ ગુસ્તાખીખોર પુરુષને તે શિક્ષા કરે? તે પછી રંજન અને પ્રસેનજિતની વચ્ચે મારામારી શરૂ થઈ જાય. ત્યારે શું એવું ના લાગત કે એક માંસના ટુકડા માટે બે કૂતરાની આ લડાઈ છે? ભાસ્વતીને દુ:ખ થયું. તેનું શરીર શું માત્ર માંસ છે?

ભાસ્વતી છાની છાની રીતે આંખ રાતી કરીને પ્રસેનજિત તરફ જુએ છે. પ્રસેનજિત તેનો હાથ હટાવી લેતો નથી. તેના હોઠ પર સૂક્ષ્મ, અતિસૂક્ષ્મ હાસ્યનો આભાસ છે. રંજન જો આ બધું જોઈ જાય તો એ વિચારે કે આ બંને જણા વચ્ચે ષડ્યંત્ર છે. ભાસ્વતીના હાથનો સ્પર્શ પામવા માટે જ શું પ્રસેનજિત ચિબુકે વગાડી આવ્યો છે?

ભાસ્વતી જલદી જલદી પૂરું કરવા માગતી હતી. લોહીવાળું રૂ ખેંચી લેતાં લેતાં પ્રસેનજિતને વાગેલા સ્થળે ધક્કો વાગી જાય છે. રંજને કહ્યું, ‘આહ, જરા કાળજીથી. એમને દુખે નહિ.’

સ્ટિકિંગ પ્લાસ્ટર લગાડ્યા પછી ભાસ્વતી ખસી જાય છે. તેના હાથ લોહીવાળા થયા છે. પાણી વાપરવાનો પ્રશ્ન વિચારીને બરાબર રીતે હાથ ધૂએ છે.

પિંજરાનો મોટો સાપ જોરજોરથી કેટલીક વાર ‘છું...છું..’ કરતાં

પ્રસેનજિત કરાંજી ઊઠ્યો : ચૂપ, બહુ ફાટ્યો છે, દઈશને એક –

રંજન બોલ્યો, તે શું ખાય છે? લાગે છે ભૂખ્યા થયા છે.

– સાપના ધંધામાં આ એક સુવિધા છે. ઘણા દિવસ ખાધા વિના ભૂખ્યા તેઓ રહી શકે છે, પણ મને તો ભૂખ લાગી ગઈ છે. તમને નથી લાગી?

ખૂબ લાગી છે ને.

પ્રસેનજિત જરા ખોડંગાતો ચાલે છે. તે જોઈ રંજને કહ્યું, તમને પગે પણ ઠીક ઠીક વાગ્યું હોય એમ લાગે છે. ઢીંચણે વાગ્યું છે? જરા પેન્ટ ઉપર ચઢાવો તો? જોઉં.

– ખાસ કૈં નથી.

– એકલા એકલા આ રીતે રહો છો ને. એકાએક ભારે ઘા થતાં ક્યારેક કશુંક જો થાય...

– મારી સાથે સામાન્ય રીતે જણ તો રહે છે. તે સિવાય - બાકી વાત પૂરી કર્યા સિવાય જ પ્રસેનજિત હસ્યો અથવા એ હાસ્યમાં જ બાકીની વાત આવી જાય છે.

માત્ર બે ચીની માટીની પ્લેટ અને બે ગ્લાસ સિવાય બીજું વાસણ નહોતું. ત્રણ જણ એકી સાથે ખાવા કેવી રીતે બેસે?

આધુનિક સમાજમાં હોવા છતાં ભાસ્વતી બંગાળી નારી હતી. તે બોલી,પહેલાં તમને બે જણને આપીશ, પછી હું ખાઈશ.

વાતને ઉઠાવી લઈને પ્રસેનજિત બોલ્યો, એવું તે થતું હશે? તમે મારાં મહેમાન છો. તમે જમવા બેસો. હું પીરસું છું.

રંજનને ભાસ્વતીનો પ્રસ્તાવ ગમ્યો. તેણે કહ્યું, બરાબર છે, એને કરવા દો. આપણે બેસીએ.

– જુઓ, હું પહાડી માણસ છું, એટલે શું ઉચિત અતિથિ-સત્કારમાંથીય જઈશ?

રંજન શુષ્કભાવે હસીને બોલ્યો, અતિથિ? અમે તો જોર કરીને તમારી પાસે... બીજો કોઈ આરો જ નહોતો.

પ્રસેનજિત નમ્રભાવે કહ્યું, તમે આ કેવી વાત કરો છો? અહીં મારા ઘરેડિયા જીવનમાં તમારું આગમન એ તો મારું સદ્‌ભાગ્ય છે. તમને અહીં ઘણી તકલીફ પડશે.

આ પહેલી વાર તેને મોંએથી આવી વાત નીકળી. આ પહેલાં આ દંપતીની સૌજન્યસૂચક વાતોનો કોઈ જવાબ આપ્યો નહોતો.

ગુણપાટની બે થેલીઓનાં આસન પાથરી અત્યંત આદરભાવે રંજનને કહ્યું, આના ઉપર તમારે બેસવું પડશે, તેનો મને અફસોસ છે.

– અરે, ના ના એમ શું બોલો છો?

– તો તમે બેસી જાઓ. એક કામ કરીએ. તમને બંને જણને પ્લેટમાં આપી હું આ દેગચીમાં જ ખાઈ લઉં છું. તેમાં તમને વાંધો તો નથીને? જરા સારું નહિ લાગે, પણ...

ભાસ્વતીએ કહ્યું, હું જ દેગચીમાં લઉં છું.

– કાલે પણ જો તમારે રહી જવું પડે, તો કાલે તમારે દેગચી -

રંજન ચમકીને બોલ્યો શું કાલેય રહેવું પડશે?

પ્રસેનજિત હસીને બોલ્યો : એટલામાં જ કંટાળી ગયા? નદીના પાણીનું ઊતરવું. ના ઊતરવું આપણા હાથની વાત નથી. પણ જે થાય તે કાલે જો તમારે જવું જ હોય તો હું વ્યવસ્થા કરી દઈશ. વહેલી સવારે નીકળી પડી હેઠવાસના પાંચ-છ માઈલ દૂરના ગામે નવેક-વાગ્યે પહોંચી જઈશું. જરા આરામ લઈ – બીજા અઢી માઈલ દૂર પાકી સડક પર બસ મળી જશે. અગિયાર વાગે. હું તમને બસમાં બેસાડી દઈશ.

– તે બસ ક્યાં જાય છે?

– જાય છે ભોપાલ તરફ તમે વચ્ચે એક સ્થળે ઊતરી જજો, ત્યાંથી તમારા ડાકબંગલા તરફ જવાની કનેક્ટિંગ બસ મળી જશે.

પાછા ફરવા અંગે નિશ્ચિત થઈ રંજન બોલ્યો, 'જોઈએ, ગમે તો કાલે રહી પણ જઈએ. મારી પત્નીની એવી જ ઇચ્છા છે.'

ભાત ગરમ જ હતા. પ્રસેનજિતને ત્યાં જે ઘી હતું, તે ચોખ્ખું અને તાજું હતું. ગરમ ભાતમાં ઘી અને બાફેલા બટાટા અમૃત જેવાં લાગતાં

હતાં. પ્રસેનજિતે તેમાં દળેલું મરચું ભભરાવ્યું, તીખા વિના તેને ભાવતું નથી. તેના ભાતનો રંગ લાલ છે.

રંજન બોલ્યો, અહીં ખરેખર બહુ મઝા આવે છે, તમને જરા માત્ર એક્સિડન્ટ ન થયો હોત.....

– એ સામાન્ય વાતથી ચિન્તાતુર ના થશો.

– શહેરનું જીવન અમને પણ એકવિધ લાગે છે. વચ્ચે વચ્ચે જો આવે સ્થળે આવીને રહી જઈએ. વિદેશના યુવકો યુવતીઓ તો ઘણું કરીને જતાં હોય છે. માત્ર સાથે જરૂરી ચીજવસ્તુઓ લઈ જાય છે, અમને પણ આવી ઇચ્છા થાય છે. આ પહાડ પર અવશ્ય સાપ છે, તમે કહો છો એટલે –

– હવે વધારે નથી. મેં લગભગ ખલાસ કરી દીધા છે.

ભાસ્વતીએ એકાએક પ્રશ્ન કર્યો, તમારે ઘેર કોણ કેણ છે? જમીન તરફ જોઈને પ્રસેનજિતે કહ્યું, હજી મારા બાપુ જીવે છે. કામબામ કશું કરી શકતા નથી. – ત્રણ મોટાભાઈ છે. મા તો હું જ્યારે એક વર્ષનો હતો, ત્યારની મરી ગઈ છે.

– તમે આ રીતે કેટલો સમય રહેશો?

– કોઈ ખ્યાલ નથી. જેટલા દિવસ ચાલે –

રંજને બારણા તરફ જોઈ કહ્યું, ‘પેલું શું છે? અરે સતી, ખસી જા, ખસી જા –’

ભાસ્વતી ચમકી ઊઠી. એની ખાવાની પ્લેટ ઊંધી થઈ ગઈ. જરા પછી ધ્યાનથી જોયું તો કશું નહોતું, એક દેડકો હતો.

પહાડી દેડકો – મટોડી રંગ, ચીકણું શરીર, મોટી મોટી આંખો, ઠેકડા ભરતો આવે છે.

પ્રસેનજિત બોલ્યો, આ વાર જુઓ જરા મઝા, પિંજરામાં સાપ છે અને છતાં દેડકો એ બાજુએ જ જશે. એના જેવો મૂરખ જીવ બીજો કોઈ નથી.

દેડકો ખરેખર કૂદતો કૂદતો પાંજરા ભણી ગયો. પતિપત્ની બંને

આડાં ફરી તે બાજુએ જોઈ રહે છે. મોટો સાપ ચિક્ ચિક્  કરી જીભ બહાર કાઢે છે. દેડકાને એકદમ પાંજરાની પાસે પહોંચી ફૂં ફૂં સાંભળતાં ખ્યાલ આવ્યો તરત જ પાછા વળી ઊંચે શ્વાસે માર્યો મોટો કૂદકો. પ્રસેનજિત હા હા કરીને હસી પડ્યો.

દેડકો ભાગી જાય તે પહેલાં પ્રસેનજિતે એક લાકડી વડે તેને ઠેલીને પાંજરા ભણી ધકેલ્યો. સાપે હુમલો કર્યો, પણ જાળીની બહાર દેડકાને પકડી શક્યો નહિ.

દેડકો જમીન પર અવળો પડ્યો, ચિત્ત થઈને. દેખાયું તેનું સફેદ પેટ. મહા પરાણે સવળો થઈ જેવો કૂદકો મારવા જાય છે કે ફરી પ્રસેનજિત તેને પાંજરા તરફ ધકેલવા જાય છે.

ભાસ્વતી બોલી, શું કરો છો?

પ્રસેનજિતે તેની વાત ન સાંભળી. દેડકાને પાંજરા સાથે દબાવવા જાય છે.

પ્રસેનજિતનો હાથ પકડીને લાકડી ફેંકી દઈને ભાસ્વતી બોલી, 'શું થયું છે? છોડી દો એને, ગંદું કામ છે, તમારું તો કોઈ નામ નથી ભલા.'

જરાક તક મળતાં દેડકો છૂટવાનો પ્રયત્ન કરતો હતો. પ્રસેનજિતે પગના ઠેલાથી તેને બહાર કરી દીધો - 'બોલ્યો, જા – !'

તે પછી ભાસ્વતી તરફ ફરીને તે બોલ્યો, બિચારા સાપને ખાવા ના દીધું. તમે આટલાં વિચલિત કેમ થઈ ગયાં? જીવજગતનો નિયમ જ એ છે કે એકને બીજા પર જ જીવવાનું છે.

– તોયે આંખ સામે જોતાં ચીતરી ચઢે છે.

– તમે શહેરમાં રહો છો. તમારી નજરે આવું બધું ન પડે. આમ છતાં પ્રકૃતિમાં તો હરહંમેશ આવું બનતું રહે છે. જોઈ જોઈને અમે તો ટેવાઈ ગયા છીએ. એક દિવસ જોયું એક બાજકોયલને (બંગાળમાં જેને બઉ કથાકઓ કહે છે – દેખાવે અતિ સુંદર હોય છે) – ઝાડ પર ચઢીને એક સાપે પકડી હતી. મારા હાથમાં ચીપિયો હતો. એક ક્ષણે વિચાર આવ્યો કે તે જ ક્ષણે સાપને ધડાક દઈને એક – પણ મારી સાથે જે

હરદયાલ હતો. તેણે કહ્યું, સાહેબ, રહેવા દો, રહેવા દો. બિચારા સાપને છેલ્લી વાર ધરાઈને ખાઈ લેવા દો. પંખી તો હવે બચવાનું નથી. મેં પણ થોડી રાહ જોઈ.

– ઊભાં ઊભાં જોયા કર્યું ત્યાં?

– સાપ તો છટકી શકે તેમ નહોતો. નવાઈ લાગે તે રીતે તે પીછાં છોડી દઈને ખાતો હતો. સાંભળતાં તમને ખરાબ લાગે છે?

– હા.

– પણ એ જ કુદરતનો કાયદો છે. તમારા શહેરમાં પણ આવું થાય છે, પણ ત્યાં જરા વ્યવસ્થિત હોય છે, ત્યાં પણ કેટલાક માણસોને રિબાઈ રિબાઈને મરવું પડતું હોય છે અને કેટલાક માણસો તાગડધિન્ના કરતા હોય છે. ખરું ને? તે જલદી સમજાય એવું નથી, ખાસ તો સ્ત્રીઓને –

રંજન બોલ્યો, 'સાચું છે, એમ જ ચાલતું આવે છે.'

– દયા-માયા વગેરે શબ્દોનો અર્થ સ્થળકાળ પ્રમાણે બદલાય છે. અનેક શહેરોમાં જોશો – પશુદુઃખનિવારણ સમિતિઓ છે. ઘણી મોટી વસ્તુ છે, પણ તે જ શહેરમાં કેટલાં નાનાં નાનાં છોકરાં ભીખ માગતાં હોય છે, પણ આ સમિતિને તેની ખબર હોતી નથી.

રંજન બોલ્યો, આપણે અહીં પેટ ભરીને ખાધું અને એ બિચારા સાપનું ડિનર પોતાની મેળે સામે ચાલીને આવ્યું, તોયે આપણે ખાવા ના દીધું. સમજી સતી, આ સાચી જીવદયા નથી.

ભાસ્વતીએ કહ્યું, મને અહીં જરાયે રહેવાની ઇચ્છા થતી નથી.

– તું તો કહેતી હતી કે આવા એક પહાડી જંગલમાં ઘર બનાવીને રહેવાનું?

– કદાચ તેમણે ધાર્યું હશે કે જંગલમાં માત્ર તપોવન જેવી શાંત સ્નિગ્ધ જગ્યા હશે. થોડી વાર માટે આવીએ એટલે એવું જ લાગવાનું પરંતુ જંગલ એટલે જ હિંસાનું સામ્રાજ્ય. જોયું ના,એક સામાન્ય નદી પણ કેવી વિપત્તિજનક બની જાય છે.

સ્વામી અને આ અન્ય પુરુષની વાતમાં વ્યંગનો આભાસ હતો. ભાસ્વતીને તેમની સાથે આ રીતે વાત કરવાનું ગમતું નથી. બંને જણા જાણે તેને જ લક્ષ્યમાં રાખીને બોલતા હતા.

તે તરત જ ત્યાંથી ઊઠીને બહાર નીકળી ગઈ. અંધારામાં જરા વધારે આગળ નીકળી ગઈ.

રંજન તરત જ તેની પાછળ પાછળ નીકળ્યો. ભાસ્વતીનો હાથ પકડીને દબાયેલા અવાજે કહ્યું, અરે સતી, શું થયું?

ભાસ્વતીએ ભારે અવાજે જવાબ આપ્યો, કશુંય નહિ.

– ક્યાં, જાય છે ક્યાં?

– ક્યાંય નહિ.

– એકદમ ગુસ્સે કેમ થઈ ગઈ? શું થયું?

– કશું નથી થયું તો...

સ્ત્રીઓના ગુસ્સાનું કારણ ન સમજાતાં પુરુષનું મોં જેવું અસહાય થઈ જાય છે, તેવું અસહાય મોં લઈને રંજન ઊભો રહી ગયો.

પેલી બાજુ ઓરડામાં મંદ મંદ હસતાં હસતાં પ્રસેનજિતે એંઠ વાળી, પછી વાસણપત્તર લઈને બહાર આવ્યો.

તે જોઈને રંજન જરા નારાજ થઈ ગયો. આ શું, તમે જ લઈ આવ્યા? સતી, તારે તેમને મદદ કરવી જોઈએ.

પ્રસેનજિત કહ્યું, અત્યારે કૈં ઘસવા કરવાનાં નથી. અહીં માત્ર રાખી જ મૂકું છું. વરસાદ પડતાં ધોવાઈ જશે. બે ગ્લાસ માત્ર ધોઈ રાખું છું. આવો, હાથ ધોઈ નાખો.

ભાસ્વતી પાણી પાસે આવી.

રંજને ઘડિયાળ જોઈને કહ્યું, માત્ર સાડા આઠ વાગ્યા છે. થાય છે જાણે ઘણી રાત વીતી ગઈ.

બીજા દિવસોમાં તો આ વખતે તેઓ રેકોર્ડપ્લેયર સાંભળતાં અથવા સિનેમાએ જતાં અથવા મિત્રોને ઘેર. સાડા દશ અગિયાર પહેલાં ભાગ્યે જ કોઈ દિવસ ખાવાનું થતું.

રંજને કહ્યું, અત્યારથી જ સૂઈ જશું?

પ્રસેનજિતે કહ્યું, ઇચ્છા હોય તો આપણે ત્રણ જણ જરા ફરી આવીએ. તે પછી જરા વિચાર કરીને પ્રસેનજિતે કહ્યું, ના, નથી જવું. રસ્તો કરાબ છે. ક્યાંક હાથપગ ભાંગી જાય.

– બીજા દિવસોએ તમે આ વેળાએ શું કરો છો?

– હું શું કરું છું? કંઈ નહિ. સાંજ થતાં જ ખાવાપીવાની તૈયારી. તે પછી ખાવાનું. તે પછી સૂઈ જવાનું. મધ્યમવર્ગના માણસની જેમ ચોપડી વાંચવાની પણ મને ટેવ નથી.

– તમે તો ગાઓ પણ છો.

– હું?

ભાસ્વતીએ કહ્યું, અમે તમને ગાતાં સાંભળ્યાં છે : ‘જે દિન સુનીલ જલધિ હઈતે’

હસી પડીને પ્રસેનજિતે કહ્યું, તે ગીત તો આ મુંગો પહાડ અને આ પાંદડા સહન કરી શકે. કોઈ સભ્ય માણસના કાન સહન કરી ના શકે. માત્ર કંટાળો દૂર કરવા ગાઉ છું. તમે ગાઓ છો?

રંજન તરફ આંગળી કરીને ભાસ્વતીએ કહ્યું, એ જાણે છે. રંજને કહ્યું, એક કામ કરીએ તો થાય, હું તો આખી રાત ગાઈ અને વાતો કરીને પૂરી કરી શકું છું. કંઈ નહિ તો જેટલો સમય મળે.

પ્રસેનજિતે કહ્યું, તે થઈ શકે. પણ તેમ કરવું હોય તો  આપણે અંધારામાં બેસવું પડે. પેટ્રોમેક્ષ લાંબા વખત સુધી બળતી નહિ રાખી શકાય. આ એક બાબતમાં હું કંજૂસ છું. પેટ્રોમેક્ષમાં વધારે કેરોસીન નથી. અહીં પંદર-વીસ માઇલના વિસ્તારમાં કેરોસીન મળતું નથી.

અંધારામા નજીક નજીક બેસીને વાતો કરવાની વાત ભાસ્વતીને ગમી નહિ. તે બોલી ‘હું થોડીવાર પછી સૂઈ જઈશ. મને ઊંઘ આવે છે.’

પ્રસેનજિતે કહ્યું, ચાલો, પહેલાં સૂવાની વ્યવસ્થા કરી લઈએ. તે પછી જો વાતો કરવાની ઇચ્છા થશે તો –

હવે સૂવાની વ્યવસ્થા.

આ વાત લઈને ભાસ્વતી અને રંજન એકલાં એકલાં ક્યારનાંય વિચાર કરતાં હતાં, પણ કોઈ કશું બોલતું નહોતું. સૂવાની વ્યવસ્થા કેવી રીતે થશે? માત્ર બે જ ખાટલા હતા, પણ ફોલ્ડિંગ કેમ્પ – ખાટલા – આમેય નાના હોય છે અને એ બનાવેલા જ એવા હોય છે કે એક ખાટલામાં બે જણ સૂઈ જ ના શકે.

છતાં રંજને તે અસંભવ પ્રસ્તાવ મૂક્યો, એક ખાટલામાં અમે બે જણાં સૂઈ જઈશું, અને એકમાં તમે.

પ્રસેનજિતે કહ્યું, એક ખાટલામાં બે જણ? બે છોકરાં પણ સૂઈ ના શકે, માથાં ભટકાઈ જાય.

– એ તો અમે નભાવી લઈશું.

– અવાસ્તવિક વાત કરવાનો કશો અર્થ નથી. એ રીતે સૂવા કરતાં ના સૂવું વધારે સારું. તમે બંને બે ખાટલા લો. હું રાંધવાના ઓરડામાં મારી વ્યવસ્થા કરી લઈશ.

રંજનનું ઉન્નત હૃદય આવી સ્વાર્થી વ્યવસ્થામાં જરાયે સંમત ન થયું. તેણે દૃઢતાથી કહ્યું, તે બને જ નહિ! એ કરતાં એક કામ કરીએ. ખાટલા ખસેડી લઈને જમીન પર કશુંક પાથરીને આપણે ત્રણે જણાંય સૂઈ શકીશું.

રંજનની વાત વધારે પડતી હતી. ભાસ્વતીએ રંજનની સામે જોયું. આ રીતે સૂવામાં ભાસ્વતીને વાંધો નથી, સામાજિક નીતિને તે સ્વીકારતી નથી, પણ પ્રસેનજિતનો હાથ? એ તોફાની હાથને કોણ રોકશે? રંજનને જ દુઃખ આપવાનું થાય તેથી તો.

તે માનિનીની જેમ ગળામાંથી અનુનાસિક લાડના અવાજમાં બોલી, ના રે બાપ, હું જમીન પર નહિ સૂઈ શકું. કદાચ દેડકો-બેડકો આવે –

રંજને પ્રસેનજિત સામે જોઈ પુરુષોની ખાસ અદાથી સહાસ્ય દીર્ઘ શ્વાસ છોડ્યો, જેનો અર્થ એવો થાય કે સ્ત્રીઓની વાતથી તોબા.

તે પછી તે બોલ્યો, ભલે, તે એક ખાટલામાં સૂઈ જશે. તમે અને હું જમીન પર સૂઈ જઈશું. એક રાત વીતતાં કેટલી વાર?

પ્રસેનજિતે કહ્યું. એક ખાટલો તો ખાલી પડી રહે તેનો કોઈ અર્થ નથી. તમે બંને આ ઓરડામાં રહો. હું બાજુના ઓરડામાં મારી વ્યવસ્થા કરી લઉં છું. કોઈ અગવડ નહિ પડે.

– એ સાપના ઓરડામાં તમે સૂશો?

– માછીમારને જેમ માછલીની ગંધ વિના ઊંઘ આવતી નથી, મને પણ સાપના ફૂંફાડાના અવાજ સાંભળ્યા વિના ઊંઘ આવતી નથી. તમારે પણ એ અવાજ સાંભળવાનો રહ્યો.

– એમ નહિ બને.

અનેક વાદવિવાદ કરવા છતાં પ્રસેનજિતનો મત બદલાયો નહિ. ખરેખર તો એ જે કહેતો હતો, તે જ માત્ર એક વ્યવસ્થા થઈ શકે તેમ હતી. તેની વ્યવસ્થામાં કોઈ પ્રકારનો જરાય બદઇરાદો નહોતો, એ જોઈને ભાસ્વતીને ઊલટાની જરા નવાઈ લાગી!

રંજન કૃતજ્ઞતાથી ગળાગળો થઈ જતાં બોલ્યો, પણ એ કેવું લાગશે? મને જરા કહો તો. અમે બે જણ લહેરથી ખાટલામાં સૂઈ જઈએ અને તમે એ સાપની ઓરડીમાં જમીન પર...

સરળ ભાવે હસતાં પ્રસેનજિતે કહ્યું, કંઈ નહિ તો આ એક દહાડો આપની સેવા કરવાની મને તક આપો.

આ જો કોઈ ડાક બંગલાનો ચોકીદાર હોત તો રંજન આ ક્ષણે જ તેને પચ્ચીસ રૂપિયા બક્ષિસમાં આપી દેત, પણ આને બદલામાં કશુંય આપી શકાય તેવું નહોતું. એથી રંજન મનમાં ને મનમાં નારાજ થયો.

ખાટલા પર જે સામાન્ય બિછાનું અને ઓશીકું હતું તે લેવાની રંજને સાફ ના પાડી. પ્રસેનજિતે તે લેવાં જ રહ્યાં. રંજન બોલ્યો, ‘સતી, તું પ્લીઝ તેમનું બિછાનું પાથરી આપ.’

ગાદલું અને ઓશીકું લઈ ભાસ્વતી બાજુના ઓરડામાં ગઈ. પ્રસેનજિતે તેટલી વારમાં જગ્યા સાફસૂફ કરી હતી. ભાસ્વતીએ કહ્યું: જરા ખસો, હું પથારી કરી દઉં.

ઢીંચણે બેસીને ભાસ્વતી બિછાનાની ચાદર વ્યવસ્થિત કરતી હતી.

પ્રસેનજિતે બહુ ધીમે ધીમે કહ્યું, મારી પથારીને કોઈ દિવસ તમારા જેવાના હાથનો સ્પર્શ થશે એ માની પણ શકતો નથી!

મોઢું ફેરવ્યા વિના જ ભાસ્વતીએ કહ્યું, 'હવે લગ્ન કરી લો.'

– કોઈ અહીં આવવા તૈયાર નહિ થાય. તમે માત્ર આવ્યાં છો.

તે પછી પ્રસેનજિતે તેનો હાથ લંબાવીને ભાસ્વતીને ચિબુક પકડીને કહ્યું, 'તમે કેટલાં સુંદર છો!'

ભાસ્વતીએ મોં ખસેડી લીધું.

પ્રસેનજિત તોયે ભાસ્વતીના હાથ પર હાથ રાખીને બોલ્યો, 'આવી સુંદર આંગળીઓ, આવો છબી જેવો હાથ...'

જાણે પ્રસેનજિત સાથે તેની ઘણાં દિવસની ઓળખાણ ન હોય, એ ભાવથી ભાસ્વતીએ તેના સામે જોઈને વિનંતીના સ્વરમાં કહ્યું, 'છિ, આવું ના કરો.'

પ્રસેનજિત તેનો કઠોર હાથ ફરીથી ભાસ્વતીના ગાલ પર રાખી ફરીથી બોલ્યો, 'કેવું સુંદર મોં! મેં કેટલાય દિવસથી આવું સુંદર કશું જોયું નથી.'

કોઈ ઘડીએ રંજન આ ઓરડામાં આવી જાય તેમ હતું. ભાસ્વતી જલદી જલદી ઊભી થઈ ગઈ. પ્રસેનજિતે તે ક્ષણે ઢીંચણ પાસેથી ભાસ્વતીના બંને પગ પકડી લીધાં. ભાસ્વતીએ ઝટકો મારીને પગ છોડાવી દીધો અને તે દર્પ સાથે પાસેના ઓરડામાં જતી રહી.

## ૭

બંને ઓરડાને બહારની બાજુએ બારણું છે. તે જ બંધ થઈ શકે તેવું છે. બે ઓરડાની વચ્ચે કોઈ બારણું નથી. બારણા જેટલી જગા કાઢેલી છે. એને બંધ કરવાનો કોઈ પ્રશ્ન જ ઊઠતો નથી. પોતપોતાની પથારીમાં સૂતાં સૂતાં બંને ઓરડામાંથી તેઓ મોટે મોટેથી વાતો કરવા લાગ્યા.

પ્રસેનજિતે પેટ્રોમેક્ષ બુઝાવી દીધી હતી. રંજનના ઓશિકે ટોર્ચ હતી.

પ્રસેનજિત પણ તેના રેઈન-કોટના ખિસ્સામાંથી ટોર્ચ લઈ ગયો છે.

રંજને પૂછ્યું, તમે છેલ્લા કલકત્તા ક્યારે ગયેલા?

– સત્તર વર્ષની ઉંમરે. ત્યારે એક વાર ઘેરથી ભાગી ગયો હતો. કલકત્તા મને ના ગમ્યું.

– તે તો હું સમજી જ ગયો હતો. તમે કલકત્તા વિષે એક વાર પણ પૃચ્છા કરી નથી. બંગાળ બહાર રહેતા બધા બંગાળીઓ કલકત્તા વિષે પૂછતા હોય છે.

– હું પૂરેપૂરો બંગાળી પણ નથી.

– યુ. આર. યુનિક્. અત્યારે એમ લાગે છે કે તમે ખરા છો. મને પણ આજકાલ કલકત્તા સારું લાગતું નથી. ક્યારે છોડું એમ થઈ જાય છે. એટલે તો સુયોગ મળતાં જ બહાર નીકળી પડું છું.

ભાસ્વતી ચૂપચાપ સૂઈ ગઈ છે. તેને ઊંઘ આવે તેમ લાગતું નથી. ખાટલા બારણા જેવી જગ્યાની બંને બાજુએ ત્રાંસા પાથરેલા છે. એક ખાટલામાંથી તે ખાલી જગ્યા બરાબર દેખાય છે, બીજામાંથી દેખાતી નથી. જ્યાંથી દેખાય છે, તે જગ્યાનો ખાટલો ભાસ્વતીએ પોતે ચાહીને પસંદ કર્યો છે. અંધારામાં આંખ ઉઘાડી રાખીને તે તાકી રહી છે. બધી વેળા તે દિશામાં. તેમની વાતચીત થંભે તેની તે રાહ જોઈ રહી છે.

ઘણાખરા સ્વાસ્થ્યવાળા પુરુષોની જેમ રંજનને ગાઢ નિદ્રા આવે છે. થોડી વારમાં જ નસકોરાં બોલવા લાગી જાય છે. અર્થાત્ તે ક્યારે ઊંઘે છે અને ક્યારે નથી ઊંઘતો તેની ખબર પડી જાય.

વાતચીત વચ્ચે અટકી ગઈ. રંજને કહ્યું, ‘ગુડનાઈટ, ગુડનાઈટ, સતી.’

થોડી વારમાં જ રંજનનો નાસિકાધ્વનિ સંભળાયો. અંધારાની દિશામાં એકી નજરે તાકતાં તાકતાં ભાસ્વતીની આંખો દુખી જાય છે. એક વાર જોયું, તે બારણા જેવી ખુલ્લી જગ્યામાં એક માનવમૂર્તિ ઊભી છે.

ભાસ્વતીને પહેલાં તો થયું કે તેની નજરની એ ભ્રમણા હતી. આંખ પટપટાવીને જોયું, ખરે જ કંઈ ન હતું. સંભળાય છે માત્ર સાપનો હિસ્ હિસ્ અવાજ.

ફરી જોયું, પ્રસેનજિત ત્યાં ઊભો હતો. એક પગ જાણે આ ઓરડામાં મૂક્યો છે. ભાસ્વતી શ્વાસ રોકી રહી હતી. બેએક ક્ષણ ત્યાં ઊભો રહી તે ફરીથી અટકી ગયો. ત્યારે ભાસ્વતીને ફરીથી થયું કે આ પણ તેની નજરની ભ્રમણા જ હતી.

રંજનના નાકનો અવાજ નિયમિત તાલ આપવા લાગ્યો. અવાજ ન થાય માટે શક્ય એટલો પ્રયત્ન કરીને ભાસ્વતી ખાટલામાંથી ઊતરી. આવા ખાટલામાંથી ઊઠતાં એક પ્રકારનો 'ચૂં...ચૂં' શબ્દ થાય છે જ. પગ માંડતી માંડતી આવી રંજનની પાસે. તેને કપાળે હાથ મૂક્યો.

ઊંઘતા પુરુષનું મોં બાળક જેવું દેખાય છે. પુરુષો આ વાત જાણતા નથી. ઓરડામાં અત્યારે ઘન અંધકાર નથી – લાગે છે આકાશમાંથી વાદળ વેરાઈ ગયાં છે. ભાસ્વતીએ બીજો હાથ મૂક્યો રંજનના ગાલ ઉપર. ન જગાડવામાં આવે તો રંજન આખી રાત આ જ રીતે ઊંઘશે. જરૂર પડતાં તે રાતોની રાત જાગી શકે છે. વળી પાછો ઊંઘે એટલે નિશ્ચિંત થઈને ઊંઘે. રંજનને તો ચિંતાનું કોઈ કારણ નથી.

ભાસ્વતીએ ધીમે ધીમે હલાવીને રંજનને જગાડ્યો. ધડફડ કરતો બેઠો થઈ જઈ બોલ્યો, કોણ? શું થયું?

ભાસ્વતી 'છિસ્....છિસ્....' કરતી બોલી, આસ્તે. સાંભળો છો? જરા ઊઠશો?

– કેમ?

– જરા બહાર જવું છે.

– કેમ?

– મારે જરા બહાર જવું છે.

કાચી ઊંઘમાંથી જાગી આ વાત સાંભળવાની રંજનને ગમતી નથી. નારાજી છુપાવ્યા વિના જ તેણે કહ્યું, અત્યારે જ જવું પડશે? પહેલાં ન જઈ આવીએ?

– વાહ, તેમની હાજરીમાં કેવી રીતે જાઉં?

– એ જ્યારે પાણી લેવા ગયા હતા ત્યારે?

– તમે ગુસ્સો કરો છો. જરા ચાલો. હું શું એકલી એકલી જઈશ?

રંજનને ખબર છે કે તેને ઊઠવું જ પડશે. એટલે ઊંઘનું ભારણ દૂર કરી નારાજીને પણ ભૂંસી નાખવાનો પ્રયત્ન કરવા લાગ્યો.

દરવાજો ઉઘાડી. ટોર્ચ કરી સાવધાનીથી બહારની જગા દૂર સુધી જોઈ લીધી. રંજનના બીજા હાથમાં રિવોલ્વર હતી. બાજુના ઓરડામાં જરાય અવાજ નહોતો. ભાસ્વતી બહાર નીકળી.

જરા ઊતરીને રસ્તાની પેલે પાર ઢોળાવવાળી જગા પર એક આડશ જેવી જગ્યા પસંદ કરવામાં આવી. ટોર્ચના અજવાળાથી તેની આસપાસની જગ્યા બરાબર ધ્યાનપૂર્વક જોઈ લેવામાં આવી. કોઈ દેડકું, કરોળિયો કે અન્ય કશું છે તો નહિને. ખાડોબાડો નથી, એટલે સાપની વાત તો મનમાં આવે જ ક્યાંથી?

રંજન દરવાજા પાસે પાછો આવ્યો. ટોર્ચ ફેરવી ફેરવીને બીજી દિશામાં અજવાળું કરવા લાગ્યો. એકાએક કોઈ ઝાડની ટોચ પર અજવાળું પડતાં છાતી જાણે ધક ધક કરે છે. જાને કોઈક ત્યાં હતું અને હમણાં જ ચાલ્યું ગયું.

ઘણાં બધાં વાદળ વિખેરાઈ ગયાં છે, આછી ચાંદનીનું અજવાળું છે. અરણ્ય એકદમ નિઃશબ્દ નથી, દૂર-પાસે જાતજાતના અસ્પષ્ટ અવાજો છે.

એકાએક દરવાજો ઉઘાડીને પ્રસેનજિત બહાર ધસી આવ્યો. ઘોઘરે અવાજે પૂછ્યું, ‘અહીં શું કરો છો?’

રંજન ખૂબ સંકોચપૂર્વક બોલ્યો, એ જરા બાથરૂમ...

– ક્યાં?

– ત્યાં.

– જલદીથી આવી જવાનું કહો.

પોતે જ ગળું ફાડીને બોલ્યો, એ... સાંભળો છો કે, જલદીથી આવતાં રહો.

એક સ્ત્રીને આવી સ્થિતિમાં આ રીતે વાત ના કહેવાય એવી કશી

અવઢવ પ્રસેનજિતને નહોતી. તેના ગળામાંથી નમ્ર સૂર ચાલ્યો ગયો હતો. અત્યારે તે સભ્યતા, ભદ્રતાના નિયમની પરવા કરતો નથી.

રંજન તરફ જરા નારાજ થઈને બોલ્યો, આ રીતે આવવું એ જરાયે યોગ્ય નથી. મને બોલાવવો હતો ને. હું પોતે પણ ક્યારેય એકલો બહાર નીકળતો નથી. જંગલમાં આટલી મોડી રાતે છોકરમત ના ચાલે.

રંજન વિસ્મયથી પૂછ્યું, 'કેમ? શું થયું?'

– ક્યારે શું થાય. રાત વેળાએ કોઈ પ્રાણી ભટકતું હોય, જેની ખબર અમે પણ રાખતા નથી. ક્યારે નજરે પણ નથી જોયાં. માત્ર રાતે જ નીકળતાં હોય તેવાં ઘણાં પ્રાણીઓ છે.

– જગ્યા મેં બરાબર તપાસ કરીને જોઈ છે.

– તેથી કંઈ ફેર પડતો નથી. કશોક અવાજ સંભળાય છે?

જમીન પર ભારે વસ્તુ ઘસાવાનો એક અવાજ ખરેખર સંભળાય છે દૂરથી.

રંજને પૂછ્યું, શાનો અવાજ છે?

– મને પણ ખબર નથી. કહ્યું ના કે અંધારામાં એવાં એવાં જાનવર બહાર નીકળે છે, જેની તમે કે હું ખબર રાખતા નથી.

– નીલ ગાય હશે. આ બાજુ શું હાથી હોય છે?

– ના, એક-બે નીલ ગાય નજરે પડે છે.

ભાસ્વતી એ વખતે ત્યાં આવી. એ બંનેમાંથી કોઈનીય તરફ જોયા વિના કે કશું બોલ્યા વિના જ ચાલી ગઈ ઓરડા ભણી. ભવાં ચઢાવીને પ્રસેનજિત જોતો રહ્યો ભાસ્વતીના જવાની દિશામાં. તે પછી રંજનને કહ્યું, રાત્રે કંઈ જરૂર હોય તો મને બોલાવજો.

ઘડિયાળ જોઈને બોલ્યો, પોણા અગિયાર માત્ર. માન્યામાં નથી આવતું. હું તો એક ઊંઘ પૂરી કરીને ઊઠ્યો. જાનવર આ બાજુ આવે છે કે શું તેની જરા તપાસ કરીશું?

– ના, તેની જરૂર નથી. ચાલો સૂઈ જઈએ.

– આવો, જરા સિગારેટ પીએ.

બે જણા બે સિગારેટ લઈ બે મિત્રોની જેમ પાસપાસે બેઠા દરવાજાની સામે. પેલો અવાજ ત્યારેય આવતો હતો, પણ જાણે તે દૂર દૂર જતો હતો. બહુ નજીકમાં જ એક ઝાડીમાં સરસરાટ થતાં રંજને પિસ્તોલ ધરી. તેનું કાંડું પકડીને પ્રસેનજિતે કહ્યું, એ તો સસલું છે. અહીં બેસતાં એવા ઘણા અવાજ સંભળાશે.

રંજને કહ્યું, એક વખત સુંદરવનમાં શિકાર કરવા ગયો હતો મિત્રોની સાથે.

પ્રસેનજિતે હુંકારો ભણ્યો. વાત સાંભળવાની તેની ઇચ્છા નહોતી. થોડી વાર પછી બંને જણા સૂવા ચાલ્યા ગયા.

ઓરડામાં આવીને રંજને જોયું, ભાસ્વતી આંખો બંધ કરી સૂતી છે. ઊંઘી ગઈ છે કે નહિ તેની ખબર પડતી નહોતી. શ્વાસોચ્છ્‌વાસથી છાતી ઊંચીનીચી થાય છે. પાસે જઈને ઊભા રહી લાડકા અવાજે રંજને કહ્યું ‘સતી...’

ભાસ્વતીએ તરત જ બે હાથ લંબાવીને પકડી લીધી રંજનની કમર. કહ્યું, તમે જરા પાસે રહો.

– કેમ, તને બીક લાગે છે?

– ના, તમારો સ્પર્શ કરવાનું જરા મન થયું છે.

કેમ્પના આ ખાટલામાં બે જણને સુવાય એવી સગવડ જ નથી. રંજન  ભાસ્વતીના શરીર પર હાથ રાખી હોઠ પર નિઃશબ્દ ચુંબન કરવા લાગ્યો. પાસેના ઓરડામાં સૂતેલો તરુણ સાંભળી ન જાય તેથી સ્તો. થોડીવારમાં જ રંજન પોતાના ખાટલામાં ચાલ્યો જાય છે.

જરા મોટેથી પ્રશ્ન કર્યો, પ્રસેનજિતબાબુ, ઊંઘી ગયા કે?

કોઈ જવાબ ન મળતાં રંજનને થયું કે એક પાણીની ભારે બાલદી લઈને આ ડુંગરો બે વાર ચઢ્યા પછી ઘસઘસાટ ઊંઘ્યા સિવાય બીજો ઉપાય શો? ટોર્ચ કરીને રંજને એક વાર જોઈ લીધું, દરવાજો બંધ છે કે નહિ. તે પછી આંખો મીંચી.

કેટલી મિનિટ કે કેટલા કલાક યુગ વીતી ગયા તે ભાસ્વતી જાણતી

નથી એક તંદ્રા આવી હતી, પણ રંજનનાં નસકોરાં બોલવાનો અવાજ સાથે તે ચાલી ગઈ એમ જ ભાસ્વતી એ ઓરડાની વચ્ચેના દરવાજા જેવા ભાગની દિશામાં તાકીને જોઈ રહી.

એક મનુષ્ય-અવયવોની રેખા ત્યાં ઊભી છે. સાચેસાચ કે આંખની ભ્રમણા? ભાસ્વતી કોઈ પણ રીતે નિશ્ચિત થઈ શકતી નથી, અંધારામાં જોતાં આવો દૃષ્ટિવિભ્રમ થાય છે. ભાસ્વતીએ બંને હાથે આંખો બંધ કરી પછી ફરી ખોલી. આ વખતે લાગ્યું કે તે છાયામૂર્તિ તેને હાથનો ઇશારો કરીને બોલાવી રહી છે.

રંજન ના સાંભળે તેમ દબાયેલા અવાજે ભાસ્વતીએ પૂછ્યું 'કોણ?'

કોઈ જવાબ ના મળ્યો.

ત્યારે ભાસ્વતીને થયું કે કદાચ ત્યાં પ્રસેનજિત નથી. બીજું કૈંક અલૌકિક છે. પ્રસેનજિતે કહ્યું હતું, આ પહાડ પર ઘણા લોકો મરી ગયા છે. એટલા માટે જ શું તેણે રાતની વેળાએ બહાર નીકળવા બદલ આટલો ગુસ્સો કર્યો હતો ને! તેને શી ખબર છે?

ભાસ્વતી આ વિચારને મનમાંથી હાંકી કાઢવાનો પ્રયત્ન કરવા લાગી. અંધારામાં જ આ બધા કુસંસ્કારીના બળમાં વૃદ્ધિ થાય છે. ટોર્ચ તેની પાસે હોત તો અજવાળું કરીને જોઈ લેત.

આ વેળા જોતાં ભાસ્વતીને લાગ્યું કે, છાયામૂર્તિ તેના તરફ એક એક ડગલું મૂકતી આવે છે.

તડાક કરતી ખાટલા પરથી ઊતરી ભાસ્વતી રંજનની પાસે દોડી ગઈ. બરાબર જોરનો ધક્કો દઈને, બોલી, 'એ, એ...'

એ વખતે બે ઓરડાની વચ્ચેની જગ્યામાંથી પ્રસેનજિત મોટે અવાજે બોલી ઊઠ્યો, રંજન બાબુ, રંજન બાબુ...

આ વખતે રંજનનો નારાજ થવાનો હતો. બેઠા થઈ જઈને તેણે કહ્યું, શું છે? શી વાત છે?

પ્રસેનજિત કહ્યું, હું જરા અંદર આવી શકું? આ ઓરડામાં આવવું કે નહિ તેની મનમાં ઘડભાંજ થતી હતી, પણ મને જરા રાઈફલની ખાસ

જરૂર છે.

– કેમ શું થયું?

– તે અવાજ દરવાજાની પાસે જ સંભળાય છે.

રંજન શોખીન શિકારી છે. આ સાંભળતાં જ તરત જ ખાટલા પરથી ઊતરી પડીને બોલ્યો, ચાલો જોઈએ તો ખરા.

પ્રસેનજિતે અંદર આવીને તેની રાઈફલ લઈ લીધી અને એક વખત ગૂઢ ભાવે ભાસ્વતી તરફ જોયું.

ભાસ્વતીના મનમાં થયું કે દરવાજાની પાસે કશુંય અલૌકિક નહોતું. તરુણ રાઈફલ લેવા માટે આઘોપાછો થતો હતો. જે ઓરડામાં પતિ-પત્ની સૂતાં હોય, ભલેને જુદા જુદાં, તે ઓરડામાં આવતાં તેને દ્વિધા થતી હતી. આ વાત ખરાબ નથી. કોઈ એક વિષયની યુક્તિસંગત વ્યાખ્યા મળતાં મન સંતુષ્ટ થાય છે. લોભ હોવા છતાં તરુણને સારાનરસાનું ભાન છે.

રંજન અને પ્રસેનજિતે વારાફરતી દરવાજાની બહાર જોયું. ભાસ્વતી જઈને ઊભી રહી હતી તેમની પાસે. પ્રસેનજિતે કહ્યું, ‘બીવા જેવું કશું નથી તમે સૂઈ જાઓ.’

– ના, હું પણ જોઈશ.

રંજને કહ્યું, ક્યાં સંભળાય છે અવાજ?

– થોડી વાર પહેલાં સંભળાતો હતો.

ભાસ્વતીએ તો કશો અવાજ સાંભળ્યો નહોતો, તોયે એવું હોઈ શકે અરણ્યજગતની ટેવાયેલા કાન જ એ બધા અવાજ પકડી શકે.

પ્રસેનજિત બોલ્યો, મારા ઓરડાની બરાબર ડાબી બાજુએ અવાજ થતો હતો.

– ચાલો, જઈને જોઈ આવીએ.

– થોભો, જરા થોભો.

– આજ રાતે ઊંઘવાનું મળે એમ લાગતું નથી. કાલે પણ ડાક-બંગલામાં સારી ઊંઘ નહોતી આવી. બહુ મચ્છર હતા. આ પહાડ પર

મચ્છર નથી.

– તમે સૂઈ જાઓને. હું અહીં બેઠો છું. મારે રાઈફલની જરૂર હતી.

– તો શું તમે એકલા એકલા બેસી રહો? અવાજ કેવો હતો? અજગરનો તો નહોતો?

– ના, અજગરનો અવાજ એવો ના હોય.

અજાણ્યો પહાડ, ગંભીર રાત, અજ્ઞાત પ્રાણીનો અવાજ, ઘરમાં બે શસ્ત્રધારી પુરુષ અને નારી, પણ કોઈના મોઢા પર કશો ભય નથી. ભાસ્વતી ઊભી હતી પતિના શરીરને ટેકો દઈને.

પ્રસેનજિત બોલ્યો, હું આટલા દિવસથી અહીં છું. કોઈ કોઈ દિવસ કોઈ પ્રાણી જનાવરે રાતવેળાએ ઘરમાં આવવાનો પ્રયત્ન કર્યો નથી, એટલે આજ રાતે એકાએક આવીને કશીક વિપત્તિ ઊભી કરી જશે એવું નહિ થાય. દરવાજો બંધ કરીને ઊંઘવામાં કશો ભય નથી.

– આ પહેલાં આવો અવાજ સાંભળ્યો નહોતો?

– બીજી રાતોમાં ત ઘસઘસાટ ઊંઘું છું, એટલે કદાચ સાંભળ્યો નથી.

– ચોરાલૂંટારા નથી આ બાજુ? ચોરલૂંટારા તો વહેમફહેમમાં માનતા નથી. છેક સ્વર્ગમાંય જઈને દૈત્યો લૂંટ કરી આવ્યા છે.

– અહીંના લોકો મારાથી ડરે છે, એટલે તો આટલા વખતથી અહીં રહેવા છતાં મારા પ્રાણ સલામત છે.

ભાસ્વતી બોલી, કોઈ અવાજ તો સંભળાતો નથી.

રંજન બોલ્યો, બહાર નીકળીને જોઈએ.

ત્રણે જણ બહાર આવ્યાં. ઓરડાના ચારે ખૂણે અજવાળું કરીને જોયું ક્યાંય કશું નહોતું. કશુંક ઉંદર જેવું માત્ર જમીન પર આમથી તેમ દોડી ગયું.

થોડી વાર રાહ જોયા પછી પણ કંઈ મળ્યું નહિ. અફસોસના સૂરે રંજને કહ્યું, મારે શિકારનો યોગ જ નથી.

દૂર ગાઢ અંધકારની દિશામાં રિવોલ્વર ઊંચકીને રંજને ટ્રિગર દબાવી.

ભયંકર અવાજ થયો, એના પડઘા પહાડોમાં ગૂંજી ઊઠ્યા. અરણ્ય જાગી ઊઠ્યું. ચંચળતાથી – પાસે જ કોઈ ઝાડ પર એક ટોળું ચામાચીડિયાનું હતું – પાંખો ફફડાવી ઊડી ગયું. અનેક અવાજો વચ્ચે એક એકાકી કાગડાનો અવાજ પણ સંભળાયો.

પ્રસેનજિત હસીને બોલ્યો, એકએક ગોળીની કિંમત બે રૂપિયાથીય વધારે છે. હું તો નકામી ના વાપરું.

રંજને કહ્યું, મને તો વાપરવાનો અવસર જ નથી મળતો. ભાસ્વતીએ કહ્યું, પણ અવાજ સાંભળવો ખૂબ ગમ્યો. ફરી એક વાર કરોને.

રંજન બોલ્યો, રાઈફલનો અવાજ એથીય વધારે સારો થાય.

પરંતુ પ્રસેનજિતે રાઈફલ ના લીધી. ગોળી વાપરી નાખવાની તેની ઇચ્છા નહોતી.

રંજને બીજી દિશામાં ફરી એક વાર ફાય કર્યો. આ વખતે ગોળી પથ્થરે જઈને ટકરાઈ હોય એવું લાગ્યું. દૂર તડાક્ કરતા તણખા થયા હતા.

પ્રસેનજિતે કહ્યું, નકામી વાપરી રહ્યા છો.

પ્રસેનજિતે ખબર જ નથી કે માણસના જીવનમાં કશુંક અપવ્યય કરવું એ જ સ્વસ્થતાનું લક્ષણ છે. જેનું જેટલું પ્રયોજન છે, તેનાથી વધારે કૈં મેળવ્યા વિના-આપ્યા વિના શાંતિ નથી મળતી.

ભાસ્વતી બોલી, આ અવાજ સાંભળીને હવે કોઈ પ્રાણી-બાણી નજીક નહિ આવે. ચાલો, હવે અંદર જઈએ.

પ્રસેનજિતે રાઈફલ પોતાની પાસે રાખી. દરવાજો બંધ કરીને સૌ પોતપોતાને સ્થાને સૂઈ ગયાં. ભાસ્વતીને હવે ઘણું સારું લાગતું હતું. થોડી ક્ષણો પછી વચ્ચેના દરવાજાની દિશામાં જોતાં તેણે કોઈ છાયામૂર્તિ જોઈ ના. હવે તે ઊંઘી શકશે.

બંદૂક-પિસ્તોલના અવાજમાં એક ઉત્તેજના હોય છે, તેથી રંજનને ઊંઘ આવતાં વાર લાગે છે. રહી રહીને વાત કરે છે. ધીમે ધીમે તેની વાત વિરામ પામી જાય છે. થોડી વાર પછી તેના ઊંઘવાનો અવાજ

સંભળાય છે.

પણ ભાસ્વતી થોડીવાર સુધી જાગતી રહે છે. વારે વારે ચમકીને વચ્ચેના દરવાજા સામે જુએ છે. હવે કોઈ જોવમાં આવતું નથી. પણ ભાસ્વતીએ વિચાર્યું, આમ આખી રાત વચ્ચે વચ્ચે એ બારણા સામે જોયા કરવાથી, તેને ઊંઘ નહિ આવે. તેમ છતાં શરીરમાં થોડી થોડી ઊંઘની અસર પ્રગટ થવા લાગી હતી.

દરવાજા તરફ પીઠ કરીને ભાસ્વતી સૂઈ ગઈ. તે હવે કંઈ નહિ જુએ.

તન્દ્રાના ભારણામાં નાનાં નાનાં સપનાં... એક ગોરું નાનું છોકરું. હમણાં ચાલતાં શીખ્યું છે-બીતાં બીતાં પગલાં પાડે છે. ઓહ! કેવું વહાલું વહાલું લાગે છે? આ કોનું છોકરું છે? તમને કોઈને ખબર નથી? ભાસ્વતીએ બે હાથ લંબાવી કહ્યું, ‘આવ, આવ, આવ. – ’ અરે આ તો ભાસ્વતીની મોટી બહેનનો છોકરો છે – ટીનુ. ઓ મા, જુઓ જુઓ-એટલામાં તો ચાલતાં શીખી ગયો છે-હું આવી ત્યારે તો ભાંખડિયા ભરતો હતો. ટીનુ આવી પડ્યો ભાસ્વતીના ખોળામાં. ભાસ્વતી તેને ચૂમીઓથી ભરી દે છે આહ, આ શું જુએ છે ભાસ્વતી? મોટી બહેનનો ટીનુ તો અત્યારે નવ વરસનો છે – ભાસ્વતીની બહેને કહ્યું, આવડા મોટા છોકરાને ખોળામાં કેમ બેસાડ્યો છે? નીચે બેસાડ. બહુ લાડકો બની ગયો છે. માસી પાસેથી બહુ લાડ પામે છે. હાંરે સતી, તારાં લગ્ન થયે સાત વર્ષ થઈ ગયાં, હજી આ બધું વધારે પડતું તો નથી.....ના, દીદી, અમે બંને જણાએ ડૉક્ટરી તપાસ કરાવી છે – બંનેમાંથી કોઈનો દોષ નથી. બસ એમ જ-અનાથાશ્રમમાંથી એક બાળક લાવીને...રંજનને છોકરી માટે ભારે હોંશ છે.

બીજું સ્વપ્ન – મા સામે ભાસ્વતી ઊભી છે. હું આ લગ્ન નહિ કરું. કોઈ પણ ઉપાયે નહિ કરું...સતી, સાંભળ, તારા બાપુજી...મને કોઈ રીતે સમજાવી નહિ શકે – હું ઘેરથી ભાગી જઈશ....એટલે શું રંજને જ-હા, રંજનને છોડીને કોઈ બીજાને તો ઓળખે છે-છોકરો તો સારો જ છે.

રંજન તારે માટે હું – તારે માટે હું.....

ત્રીજું સ્વપ્ન. તેની સોડમાં કોણ જાણે કોઈ સૂઈ ગયું છે. બાપ રે! આ તો કોઈ માણસ નથી, ભારે મોટો સાપ છે. મોટો નાગ કે અજગર? જે અજગર પકડાયો નથી તે લપાઈ સંતાઈને તેની પથારીમાં આવી ગયો છે ભાસ્વતીને શરીરે પરસેવો થઈ જાય છે, પણ હલી શકતી નથી. હલતાં જ જો સાપ કરડે તો? રંજનને બોલાવું? રંજનને કે પ્રસેનજિતને જ.

ભાસ્વતીની ઊંઘ ઊડી ગઈ. તે સાથે તેના મનમાં એક બેચેનીનો ભાવ જાગ્યો.

સ્ત્રીની પીઠ પાછળ જે આંખો હોય છે તે આંખથી ભાસ્વતીએ જોયું કે તેની ખાટ પાસે કોઈ જણ ઊભું છે. તે સાથે ભાસ્વતીએ પાસું ફેરવ્યું. જોયું તો અંધારામાં એક પુરુષ ઊભો હતો. રંજન કે પ્રસેનજિત? પુરુષે તેને સ્પર્શ કર્યો તેના પરથી લાગ્યું કે તે રંજન નથી અને પાસેની ખાટ પરથી રંજનના ઊંઘવાનો અવાજ આવતો હતો.

પુરુષે હાથ પકડીને ભાસ્વતીને ખેંચી.

નિર્ણય કરતાં ભાસ્વતીને બે ક્ષણ જ લાગી. મોત આગળ પણ માણસ આટલી ઝડપથી વિચારતો નથી.

ભાસ્વતી જો બૂમ પાડી ઊઠે તો ઊંઘ ઊંડતાં રંજન તેની પત્ની પાસે અંધારામાં ઊભેલા અન્ય પુરુષને જોઈને શું કરે? રંજનને માથે જ શસ્ત્ર હતું, કદાચ તે ગોળી છોડે અથવા આ પુરુષ. બે જણા શું પરસ્પરને સહન કરી શકત? તેઓ બંને બીજાની જેમ લડવાનું શરૂ કરી દે તો ભાસ્વતી દૂર ઊભી ઊભી જોયસા કરશે? જો બેમાંથી એક જણ બીજાને મારી નાખે તો? ના...ના...ના... પ્રસેનજિત જો રંજનને મારી નાખે તો? ના, ના, ના- ભાસ્વતીને ભયંકર દુઃખ થયું. તે ક્ષણે એવો વિચાર પણ આવી ગયો કે સ્ત્રી થઈને કેમ જન્મી? તેની આંખના ખૂણામાં આંસુનાં બે બિંદુ તગતગી રહ્યાં.

ચુપચાપ ખાટ પરથી પથારી ઊતરી આવી ભાસ્વતી. પ્રસેનજિતે

તેનો હાથ મજબૂત રીતે પકડ્યો હતો. બીજા હાથમાં રાયફલ હતી. ભાસ્વતીએ ઊંઘતાં રંજન તરફ એક નજર નાખી અને બાજુના ઓરડામાં ગઈ. ત્યાંથી બહાર.

આકાશ અત્યારે ઘણું સ્વચ્છ હતું. હલકી ચાંદની વિખરાઈ પડી હતી વને – વનાન્તરે, પવન મંદ મંદ વહે છે. આવી ચાંદની રાતમાં જ બધાને વનમાં જવાની ઇચ્છા થાય છે?

રાઈફલ પથ્થરને ટેકવીને પ્રસેનજિત ભાસ્વતીના મોઢામોઢ ઊભો રહ્યો. તેની બંને આંખો હીરાની જેમ તગતગે છે!

ભાસ્વતીએ અત્યંત શાંતિથી પૂછ્યું, તમારે શું જોઈએ છે?

અત્યંત ઉત્તેજનાથી ત્રુટક અવાજે પ્રસેનજિત બોલ્યો, ‘તમે.’

– કેમ?

– હું ક્યારેય કશું સુંદર પામ્યો નથી.

– સુંદર આવી રીતે કદી મળે ખરું?

– કેવી રીતે મળે તે હું જાણતો નથી. મને તો કોઈ પોતાની મેળે તો આપવાનું નથી, માટે જ પ્રયત્નપૂર્વક મેળવવું રહ્યું. બળપૂર્વક હું તે મેળવીશ.

– હું શું છું – માત્ર એક ટુકડો માંસ.

– ના, તમે એક સુંદર સૃષ્ટિ છો.

– હવે હું સમજી શકું છું. સુંદર-બુંદર કંઈ નહિ, હું છું માત્ર રક્તમાંસ.

– એ બધું હું સમજતો નથી. મારે તો તમારી જરૂર છે. જરૂર પડે તો આ ક્ષણે તમારા પતિની હત્યા પણ કરી શકું. રાઈફલનો એક શોટ અથવા મોટા સાપનું પિંજરું તેના શરીર પાસે ખુલ્લું મૂકી દઉં.

– પહેલેથી જ તમારો આ હેતુ હતો?

– જો તેમ હોત તો મેં ઘણાં પહેલાં તેમને પૂરા કર્યા હોત.

– હું જાણું છું, તમે આવું કશું નહિ કરો.

– કેમ?

– કારણ, તમને તે શોભે નહિ, પ્રાણી-જાનવર આ રીતની મારામારી કરે.

– મેં તમને કહ્યું નહિ કે મારું બોલવાનું નામ ‘પશુ’ છે.

– તે હશે. તમારું સારું નામ ‘માણસ’ છે. ‘માણસ’ આવું કરતો નથી.

– કરતો નથી? તમે માણસને જરાયે ઓળખતાં નથી. તો પછી આ પૃથ્વી પર આ બધું કેમ થઈ રહ્યું છે? માણસના જેવું ઘાતકી કોઈ નથી.

– તે હશે. તોયે માણસ સારો થવાનો પ્રયત્ન કરે છે.

– એમાં સારું-ખરાબ કોણ જુએ છે? મને સુંદર કશું ક્યારેય મળ્યું નથી.. મારે જોઈએ, મારે જોઈએ, મારે જોઈએ.

ભાસ્વતીની કમર અને પીઠ પર હાથ વીંટાળી તેને આંચકા સાથે પ્રસેનજિતે પોતા ભણી ખેંચી. શરીરે શરીર ભીડી હોઠે હોઠ ભીડી દીધા!

ભાસ્વતીએ કશો વિરોધ ન કર્યો. શરીર પાછું ના લીધું. ચુંબનનો ઉત્પાત લૂછી પણ ના લીધો. એક હાથ રાખ્યો પ્રસેનજિતની પીઠ ઉપર. પ્રસેનજિતના શરીરમાંથી બરાબર જાણે નદીના પાણીની ગંધ આવતી હતી.

ભાસ્વતીની આંખમાંથી અનરાધાર આંસુ વરસતાં હતાં, કોઈ પણ રીતે તેનું રોવાનું અટકતું નહોતું, જો કે જરાયે અવાજ થવા દેતી નહોતી. સાડીનો છેડો પણ નહોતો, જે આંખે લગાડે. પ્રસેનજિતના ગાલ પર તે આંસુનું ટીપું અટક્યું.

પ્રસેનજિત ઉત્તેજનાથી ધ્રૂજતો હતો. પોતાને ગાલે હાથ અડકાડી બોલ્યો, આ શું? લોહી?

ભાસ્વતીએ પોતાના હાથ વડે પ્રસેનજિતના ગાલ પરથી તે આંસુ અત્યંત સ્નેહથી લૂછી નાખ્યું. અત્યંત નરમ અવાજે કહ્યું, ‘છિ : આવું ન થાય. આવું ફરી નહિ કરો, બોલો.’

– કેમ શું થયું છે? એમાં શું પાપ થાય? તમારા પતિને જરાયે ખબર નહિ પડે.

– હું પાપપુણ્ય માનતી નથી, પણ મારા મનમાં ખૂબ દુ:ખ થશે.

પ્રસેનજિતનો તપ્ત હાથ, ત્યારે ય ભાસ્વતીની કમર પર હતો. તે બોલ્યો, હવે મારાથી રહેવાતું નથી, મારે તમારી જરૂર છે. એથી શું થઈ જવાનું છે?

– શરીરનું કશું બનતું-બગડતું નથી. પણ તમે મારા મનને કષ્ટ આપશો.

– તમે રડો છો?

– લક્ષ્મીના સમ, એવું હવે ના કરશો.

– તમે મારી સાથે એમ કેમ વાત કરો છો? હું જોર કરું તો તમે શું કરી શકવાનાં છો?

– હું તમારા પર વિશ્વાસ કરવા માગું છું.

– રોવાનું મારાથી દેખ્યું જતું નથી.

– મેં શું કંઈ દોષ કર્યો છે?

– તમને પામવાં એટલે બધું પામવું.

– બળજબરી કરવા જતાં તે સ્ત્રી પાસેથી કશું મળી શકે નહિ, મળે માત્ર એક જડ શરીર.

પ્રસેનજિત ભાસ્વતીની કમર ઉપરથી હાથ ખેસવી લીધો. ભાસ્વતી તેનો એ હાથ પોતાના હાથમાં લઈ બોલી,

– આવું ફરી નહિ કરો એવું વચન આપો.

– હું કોઈ વચન આપી શકતો નથી!

– આ રૂમમાં આજે રાતે નહિ આવો.

– હું જાણતો નથી. તમે કહેશો ખરાં કે કેમ, હું આ પહાડ ઉપર એકલો એકલો બધી વસ્તુઓથી વંચિત થઈ પડી રહ્યો છું – અને તમે લોકો શહેરમાં બધું મેળવી શકો છો.

– મને તો ખબર નથી, પણ રાતવેળાએ એક નારી અને નર વચ્ચે આવા બધા પ્રશ્નો ઊભા થતા નથી.

મોહક છટાથી પ્રસેનજિતના ગાલ પર હાથ ફેરવીને ભાસ્વતી બોલી, હું તમારા પર વિશ્વાસ કરવા માગું છું. હું જાઉં? તમે સૂઈ જાઓ.

– મને કોઈ રીતે ઊંઘ આવવાની નથી, માથામાં આગ બળે છે.

– હું જરા માથું દબાવી આપું?

પ્રસેનજિતે ભાસ્વતી તરફ એવી રીતે જોયું, જાણે એ જ ક્ષણે તેના પર ઝંપલાવી પડશે. ભાસ્વતીએ હાથ આડો ધરી કહ્યું, ના!

– ભલે.

– હું જાઉં?

પ્રસેનજિતે કંઈ વાંધો ન લીધો. શુષ્ક અવાજમાં કહ્યું, જમણી બાજુએ ઘસાઈને જજો. સાવધ થઈ, સાપના પાંજરા પાસે પગ ન દેશો.

– તમે મને પહોંચાડો.

ભાસ્વતીએ હાથ લાંબો કર્યો. પેલા રૂમમાં પહોંચ્યા પછી તેણે હાથ છોડી દીધો.

પ્રસેનજિત સૂનમૂન બની બિછાનામાં બેસી રહ્યો. તેના દિમાગમાં વિચારોનો વંટોળિયો ઊઠ્યો હતો.

પણ એ વાત એ આખા જન્મારામાંયે સમજી શકવાનો નથી કે તે ક્ષણે તેની સાથે વ્યભિચાર કરવા માટે ભાસ્વતી શારીરિક ભાવે સમ્મત હતી, એટલે સુધી કેમનમાં પણ એક વ્યાકુળતા હતી. સાંજથી જ તે આની રાહ જોતી નહોતી? તો પણ સ્ત્રીઓ કોઈ વિચિત્ર કારણે એ સમયે પણ પ્રત્યાખ્યાન કરી ચાલી જતી હોય છે. તે પ્રત્યાખ્યાન પણ આંતરિક હોય છે, કેમ કે મન તો એક પ્રકારનું નથી હોતું – મનમાં એકી સાથે ઘણા બધા પરસ્પર વિરોધી પ્રવાહો હોય છે. મનુષ્ય બધો સમય જેની ઇચ્છા કરતો હોય છે, તેને જ ઇચ્છાપૂર્વક દૂર રાખવાનો એક નશો આખી પૃથ્વીના સભ્ય સમાજમાં જનપ્રિય હોય છે.

રંજન ભારે સ્વપ્નાં જોતો હતો. વરસાદ, વરસાદ કેવો તો ઘનઘોર વરસાદ તે અને વરુણ દોડે છે એક પહાડી માર્ગ પર. ક્યાંય આશ્રમ નથી... સ્થળ કયું હતું? હાફલાંગ કે શું? પણ રસ્તાઘાટ તો બીજા લાગતા હતા... વરસાદથી જાણે આકાશ પડી ભાંગ્યું છે...લાલ રંગની છત્રી માથે ઓઢીને એક સ્ત્રી...અરે મારે ઘેર ચાલો – રંજન છત્રી નીચે ગયો

– વરુણને તક આપતો નથી – પ્રબળ હવામાં છત્રી ઊડી ગઈ – કેવું અટ્ટહાસ્ય...દોડા-દોડ – વરંડામાં એક સહૃદય વૃદ્ધ....આહ! કેવી આરામદાયક જગ્યા! ફાયરપ્લેસમાં અગ્નિ, ટુવાલ – રાતે ત્યાં જ રહી ગયાં – વરુણને કંઈક ખોટી વાત કરી હતી રંજને – વરુણ તેનો જિગરજાન દોસ્ત હતો – ત્યાંથી મતભેદ થયો હતો – એક ખોટી વાત – એક છોકરી માટે – કઈ ખોટી વાત? વરુણ, હું ક્ષમા માગું છું. ક્ષમા માગું છું. – હવે હું જીવનમાં ક્યારેય ખોટી વાત નહિ કહું...હું આ બધી નીચતામાંથી ઉપર ઊઠીશ, ક્ષમા ચાહું છું, સતી પણ ન જાણે.

રંજનના ઊંઘતા મોં પર વ્યથાની એક રેખા હતી.

## ૮

ભાસ્વતીએ આંખ ઊઘાડીને જોયું તો પ્રકાશથી ઓરડો ભરાઈ ગયો હતો. બહાર પંખીઓના અવાજો પણ સંભળાતા હતા. રંજન તો ત્યારે પણ ઊંઘતો હતો. ઓશીકે ચા મૂકી બૂમ પાડ્યા વિના એ ક્યારે જાગે છે?

ખાટ પરથી ઊતરી દબાતે પગલે આવીને તેણે સંતોષથી બાજુના ઓરડામાં ડોકિયું કર્યું.

પ્રસેનજિત તે વખતે સ્ટવ સળગાવી, ચાનું પાણી મૂકી એક બાજુએ બેસી એક ઝાડની ડાળી લઈને દાતણ કરતો હતો. ભાસ્વતીને બોલાવીને કહ્યું, ‘આવો.’

ભાસ્વતી પાસે જઈને ઊભી રહી. આંખમાં હજુય ઊંઘનું ભારણ હતું.

– રંજનબાબુ હજી ઊઠ્યા નથી?

– ના.

– ચા તૈયાર થશે પછી બોલાવીશું. બેસોને. ઊંઘ આવી હતી?

ભાસ્વતી તેની પાસે બેસી ગઈ. અત્યારે પ્રસેનજિતનો હાથ હવે તરફડ તરફડ કરતો નથી. સવારના અજવાળામાં બધું બદલાઈ જતું હોય છે. એક રાતમાં જ પ્રસેનજિત જાણે બધો બદલાઈ ગયો છે.

સામાન્ય કામકાજના અવાજમાં તેણે કહ્યું, તમારી પાસે ટુથપેસ્ટ, બ્રશ વગેરે છે? મારી પાસે એ બધું નથી. તમારી પાસે ના હોય તો સામે પેલું ઝાંખરું દેખાય છે, તેની એક ડાળી તોડી લો. અચ્છા, હું જ લઈ આવું છું.

– સાડી સુકાઈ ગઈ છે. પહેરી લઉ?

– પહેલાં બાથરૂમ વગેરે પતાવી દો ને, રસ્તાની બાજુએ જરા ઉપરની બાજુએ જતાં જ –

સવારની વેળાએ પુરુષનાં પાટલૂન અને ગંજી પહેરેલી ભાસ્વતીનો ચહેરો મજાનો લાગતો હતો. ગંજી નીચે હતી કાળા રંગની બ્રા. પણ પ્રસેનજિત તે વખતે તેના શરીર પર લોભી નજર નાખતો નહોતો. સવારે એ બધું ના શોભે!

ભાસ્વતી સાડી, ચણિયો, બ્લાઉઝ લઈને બહાર ગઈ. જરા ઉપર ચઢતાં જ શિખર પરનું મંદિર તેની નજરે પડ્યું. મંદિર ઉપર ત્રિશૂળ જેવું કશુંક હતું. તડકામાં ચકચક થતું હતું. પાછળ બીજા પહાડોની હારમાળા દેખાતી હતી.

આ રીતે ખુલ્લા આકાશ નીચે ઊભીને ભાસ્વતીએ કદી કપડાં બદલ્યાં નહોતાં. સ્નિગ્ધ પવન પ્રિયતમના સ્પર્શ જેવો શરીરે લાગતો હતો. ભાસ્વતી કેટલીક ક્ષણો સંપૂર્ણ નિરાવરણ થઈને ઊભી રહી. પોતાને તે વનબાલા જેવી લાગતી હતી. સ્વપ્ન સિવાય આવું કદીય સંભવિત થઈ શકે – તે વિચારતી હતી. નૃત્યની મુદ્રામાં તેણે બંને હાથ આકાશ ભણી ફેલાવ્યા.

એકાએક તેણે જોયું, એક ખિસકોલી તેના તરફ આંખો પટપટાવીને જોઈ રહી છે નજીકથી. ‘ધત્’ કહીને તેણે શરમાઈને ખિસકોલીને ડરાવી.

રંજન ઊંઘમાંથી ઊઠી આળસ મરડી, બહાર આવીને બોલ્યો, આહ, સુંદર લાગે છે! કાલની રાત મારા જીવનની મેમોરેબલ નાઈટ છે. ક્યારેય ભૂલાનાર નથી. સતી ક્યાં ગઈ?

– તેઓ તે તરફ ગયાં છે.

ગરમ ગરમ ચાની ચૂસકી લેતાં મનમાં એમ થતું હતું કે જીવવું એ મોટી આનંદની પ્રવૃત્તિ છે. કેટલી બધી ઉપભોગની પ્રવૃત્તિ છે! આ પૃથ્વી પર સાડી પહેરેલી ભાસ્વતીને રંજને જાણે નવી આંખે જોઈ.

પ્રસેનજિત તરફ ફરીને બોલ્યો, તમારી મદદથી બહુ આનંદપૂર્વક સમય વીતાવ્યો. આજનું હવામાન અદ્ભુત છે. વાદળ નથી. સરસ ઠંડું ઠંડું છે.

– તમે પેન્ટ-શર્ટ પહેરી લો.

રંજનનું ચૉકલેટ રંગનું પેન્ટ સારું રહ્યું હતું, પણ તેનું સફેદ રંગનું પહેરણ વરસાદના પાણીથી ઘણું મેલું થઈ ગયું હતું. આવું મેલું પહેરણ તેણે કદીય પહેર્યું નહોતું. આજે કશી ટીકાટિપ્પણી કર્યા વિના પહેરી લીધું. પ્રસેનજિતનો પાયજામો અને ગંજી હાથમાં લેતાં આવી બોલ્યો, સતી, એમનાં આ કપડાં આપણે ધોઈ આપવાં જોઈએ.

ભાસ્વતી પાસેથી તે કપડાં ખૂંચવી લઈને પ્રસેનજિત બોલ્યો, રહેવા દો, કશું કરવાનું નથી.

રંજન બોલ્યો, વાહ ભાઈ વાહ! તમારાં કપડાં પહેર્યાં, તમારા બિછાનામાં સૂતાં, તમારું ખાવાપીવાનું ખુટાડ્યું – કેવી રીતે તમારો બદલો વાળીશું?

– ઊલટાનું તમને અનેક તકલીફો પડી છે.

– તકલીફ? અગવડ? આવા પ્રકારની તકલીફ પામવા માટે તો હું ઘણા બધા રૂપિયા ખર્ચવાય તૈયાર છું. આવો અનુભવ કેટલાને નસીબે હોય છે? પાછા જઈને જ્યારે લોકોને વાત કરીશું, ત્યારે કોઈ માનશે પણ નહિ. તમે ક્યારેક જો કલકત્તા આવો તો અમારું સરનામું આપતાં જઈશું.

ભાસ્વતી બોલી ઊઠી, અરે જુઓ, જુઓ પેલું સસલું!

રાઈફલ તરફ હાથ લાંબો કરી પ્રસેનજિતે કહ્યું: મારું? સરસ મસાલો નાખીને ખાવાનું તૈયાર થશે.

ભાસ્વતીએ હાથ ઊંચો કરી અટકાવતાં કહ્યું, ના, ના, મારશો ના, કેવું સુંદર લાગે છે! જરાય બીતું નથી. રાખોડી રાખોડી રંગ. મેં જેટલાં સસલાં જોયાં છે – તે બધાંય ધોળાં.

કાન અને મૂછ નચાવતાં નચાવતાં સસલાએ તેમના ભણી થોડી વાર જોયું, તે પછી ફરક્ દઈને જતું રહ્યું.

રંજન બોલ્યો, તું એવી રીતે જોતાં જોતાં બોલી કે મને લાગ્યું કે જાણે તું સોનાનું હરણ દેખાડે છે!

ભાસ્વતીએ હસીને કહ્યું, પણ અત્યારે ફરી મને મનમાં થાય છે કે આવી જગ્યાએ એક ઘર તૈયાર કરીને રહીએ તો કેવું સારું!

– દિવસ છે ને એટલે! આજની રાત રહી જો.

– રહી શકું.

– તો તો પ્રસેનજિતબાબુ પર ભારે ટેક્સ પડે.

પ્રસેનજિત કંઈ બોલ્યો ના – નિમંત્રણ પણ ના આપ્યું. ચૂપ રહ્યો. એને ખબર છે – આ બધી મજાકની વાતો છે.

એકાએક યાદ આવ્યું હોય તેમ રંજન બોલ્યો, કાલે રાત્રે તો વરસાદ પડ્યો નથી. નદીનું પાણી ઊતર્યું છે?

– ઊતર્યું હશે. ચાલો જોઈએ.

– હા, ચાલો જોઈએ. એ જ પહેલાં જોઈ લેવું જોઈએ.

ત્રણે જણ પહાડી માર્ગે ઊતરવા લાગ્યાં. કાલે બપોરે તેઓ બે જણાં જ્યાં વરસાદમાં ભીંજાઈ ગયાં હતાં, તેની જ પાસે એક મેદાન જેવી જગ્યાએ ઊભા રહેતાં નદી દેખાતી હતી.

પ્રસેનજિતે ડોક લંબાવી જોઈ કહ્યું, પાણી ઘણું ઊતરી ગયું છે.

ભાસ્વતીએ કહ્યું, મને તો સમજાતું નથી. મને તો સરખું જ લાગે છે.

– હું તો રોજ જોઉં છું ને! મને સમજણ પડી જાય.

રંજને પ્રશ્ન કર્યો, અત્યારે તમારી એ વૈતરણી પાર થઈ શકશે?

પ્રસેનજિત બોલ્યો, જતી વખતે એકે વાર પાછળ જોવાનું નહિ, તેમ કરશો તો પાર કરી શકશો.

ચકિત નજરે એકવાર પ્રસેનજિત તરફ જોઈ અને ફરી નદી તરફ જોઈ ભાસ્વતીએ પૂછ્યું, હું પાર કરી શકીશ?

પ્રસેનજિતે કહ્યું, કાલે જ્યારે આવ્યાં, તેનાથી થોડું વધારે પાણી છે. તમારી કમર સુધી આવશે. કપડાં ફરી વાર ભીંજાશે. પ્રવાહ અત્યારે ઘણો ઓછો છે.

રંજને પૂછ્યું, પાણી હજુય ઓછું થશે?

– ઘણું ઓછું થશે. ઘણી વાર બહુ ઓછું પાણી હોય છે.

– પણ ફરી વરસાદ પડવાની સંભાવના ખરી. અહીંના વરસાદનું તો ઠેકાણું નહિ, ક્યારે તે ઝમાઝમ વરસી પડે.

– એ તો ખરું.

– સતી, ચાલ, હવે અહીંથી જવું જોઈએ. હવે રિસ્ક લેવું યોગ્ય નથી.

ભાસ્વતી બોલી, નીચે જઈ નદીને પાસેથી જોઈ ન અવાય?

પ્રસેનજિતે કહ્યું, અત્યારે એકવાર નીચે ઊતરશો પછી ઉપર ચઢશો, પાછાં નીચે ઊતરશો? તેના કરતાં, જો જવું જ હોય તો સરસામાન સાથે લઈને જ જાઓ. હું તો કહું છું કે નદી પાર કરી શકાશે.

ભાસ્વતીએ પતિ સામે જોઈને પૂછ્યું, આપણે એક વાર મંદિરે નહિ જઈએ?

વાતને ઉડાડી દઈને રંજન બોલ્યો, હવે મંદિરે જવાથી શું વળશે? ઍડ્વેંચર તો ઘણું થયું, હવે તો પાછા વળી જવું જરૂરી છે. ગાડી ગેરેજમાં પડી છે. શું થયું, શું ના થયું?

– વાહ, આટલે સુધી આવ્યાં ને મંદિર જોયા વિના પાછાં જઈશું?

– આ બધાં મંદિરોમાં શું જોવાનું છે? બધાં એકસરખાં જ હોય છે.

પ્રસેનજિતે એક મજાકના અવાજમાં ભાસ્વતીને કહ્યું, મંદિરની પૂજા

કર્યા વિના મનમાં સતત ખૂંચ્યા કરશે, એટલેને? આ બધા સ્ત્રીઓના વહેમ જલદી જતા નથી.

ભાસ્વતી નાનામાં નાની મશ્કરી સહન કરી શકતી નથી, તે હજી પ્રસેનજિત સમજી શક્યો નહોતો. તેણે તીવ્ર સ્વરે કહ્યું, 'પૂજાબૂજા કૈં નહિ. હું તો અમસ્તું જ મંદિર જોવા માગું છું.'

– એ મંદિરનું નામ સ્વર્ગ છે. સ્વર્ગની આટલી નજીક આવીને શું પાછા ચાલી જવાય?

રંજન બોલ્યો, સતી, ત્યાં જવું નથી, માત્ર પશુશ્રમ છે. ભાસ્વતીએ આંખ રાતી કરીને કહ્યું, તમે નહિ આવો એમ ને?

રંજન તરત જ ગળાને મૃદુ કરીને બોલ્યો, ચાલો ત્યારે. પણ પાછા વળતાં જો મોડું થાય – નદીનું પાણી વળી પાછું વધે. તો ઊલટી દિશાનો માર્ગ પકડીને આઠ-નવ માઈલ ક્યાંક રહેવું પડશે. આ બધું કરી શકીશ?

– કરી શકીશ. મંદિર બહુ દૂર નથી. મેં થોડી વાર પહેલાં જ અહીંથી જોયું છે.

રંજને પ્રશ્ન કર્યો, કેટલો સમય લાગે?

પ્રસેનજિતે કહ્યું, અર્ધો કલાક. બહુ બહુ તો ચાલીસ મિનિટ. એટલામાં મંદિરની નજીક જઈ શકીશું. છેક મંદિર સુધી પહોંચવામાં થોડો વધારે સમય લાગે. પણ છેક સુધી જઈ શકીએ કે નહિ તેમાં સંદેહ ખરો.

– કેમ?

– છેલ્લે છેલ્લો રસ્તો બહુ ખરાબ છે. કેટલાક પથરા છે, કોઈએ તોડી નાખ્યા છે કે પોતાની મેળે તૂટી ગયા છે. સ્વર્ગે પહોંચવાનો રસ્તો શું એકદમ સરળ હોય?

– સતી, સાંભળે છે? મંદિરમાં છેક સુધી આપણે પહોંચી પણ ન શકીએ. તો પછી જવાનો અર્થ શો?

ભાસ્વતી હવે પ્રસેનજિત તરફ જોતી નથી. પ્રસેનજિત જાણે તેઓ ચાલ્યા જાય તો રાજી થાય એવો ભાવ બતાવે છે.

ભાસ્વતીને એથી અપમાન જેવું લાગે છે. આ જ શું કાલની રાત્રિનો

પુરુષ છે?

તેણે ચિબુક ઊંચી કરી ગર્વ સાથે કહ્યું, હું જવાની જ.

રંજનને તેની પત્નીની હઠની ખબર છે. હવે વાદવિવાદ કરવાનો કશો અર્થ નહીં. હળવા અવાજે કહ્યું, તો ચાલો, જલદીથી જઈ આવીએ. બપોર પહેલાં જ જો પાછા આવી જઈએ.

તેઓ બંનેએ ચાલવાનું શરૂ કર્યું. પ્રસેનજિત ત્યાં જ ઊભો રહ્યો. રંજને અવાક્ બની પ્રશ્ન કર્યો, આ શું? તમે નથી આવતા અમારી સાથે?

ભાસ્વતીએ કહ્યું, એકદમ સીધો તો રસ્તો છે. એમને તો આવવાની ઇચ્છા નથી. આપણે જઈ શકીશું. આપણો સરસામાન વગેરે અહીં રહેશે. વળતી વેળા લઈ લઈશું.

પ્રસેનજિત બોલ્યો, એકાદ ગાઈડ વિના તમે જઈ જ નહિ શકો. જરા ઊભાં રહો.

તે સીધી નજરે જોઈ રહ્યો હતો નદીની દિશામાં. રંજને પાછા આવીને પૂછ્યું, 'શું જુઓ છો?'

– બીજા કેટલાક લોક નદી પાર કરી રહ્યા છે. તેઓ આ બાજુએ આવે છે કે નહિ તે જોવું જરૂરી છે.

એ વાતથી ભાસ્વતી પણ પાછું જોઈ ઊભી રહી. પહાડ પર આવીને એક અધિકારનો ભાવ જન્મે છે. એવું મનમાં થાય છે કે જાણે આ જગ્યા આપણી છે. બીજા કોઈના આવતાં ભવાં સંકોચાય છે, મોઢું ફેરવીને ઊભા રહેવાની ઇચ્છા થાય છે.

રંજને પ્રશ્ન કર્યો, અમારા જેવા આ બાજુ આવે છે ખરા?

– મહિના પહેલાં એક ટુકડી આવી હતી. ચાર પાંચ પુરુષો અને સ્ત્રીઓ. મેં તેમને બીવડાવીને ભગાડી મૂક્યાં હતાં.

– એટલે?

શાંત ભાવે હસીને પ્રસેનજિતે કહ્યું. જરૂર પડ્યે હું બીક પણ બતાવું. મને જોઈને એ જરૂર નહિ સમજાય. ઘણી વાર મને લાગે છે કે આ પહાડ મારો પોતાનો છે. બીજા કોઈને સહન કરી શકતો નથી. શિયાળામાં અનેક તીર્થયાત્રીઓ આવે છે, એમ સાંભળ્યું છે. ગયા શિયાળામાં હું

નહોતો. આ શિયાળામાં પણ હું નહિ હોઉં.

– અમને બીક ના બતાવી?

– તમે લોકોએ મને તક જ ક્યાં આપી? મારા આવ્યા પહેલાં જ તમે વિપત્તિમાં ફસાઈ ગયાં હતાં. તમને રાતે ને રાતે પાછાં મોકલી શકવાનો ઉપાય જ નહોતો, તે તો હવે સમજી શક્યાં છો.

– અત્યારે તો લાગે છે કે એક હિસાબે અમારું નસીબ જ હતું – વિપત્તિ નહિ. એમ ના થાત તો આવી અદ્ભુત રીતે સમય ગાળવાનું બન્યું જ ન હોત.

દસબાર જણાનું ટોળું નદી પાર કરવા ઊતરી આવ્યું છે. નદીના પાણીમાં તેઓ છબ છબ કરે છે. તેટલે દૂરથી માણસો ઢીંગલીઓ જેવાં નાનાં લાગે છે, પણ જાત જાતના રંગ જોતાં લાગે છે કે એ દળમાં કેટલીક સ્ત્રીઓ પણ છે.

ભાસ્વતીએ અણગમતા અવાજમાં કહ્યું, લાગે છે કે કોઈ ટુકડી પિકનિક માટે આવે છે.

રંજન બોલ્યો, એનો અર્થ એ જ છે કે ધમાલમસ્તી, ટ્રાંઝિસ્ટર.

– પણ એટલે દૂર સુધી કોઈ પિકનિક કરવા આવે છે? આજે રજા છે?

– આજે કયો વાર? હજી તો કાલની જ રાત વીતાવી છે, પણ મનમાં લાગે છે આપણે કેટલાય દિવસથી અહીં છીએ.

પ્રસેનજિત એકી નજરે નદી તરફ જોઈ રહ્યો હતો. મનોમન બોલ્યો, બનતાં સુધી તો અહીંના સ્થાનિક લોકો છે. જરા જોઉં, સ્થાનિક લોકો હશે તો આ બાજુએ નહિ આવે.

રંજને કહ્યું, આટલા રંગબેરંગી પોશાક?

– તમે સફેદ પહેરણ પહેરો છો. તે લોકોને રંગીન જ ગમે છે.

ટોળું નદી પાર ગયા પછી, પણ તેઓ થોડી વાર ઊભાં રહ્યાં. પહાડી માર્ગ પર કોઈ અવાજ સંભળાયો નહિ.

થોડી વાર પછી પ્રસેનજિત બોલ્યો, તેઓ આ બાજુ નહિ આવે ચાલો. ત્રણે જણ ઉપર તરફ જવા લાગ્યાં. પ્રસેનજિતે પેલો ચીપિયો લઈ

લીધો.

ભાસ્વતી આગળ આગળ જાય છે. તેના ચરણમાં લઘુ છંદ છે. મહાભારતના સ્વર્ગારોહણ પર્વમાં દ્રૌપદી જ પ્રથમ પડી હતી. આજ આ ક્ષુદ્ર સ્વર્ગમાં ભાસ્વતી જ પહેલી પહોંચવા માગે છે.

રંજનને પહાડ ચઢવાની ક્યારેય મઝા આવતી નથી, પણ આજે તેનું મન ખૂબ પ્રફુલ્લિત છે. ઘણા દિવસો પછી સવારે દાઢી કર્યા વિના, મેલું પહેરણ પહેરીને એક અજાણ્યા માર્ગે ચાલી રહ્યો છે. જાણે કોઈ બીજી જ વ્યક્તિ છે. ક્યારેક ક્યારેક કોને એવી 'બીજી વ્યક્તિ' થવાની ઇચ્છા નથી થતી?

થોડું ચાલ્યા પછી ભાસ્વતી બોલી, જગ્યા બહુ જ સરસ છે. લોકોએ આ સ્થળને સ્વર્ગ એવું જાતે જાતે નામ આપ્યું છે, તેનું કારણ છે. આવો અદ્‌ભુત પહાડ  આ પહેલાં મેં બીજે જોયો નથી. તો કેટલાં ફૂલોની સુંગધ વહી આવે છે! અહીં ન આવીને તો ભારે મૂર્ખાઈ કરી હોત.

રંજનને ચૂપ જોઈને ભાસ્વતી કહ્યું, તમારી તો અહીં આવવાની ઇચ્છા જ નહોતી. અહીં તમને ગમે છે કે નહિ?

– ખરેખર ગમે છે.

પ્રસેનજિતે કહ્યું, મંદિર હવે બહુ દૂર નથી. આ જગ્યાને અહીંના સ્વર્ગનું નંદનકાનન નામ આપી શકાય.

– નંદનકાનનમાં સાપ હોય?

– બાઈબલના નંદનકાનનમાં હતો.

ભાસ્વતીના હાથમાં ફૂલોનું એક ગુચ્છ હતું. તે રંજનના હાથમાં આપીને બોલી, આ પકડી રાખો, પેલા ઝાડનાં સફેદ ફૂલ હું તોડું.

– તું ઝાડ પર ચઢીશ?

– કેમ? ના ચઢી શકું તેમ માનો છો?

– ઊભી રહે, હું તોડી આપું છું.

તે પહેલાં પ્રસેનજિતે હાથનો ચીપિયો નીચે રાખી ઝાડ પર ચઢવાનું શરૂ કરી દીધું હતું. ત્યાંથી બોલ્યો, 'કેટલાં ફૂલ જોઈએ? બધાં તોડી લાવું?

રંજન ચૂપચાપ હસ્યો. છોકરાના ઉત્સાહનો પાર નથી. યુવતી નારી અને વળી જો જરા સુંદર હોય તો ચિત્તવિપ્લવ તો થાય જ. રંજનને તક આપ્યા વિના જ તે ઝાડ પર ચઢી ગયો હતો. પ્રસેનજિત ઢગલો ફૂલ લઈને નીચે ઊતર્યો, તોયે ભાસ્વતીને સંતોષ નહોતો થયો, બીજા એક ઝાડ તરફ આંગળી કરીને કહ્યું. પેલાં વાદળી કેટલાંક.

આ વખતે તેણે રંજનને કશું ન કહ્યું, સીધી પ્રસેનજિતને જ વિનંતી કરી.

– બીજાં ફૂલ શું કરવાં છે? પૂજા કરવી છે?

– ના, પૂજા માટે નહિ.

– હા, આ ફૂલો પૂજા માટે જ વાપરજો. તમારા પોતાને માટે પાછાં વળતાં ચૂંટી આપીશ, અહીં પૂજામાં માત્ર ફૂલ આપવાથી જ ચાલે છે.

– મને પૂજા કરવાની ઇચ્છા નથી.

– આવ્યાં છો તો કરોને! બીજા લોકો તો નીચેથી જ મંદિરની પૂજા કરે છે. તમે તો એકદમ ઉપર જઈને પૂજા કરશો. તમારી મનોકામના સિદ્ધ થશે જ, જો ઉપર ચઢી શકશો તો.

– નહિ ચઢાય?

– જોઈએ, ખૂબ મુશ્કેલ છે.

– મને મંદિર જોવાની ઇચ્છા છે, જ્યારે આવ્યા જ છીએ તો છેવટે ન જવાનો કોઈ અર્થ નથી. પૂજા વગેરે કરવાનો મારો આગ્રહ નથી.

– સાંભળ્યું છે કે શિયાળામાં તો દરરોજ ચારસો-પાંચસો લોકો પૂજા કરવા માટે આવે છે. રંજને ભાસ્વતી તરફ એક નજર કરી કહ્યું, એટલે આવ્યાં જ છીએ તો જઈએ.

પ્રસેનજિતે તરત ભાસ્વતી તરફ ફરી કહ્યું, જવું છે?

– હા.

– તો મારી પાછળ પાછળ આવો. સીધા જોતાં જોતાં જ ચાલવાનું.

પ્રસેનજિત આગળ આગળ ચાલવા લાગ્યો. હાથનો ચીપિયો ઝાળાં પર જોરથી પછાડતો, ઝાળાં-ઝાંખરાં ખસી જઈ રસ્તો કરી આપતાં. ભાસ્વતીએ રંજનનો હાથ સખત રીતે પકડ્યો હતો. ઝાળાં-ઝાંખરાંને

લીધે પગ માંડતાં મુશ્કેલી પડતી હતી.

રંજને ભાસ્વતીને કહ્યું, આ રસ્તે તું કાલ રાતે આવવા ઇચ્છતી હતી?

ભાસ્વતીએ કહ્યું, જોતાં એવું લાગે છે કે આ રસ્તે કોઈ જતું નથી.

પ્રસેનજિતે કહ્યું, વર્ષાઋતુમાં કોઈ ખાસ આવતું નથી. નીચે તરફ ના જશો.

છેલ્લા ઝાંખરા પર ચીપિયો અથડાવતાં જ પ્રસેનજિતના હાથમાંથી સરકી ગયો ચીપિયો. પ્રસેનજિતે એટલા જોરથી પછાડ્યો હતો કે તે વીજળીવેગથી નીચે ને નીચે ગયો, ખણ ખણ ખણ ખણ અવાજ થતો ગયો પડવાનો.

પ્રસેનજિતનું મોં ફિક્કું પડી ગયું. એ બંને તરફ જોઈ માત્ર બોલ્યો, આહ!

રંજને ઉત્કંઠિત થઈ કહ્યું, ગયો? તમારું હથિયાર!

ભાસ્વતીએ કહ્યું, હવે તે નહિ મળે?

શુષ્ક ભાવે પ્રસેનજિતે કહ્યું, નીચે તરફથી ત્યાં જવાનો બીજો રસ્તો છે. કાલે શોધવો પડશે, પણ અત્યારે તો મળશે નહિ.

ભાસ્વતી બોલી, ભલે, પછી તો મળશે ને?

પ્રસેનજિતે ઉદાસ ભાવે કહ્યું, ભલે ચાલો.

એ પછી રસ્તો ઠીક હતો. મંદિર હવે સ્પષ્ટ દેખાય છે, પણ રસ્તો વારે વારે વળાંક લેતો હતો. એટલે રહી રહીને મંદિર આંખથી ઓઝલ થઈ જતું. બીજો વળાંક વળતાં મંદિર એકદમ પાસે આવી ગયું. પ્રસેનજિત બોલ્યો, આ જ કપરી જગ્યા છે.

## ૯

ઉપરની દિશામાં જોતાં રંજને કહ્યું, મંદિર દેખાવે તો ઘણું ઇન્ટરેસ્ટિંગ લાગે છે. આવું સુંદર હશે એવો તો વિચાર સરખો નહોતો આવ્યો.

મનમાં હતું કે હશે સાધારણ ઇંટચૂનાનું મંદિર જેવું હોય તેવું. ઘણું પુરાણું લાગે છે.

પ્રસેનજિતે કહ્યું, આદિવાસીઓની એવી માન્યતા છે કે આ મંદિર દેવોએ પોતે બનાવ્યું છે. એ વિષે અનેક દંતકથાઓ છે.

હિન્દુ મંદિરનું શિખર જે ગુમ્બજ આકારનું હોય છે, તેવું આ મંદિર નહોતું. મોટા મોટા પથ્થરો પર ઘણા વખતની લીલી શેવાળ જામેલી હતી. વીજળીથી બચવા જે રીતે કોઈ ઇમારત પર લોખંડનું ફલક હોય છે, તેવું મંદિર પર એક ફલક હતું. મંદિરની પાછલી બાજુ દેખાતી નહોતી. લાગતું હતું કે પાછળ ઘણી ખુલ્લી જગ્યા હશે.

રંજને કહ્યું, આટલા મોટા મોટા પથ્થર ઉપર લઈ ગયા હશે કેવી રીતે? તે ઉપરાંત આ રીતના ચોરસ કરી કરીને પથ્થરો કાપવા તે પણ નવાઈ પમાડે તેવું છે. જો બહુ પહેલાં આ બન્યું હોય –

પ્રસેનજિતે કહ્યું, કેટલાક લોકો આ સ્થળને સ્વર્ગ માને છે. તો તેમાં કંઈક રહસ્ય તો હશે જ ને! ઉપર એક ઊંચું વૃક્ષ જુઓ છો? વૃક્ષ લાગે છે સફેદ રંગનું, યુકેલિપ્ટસ જેવું, પણ યુકેલિપ્સને આવડાં મોટાં ફૂલ થતાં નથી. આવું વૃક્ષ આ પહાડ પર ક્યાંથી એનો કોઈ ઉકેલ જ નથી મળતો. એ પણ એક નવાઈ પમાડે તેવી વસ્તુ છે.

હસતાં હસતાં રંજન બોલ્યો, એ પારિજાત તો નથી ને?

– મેં તો કદી પારિજાત જોયું નથી, પછી કેવી રીતે કહું? પણ એ ફૂલોમાં સુગંધ નથી.

ભાસ્વતીએ પ્રશ્ન કર્યો, ઉપર નહિ ચઢાય?

– એ જ તો પ્રશ્ન છે.

પહાડ ઉપર મંદિર છે, પણ ઉપર જવાનો કોઈ રસ્તો નથી. મંદિરની સામે ચોક જેવી જગ્યા એકદમ ઢળતી ઢળતી નમતી આવે છે અને એક જગ્યાએ થંભી ગઈ છે. વચ્ચે એક મોટી ફાટ છે.

તેઓ જે માર્ગે આવ્યાં છે તે માર્ગ પહાડની એકદમ એકધારે છે. જમણી બાજુએ ઘણી ઊંડી ખીણ છે, ડાબી બાજુએ પહાડ ઊભો છે.

મંદિરના ચોકમાં પહોંચવા માટે વચ્ચેની ફાટ કૂદી ગયા વિના બીજો કોઈ માર્ગ નહોતો. એવું લાગે છે કે પેલી ફાટ જેવી જગ્યાએ કેટલાંક પગથિયાં હશે કોઈ કાળે, પણ કોઈ કુદરતી કારણે તે તૂટી ગયાં છે. મંદિરે જવાનો માર્ગ અત્યારે દુર્ગમ છે. ઘણાંને માટે અસાધ્ય. ફાટ કૂદી જવાનો જ પ્રશ્ન નહોતો. પેલી ચોક જેવી જગ્યા પણ એવી ઢોળાવવાળી હતી કે ત્યાં પગ મૂકી સીધા ઊભું રહેવું જ મુશ્કેલ હતું. કોઈ પણ પળે લપસી પડવાની પૂરેપૂરી સંભાવના હતી અને લપસીને ફાટમાં પડતાં મોત ચોક્કસ હતું. ચોક આવો ઢોળાવવાળો બનવાનું કારણ પણ કોઈ કુદરતી ઘટના. કદાચ ધરતીકંપ જ હશે. ચોકની એક બાજુ સ્વચ્છ, મસૃણ અને બીજી બાજુ કેટલાંક મોટાં મોટાં ઝાડ અને ઝાંખરાં ઊગી નીકળ્યાં છે, એક ગુફા જેવું લાગતું હતું.

રંજન વચ્ચેની ફાટ પાસે આવ્યો અને નીચે જોવા લાગ્યો. ફાટ ઘણી ઊંડી ઊતરી ગઈ હતી, જોતાં જ માથે ચક્કર આવે. તેણે પ્રસેનજિતને પ્રશ્ન કર્યો, તમે આ પહેલાં કોઈ વખતે મંદિરે ગયા છો?

પ્રસેનજિતે કહ્યું, ત્રણેક વાર ગયો છું. પહેલી વાર તો મને પણ ખૂબ બીક લાગી હતી, પણ મારી સાથે જે હરદયાલ રહે છે તે તો પાટલા ઘોની જેમ પહાડ પર ચઢી શકે છે. એ હોય એટલે કશી ચિંતા જ ન હોય.

ભાસ્વતી અને રંજને એકબીજા સામે ઉદ્વેગભરી નજરે જોયું. કોઈ કશું બોલ્યું નહિ.

પ્રસેનજિતે કહ્યું, શું ઉપર જવું જ છે? અહીંથી જ ઘણું ખરું તો દેખાય છે. અહીંથી પાછાં વળી જઈએ.

ભાસ્વતીએ કહ્યું, ઉપર જવાની તો ખૂબ ઇચ્છા થાય છે.

– જરા કૂદકો મારી શકો તો જઈ શકાય.

– કેવી રીતે?

– પહેલાં કૂદીને હું સામે પાર જઈશ. તે પછી તમને બંનેને આ બાજુથી પકડી પકડીને પાર કરાવી દઈશ.

– કૂદીને?

– કૂદવાનું બહુ અઘરું નથી. અઘરું તો છે પેલી બાજુ જઈ સીધા ઊભા રહેવાનું. જરા પગ લપસ્યો એટલે સીધા નરકમાં!

રંજને કહ્યું, એક નિસરણી મળી જાય તો સૌથી ઉત્તમ. અહીં નિસરણી મળે તો મંદિરે પહોંચવાનું જરાય મુશ્કેલ નથી.

ભાસ્વતીએ કહ્યું, અહીં તમે નિસરણી લાવો  ક્યાંથી?

રંજને ફરી એક વાર ધારે આવીને ફાટનું નિરીક્ષણ કર્યું. ફાટ ચારેક હાથ પહોળી હતી. રમતગમતથી ટેવાયેલા રમતિયાળ ચહેરાવાળા પુરુષને માટે આટલું કૂદી જવું એ કંઈ ભારે નહોતું. સમતલ જગ્યા હોય તો કશો પ્રશ્ન જ નહોતો, પણ આ બાજુના પથરા ઘણા ખરાબ છે.

રંજને કહ્યું, અચ્છા, હું સામી બાજુએ જાઉં છું.

પ્રસેનજિતે હાથ વડે તેને અટકાવીને કહ્યું, ના.

– કેમ?

– તમારું જીવન ઘણું કીમતી છે.

– એટલે? તમારું જીવન શું કીમતી નથી?

અરવ હસીને પ્રસેનજિતે ભાસ્વતી તરફ જોયું. તે પછી તેણે કહ્યું, દરેકના જીવનની કિંમત અવશ્ય હોય છે જ, પણ તમે જરા વિચારી જુઓ. તમારી સાથે તમારાં પત્ની છે. તમને જો કંઈક કશું થાય, તો તેઓ શું કરે?

ભાસ્વતીએ આંખ મીંચી, એક વાર તે દશ્યની કલ્પના કરવાનો પ્રયત્ન કર્યો. રંજન નીચે પડી ગયો છે, તે ઊભી છે પ્રસેનજિતની પાસે. ભાસ્વતીનું શરીર ધ્રૂજી ઊઠ્યું.

રંજને કહ્યું, તમે ચિંતા ના કરો. આ જરા કૂદીને હું સામી બાજુએ જતો રહીશ.

– એ તો હું જાણું છું, પણ એ બાજુએ પહોંચીને જો બેલેન્સ ના રાખી શક્યા તો? એવી રીતના એક્સિડેન્ટ અહીં આ અગાઉ કેટલીક વાર થયા છે. હું જે કહું છું, તે સાંભળો. પહેલાં હું એ બાજુએ જઈશ, તે

પછી તમે એમની કમર પકડીને આ બાજુ આગળ ધરશો. તેઓ પાર થઈ જાય પછી તમે પણ કૂદીને આવજો – પેલી બાજુએથી હું તમારો હાથ પકડી લઈશ.

એકાએક ભાસ્વતીએ કહ્યું, રહેવા દો, નથી જવું.

તેના ગળાનો અવાજ સાંભળીને સ્પષ્ટ સમજાતું હતું કે પ્રસેનજિતની વાત વિચારીને જ આ રીતનો નિર્ણય કરે છે. પેલી બાજુએ જતાં પ્રસેનજિત પણ પગ લપસતાં પડી જઈ શકે. પહેલાં જઈ શકતા હતા, એટલે દરેક વખતે જઈ જ શકાશે એવું તો નથી. પ્રસેનજિતે કહ્યું, બીક લાગે છે?

– ના, બીક નથી લાગતી.

– જીવનમાં આવું જોખમ તો ક્યારેક ક્યારેક લેવું પડે.

પગરખાં કાઢીને પ્રસેનજિતે પેન્ટ ઉપર ચઢાવ્યું. સીધો જઈને બોલ્યો, તમને જવાની તીવ્ર ઇચ્છા છે, તે હું સમજી શકું છું, તો હવે જઈએ જ.

જરા પાછળ જઈને તેણે ઘણા જોરથી કૂદકો માર્યો. ખાઈ ઓળંગી જઈનેય ક્યાંય આગળ જઈ પહોંચ્યો. પહોંચતાં જ પડ્યો ગુલાંટ ખાઈને અને ગબડીને આવવા લાગ્યો નીચેની દિશામાં. ભાસ્વતીનો હાથ મોઢા પર આવ્યો હતો. રંજન શ્વાસ લેવાનું પણ ભૂલી ગયો હતો! પ્રસેનજિતે બરાબર મથામણ કરીને છેવટે એક પથ્થર પકડી લીધો. ધીમે ધીમે ઊભો થયો. ચાલવા શીખતા બાળકની જેમ ભાંખોડીએ બેએક ડગલાં ચાલ્યો. તે પછી એ બાજુ પગ પહોળા કરી દઢ રીતે ઊભો રહ્યો. હવે તે પહાડનો અધિપતિ હતો. હવે તે ધીરે ધીરે ખાઈને કિનારે આવ્યો. સંપૂર્ણ આત્મવિશ્વાસ સાથે બોલ્યો, ‘લાવો, હવે એમને મને આપો.’

રંજને મૃદુ કંઠે પ્રશ્ન કર્યો, સતી, તું જઈ શકીશ?

– હા, જઈ શકીશ.

પ્રસેનજિતે બૂમ પાડીને કહ્યું, ચાલ્યાં આવો, પાછા વળતાં એટલો ભય નથી.

ભાસ્વતીને કમરથી પકડી ઊંચી કરી રંજન ખાઈની નજીક આવ્યો. તોયે તેના હાથ પહોંચ્યા નહિ.

– હજી જરા વધારે, હજી જરા વધારે...

રંજને પગ બરાબર ટેકવીને શરીરને સામી બાજુએ નમાવ્યું. જરા પણ આમ તેમ થયું તો ભાસ્વતી સીધી નીચે. તેને તેના પતિએ પકડી રાખી છે, બીજી બાજુએ અન્ય પુરુષના લંબાવેલા હાથ છે. તોયે તેનું શરીર ગુરુત્વાકર્ષણના નિયમે નીચેની દિશામાં નમી જાય છે, નીચે જવા ચાહે છે!

પ્રસેનજિતે પણ શરીરને વધારે નમાવીને ટપ લઈને પકડી લીધો ભાસ્વતીનો હાથ. તેના દમિયલ ચહેરામાં અપાર શક્તિ લાગતી હતી. હાથનો ઝાટકો મારી તેણે ભાસ્વતીને એ દિશામાં ખેંચી લીધી. ભાસ્વતીને પગે જરા ચોટ લાગી, પણ તેય સાથે સાથે ઊભી રહી ગઈ. તેનો હાથ પકડી રાખીને પ્રસેનજિતે કહ્યું, તમારી મેળે ઊભાં રહી શકશો?

ભાસ્વતીના મોં પરથી નૂર ઊડી ગયું હતું. બોલવાના હોશ રહ્યા નહોતા. છાતી ધડક ધડક થતી હતી. ભયમાં તે અવશ થઈ જતી નથી, પણ ભયમાં એક નશા જેવું હોય છે, તે નશામાં તે ઘેરાઈ ગઈ હતી.

પ્રસેનજિતે બૂમ પાડીને કહ્યું, એઓ એકલાં પોતાની મેળે ઊભાં રહી શકશે નહિ. તમે જરા ઊભા રહો. હું જરા આગળ તેમને ઉપર મૂકી આવું.

ભાસ્વતી પ્રસેનજિતને લગભગ વળગીને જ ઊભી હતી, નશાના આવેશમાં તેના પગ દુર્બળ બની ગયા હતા. પ્રસેનજિતે તેને કમરેથી બરાબર પકડી હતી. પાસે જ રંજન ઊભો હતો, પણ એમાં કશું અજુગતું નહોતું.

એક એક પગ ધરતો પ્રસેનજિત ઊભા પથ્થરની પાસે આવ્યો. ત્યાં ઝાડ-ઝાંખરાં પકડીને બરાબર સ્થિર થયો. ભાસ્વતીને કહ્યું, હવે ધીમે ધીમે ચાલો. એક ડગલું બરાબર મૂકી તે પછી બીજો પગ ઉપાડો.

ભાસ્વતી જોઈ રહી છે. મંદિરની સામે. આ રીતે કોઈ દેવમંદિરે તે ક્યારેય ગઈ નથી.

એકાએક આકાશ-પવનને કંપાવી નાખતી ચીસ પાડીને પ્રસેનજિત

બોલી ઊઠ્યો, સર્વનાશ.

ભાસ્વતીનું શરીર ધ્રૂજી ઊઠ્યું. પ્રસેનજિત એકીટશે તાકી રહ્યો હતો ઝાંખરાં વચ્ચે દેખાતી ગુફા જેવી જગ્યામાં બોલ્યો : એ જ પાઈથન-અજગર. ભાસ્વતીએ જોયું કે મોટા વૃક્ષના મૂળિયા જેવું કશુંક પડ્યું હતું જડભાવે.

રંજન જોઈ શકતો નહોતો. વ્યાકુળ ભાવે પૂછી રહ્યો, અરે શું છે? શું થયું?

પ્રસેનજિત લાલ થઈ જતું મોં ફેરવીને બોલ્યો, સાપ-પાઈથન.

તે પછી લોખંડ જેવી આંગળીઓ વડે ભાસ્વતીને પકડીને ઉપરની દિશામાં ભાગ્યો. મંદિરની વેદી પાસેની સપાટ જગ્યા પર ભાસ્વતીને ઊભી રાખીને ફરી નીચે ઊતરી પડ્યો. ગુફાની થોડે દૂર રહીને બોલ્યો, બેટમજી, અહીં આવીને સંતાઈ ગયા છે.

રંજન બોલ્યો,  હવે શું કરશો? તમે લોકો આવતાં રહો.

– અહીંથી જવું પણ અત્યારે રિસ્કી છે, અસંભવ છે. તે જો એકવાર જરા મોઢું ફરેવી દે...

– હું આવું છું.

– કૂદવા તત્પર થયેલા રંજનને હાથ ઊંચો કરીને રોકતાં પ્રસેનજિતે કહ્યું, થોભો. તમારા આ બાજુ આવવાથી કશો ફાયદો નથી. ખાલી હાથે પાઈથન સાથે કશું થઈ શકે નહિ.

પોતાના માથાના વાળ મૂઠીમાં પકડી ખેંચી પ્રસેનજિત બોલ્યો, મૂરખના જેવું કામ કર્યું છે! ચીપિયો, ચીપિયો જો હોત.....

ધડધડ કરીને વળી પાછો તે ઉપર ગયો. મંદિરની અંદર પ્રવેશ્યો, ભાસ્વતી એક જગ્યાએ રંજનની સામે જોતી ઊભી હતી, રંજન પણ તેને એકી નજરે જોઈ રહ્યો હતો. પેલા ઝાંખરામાં જાણે કશુંક હલી ઊઠ્યું હોય એમ લાગ્યું. બંનેની નજર ત્યાં વળી.

પ્રસેનજિત મંદિરમાંથી કશુંક હાથમાં લઈને બહાર નીકળ્યો : લાગતી હતી જાણે કોઈ એક દેવની પથ્થરની મૂર્તિ. તેને શસ્ત્રની જેમ હાથમાં

રાખીને બોલ્યો, કોઈ તૂટેલો પથરોય નથી. રંજનબાબુ, તમે એક કામ કરી શકશો?

– શું?

– આને ગોળીથી વીંધ્યા સિવાય બીજો રસ્તો નથી. આની સામે થઈને જવાનું જોખમ લેવાય એમ નથી. એને મારવો જ રહ્યો – આટલી કીમતી વસ્તુ!

પ્રાણની બીક કરતાં ધંધાની ખોટ થવાને કારણે નિરાશ ચહેરે પ્રસેનજિત જોઈ રહ્યો ગુફાની દિશામાં. તે પછી બોલ્યો, રંજનબાબુ તમે દોડતા જઈ રાઈફલ ન લઈ આવી શકો? હું ત્યાં સુધી અહીં ઊભો છું. એ જલદી નહિ આવે, તે હું જાણું છું.

રંજને રુક્ષ અવાજમાં કહ્યું, ત્યારે જ તો મેં કહ્યું હતું.

– મારા હાથમાં ચીપિયો હોત તો ગભરાવાની કંઈ જરૂર જ નહોતી. તમે દોડતા જાઓ. જેટલા જલદી આવી શકાય તેટલા આવો.

રંજને ભાસ્વતીને ઉદ્દેશી હાથ ઊંચો કરી કહ્યું, તું નીચે ના ઊતરીશ. હું જેટલો બને તેટલો જલદીથી આવું છું.

પાછા વળીને રંજને દોડવાનું શરૂ કર્યું. પ્રસેનજિત અને ભાસ્વતી તેની તરફ એકી નજરે જોઈ રહ્યાં હતાં.

એક વળાંક આગળ રંજન અદૃશ્ય થતાં પ્રસેનજિતે એક દીર્ઘ નિઃશ્વાસ નાખ્યો. પથ્થરની મૂર્તિને ઉછાળતો ભાસ્વતી ભણી આવ્યો. તેનો એક હાથ પકડી હળવેથી બોલ્યો, અંદર આવો.

ભાસ્વતીએ તીવ્ર સ્વરે પૂછ્યું, 'સાપ ક્યાં છે?'

જવાબ ના આપતાં પ્રસેનજિત ભાસ્વતીની આંખમાં આંખ પરોવીને અર્થપૂર્ણ હસ્યો.

– સાપ ક્યાં છે? મેં તો કંઈ જોયો નહિ!

– ચાલો, અંદર આવો.

– મને તો એવું લાગ્યું કે જાણે સુકાયેલા ઝાડનું ઠૂંઠું, ખરેખર ઠૂંઠું.

– તમને સાપ ન દેખાયો તો એ વાત તમારા પતિને તમે કેમ ના

કહી?

– એનો અર્થ શું?

– મારે તું જોઈએ.

ભાસ્વતીના ગોરા ચહેરા પર તડકો અને ઉત્તેજનાની લાલશ હતી. આંખની પાંપણ કાંપતી હતી. આંખની ગંભીર કાળી કીકીમાં અનેક શતાબ્દીઓનો ઇતિહાસ હતો. આટલા સમય પછી પણ તે શું ભોગની સામગ્રી હતી?

ભાસ્વતી લગભગ એક મિનિટ જોતી રહી પ્રસેનજિત ભણી. તે નારી છે, એક જણ – પુરુષ તેને કહે છે, હું તમને પામવા ઇચ્છું છું. ત્રીજું કોઈ પ્રાણી અહીં સાક્ષી નથી. તો પણ આ બધો ઇચ્છવા-પામવાનો પ્રશ્ન પૃથ્વી પર અતિ જટિલ છે.

ભાસ્વતીની કમરે હાથ મૂકી ફરવા જવાનું હોય તેમ પ્રસેનજિત બોલ્યો, અંદર જોવું નથી?

– આવું બધું તમે પહેલેથી વિચારીને રાખ્યું હતું?

– મને ક્યારેય કશું સુંદર જીવનમાં આજ સુધી મળ્યું નથી. મેં તને મેળવી છે.

– ચીપિયો તે વખતે તમે ઇરાદપૂર્વક ફેંકી દીધો હતો?

– એને પણ તું સમજી ગઈ હતી? તોયે તેં તારા પતિને કશીય વાત ના કરી?

તે પછી એકાએક ગુસ્સે થઈ બરાડી ઊઠ્યો, મેં તને આવવાનું કહ્યું હતું? મેં તમને લોકોને આજે સવારે જ જતા રહેવાનું નહોતું કહ્યું?

– મારે મંદિર જોવું હતું.

– મેં બહુ વાર ના પાડી હતી.

– તે બીજી વાત છે.

કંટાળાના ભાવથી હાથમાં રહેલી મૂર્તિ પહાડ તરફ ફેંકતાં પ્રસેનજિતે કહ્યું, ધત્ તેરી! તેં મને લોભ બતાવ્યો હતો.

– તમે એમના દેવને ફેંકી દીધા?

– મને આ બધી મૂર્તિઓ જોવી ગમતી નથી.

– હવે હું શું કરીશ?

– અહીં તને કોઈ ભય નથી.

– કાલે રાત્રે તમે વચન આપ્યું હતું કે આવું ફરી નહિ કરું.

– હું એવું વચન આપતો નથી.

– ચાલો, આપણે અહીંથી ઊતરી જઈએ.

– મંદિર જોયા વિના જ? તે સિવાય, ખરી વાત તો એ છે કે અહીં તમે એકલાં કોઈ રીતે ઊતરી શકશો નહિ.

નીચા મોંએ ભાસ્વતીએ મંદિરમાં પ્રવેશ કર્યો. મંદિર ઘણું વિશાળ અને નવાઈ લાગે એટલું સ્વચ્છ હતું. બારી-બારણાને એકે દરવાજો નહોતો, બધો વખત પવન આવીને બધું સ્વચ્છ કરી જતો. અંદર ખાસ કંઈ નહોતું – એક વેદી પર એક મૂર્તિ બેસાડવમાં આવી હતી, નીચે કેટલીક મૂર્તિઓ આમતેમ હતી. બધી પથ્થરની. નાક-આંખો એટલા અસ્પષ્ટ હતાં કે કઈ કોની મૂર્તિ છે, તે ઓળખાતી નહોતી અથવા તો ભાસ્વતીને પરિચિત એવા કોઈ દેવની મૂર્તિ જ ન હતી. મંદિરની છત પરથી એક સુંદર ઘંટ લટકતો હતો.

પીધેલા માણસની જેમ ભાસ્વતી ફરતી હતી. ધીમેથી એક વાર ઘંટ વગાડ્યો. તે પછી પથ્થરની વેદી સામે ઊભા રહી ખોળામાંથી ફૂલ લઈ વિખેરવા લાગી.

પાછળથી પ્રસેનજિતે આવી બરાબર મજબૂત રીતે તેનો ખભો પકડ્યો, બોલ્યો – સાંભળ.

– મને મૂકી દો.

– આમ ફર. સાંભળ મારી વાત.

– ફૂલ લાવી છું, તો પહેલાં પૂજા કરી લઉં.

– પૂજા? માણસના તો કોઈ ભાવ પૂછતું નથી અને આ મૂર્તિઓ હજીય પૂજા પામશે?

ભાસ્વતીને મૂકી દઈને તે રોબપૂર્વક વેદી ભણી ગયો. એકી ધક્કે

મૂર્તિને નીચે પાડી નાખી. તેથીય તેનો ગુસ્સો શાંત ન થયો. મૂર્તિ ખૂબ વજનદાર હતી. બંને હાથે ઉપાડી, તેણે બહાર છુટ્ટી ફગાવી દીધી! ગબડતી ગબડતી તે ક્યાંય જઈને પડી. બીજી નાની મૂર્તિઓને બહાર ફેંકવા લાગ્યો. દાંત કચકચાવીને બોલ્યો, એકેય નહિ રહેવા દઉં. આ મંદિરમાં બીજો કોઈ દેવ ના હોવો જોઈએ. માત્ર હું જ એનો દેવ છું. બોલ, તારે શું જોઈએ છે મારી પાસેથી?

પહોળી આંખે ભાસ્વતી જુએ છે, આ કરુણ રુદ્ર કાળા પહાડને. માણસ એકદમ બદલાઈ ગયો છે, એટલે સુધી કે આ કાલ રાતનો પ્રસેનજિત પણ નથી.

ભાસ્વતી તેની સામે જમીન પર ઘૂંટણીએ પડીને બોલી, મારા પર દયા કરો.

આંખો લાલ કરીને હુંકાર કરીને પ્રસેનજિતે કહ્યું, દયા? મારા ઉપર તો કોઈ દયા કરતું નથી. તું મારા પર થોડી દયા નહિ કરે? હું શું માગું છું તારી પાસે, દયા સિવાય?

ભાસ્વતીએ ધીમે ધીમે કહ્યું, તે પહેલાં હું મરી જઈશ.

પ્રસેનજિત ખડખડાટ હસી પડ્યો. તે પછી એક સિગારેટ સળગાવીને બોલ્યો, 'આવ, તને એક વસ્તુ દેખાડું.'

ભાસ્વતીનો હાથ પકડીને મંદિરની બહાર લઈ આવ્યો, પહાડની બીજી બાજુએ.

આંગળીથી ચીંધીને બતાવ્યું, જો અહીંથી પણ નદી દેખાય છે. પાતળા સુતરના તાર જેવી. પેલો દેખાય છે તે પાકો રસ્તો. ત્યાંથી બસમાં ચઢીને સભ્ય સમાજમાં પહોંચી શકાય. આ બાજુ એક ગામ છે – ત્યાં જન્મમૃત્યુનો ખેલ ચાલી રહ્યો છે. જંગલમાં કેટલાં ફૂલ ફૂટ્યાં છે! તેનું નામ પૃથ્વી. અહીં કેટલો આનંદ છે. આ બધું મૂકીને કોઈને મરવાનું ગમે? આ બધું હું તને પાછું આપી શકું, જો તું મારી વાત સાંભળે તો.

ભાસ્વતી ચૂપ રહી.

– પેલી જે બાકોરા જેવી જગ્યા દેખાય છે, દેખાય છે ને? તેની

નજીકમાં જ મારું ઘર છે. તારો પતિ અત્યારે તે તરફ દોડી રહ્યો છે. રાઈફલ લાવીને તને બચાવશે. પણ મારી મરજી ન હોય તો તે તને કોઈ પણ રીતે બચાવી ન શકે. હું તને તારા પતિની પાસે પાછી સોંપી દઈશ – ક્યાંય કશું બદલાશે નહિ... મને માત્ર શાંતિ મળશે એટલું.

– મારી પાસે છે શું? હું તો એક સામાન્ય સ્ત્રી છું.

– તારી પાસે રૂપ છે. હું અભાગિયો પહાડોમાં, જંગલોમાં પડ્યો છું. મને જરા રૂપનો સ્પર્શ નહિ આપે? આથી શું જવાનું છે? ફૂલ ગમે છે ત્યારે ડાળી પરથી તોડી લઈએ છીએ અને એક નારી જો ગમે તો તેને સ્પર્શી પણ ના શકાય? અહીં એ બધા નિયમ નહિ ચાલે.

– હું એક પરિણીતા સ્ત્રી છું.

– તેથી શું થઈ ગયું? અહીં કોઈ સમાજ નથી. અહીં એ બધું યાદ કરવાનો કોઈ અર્થ નથી.

પ્રસેનજિતે ભાસ્વતીની કમર પકડી રાખી હતી. ભાસ્વતી પોતાને છોડાવવાની પણ હિંમત કરી શકતી નહોતી. તેના મનમાં ગડમથલ ચાલતી હતી, હું શું કરું? મને ખબર પડતી નથી. વાત બદલવા પછી બોલી,

– તમે આ મંદિરના દેવોને કેમ ફેંકી દીધા? કેટકેટલા લોકો એમની ભક્તિ કરે છે?

– હું પહેલાં જેટલી વાર આ મંદિરે આવ્યો છું, અહીંથી નીચે પૃથ્વી ભણી તાકતાં મને લાગ્યું છે, હું બહુ અસહાય છું. મને જીવનમાં કંઈ મળ્યું જ નથી.

– હું તમને શું આપી શકું તેમ છું?

પ્રસેનજિતે ભાસ્વતીના ગળે હાથ મૂકીને કહ્યું, તું બહુ રૂપાળી છે. આ ક્ષણે પૃથ્વી પર તારા જેવું સુંદર બીજું કશુંય નથી.

કંપતે અવાજે ભાસ્વતી બોલી, દરેકના મનમાં લોભનું એક પશુ બેઠેલું હોય છે હું તે પશુને બાંધી રાખવાનો પ્રયત્ન કરતી હતી. માણસને શોભે પણ એ જ, પણ મારી છાતીને તે ચીરીને ફાડી ખાય છે.

– પશુ નથી, પશુ નથી, એ તો જીવતા રહેવાનો આનંદ!

ભાસ્વતીનો હાથ પકડીને ફરી પ્રસેનજિત ઉતાવળે ઉતાવળે ચાલ્યો આવ્યો. ભાસ્વતીને વળગીને બોલ્યો, 'તું મારે જોઈએ, આ ક્ષણે.'

ભાસ્વતી કોઈક રીતે રોકે તે પહેલાં જ પ્રસેનજિતે તેની સાડીનો છેડો પકડીને જોરથી ખેંચ્યો. દ્રૌપદીની જેમ એક ચક્કર ફરી ગઈ ભાસ્વતી, તે પછી તેણે સખત રીતે સાડી પકડી રાખી.

પ્રસેનજિત બોલ્યો, હું બધું ફાડીતોડીને ફેંકી દઈ શકું તેમ છું, પણ મારે જોર કરવું નથી.

– મને છોડી દો.

– અહીં કોઈ નથી, મંદિરના દેવતા પણ નથી.

– મારો વિવેક છે.

– વિવેકને પણ પોશાકની જેમ ઉતારી નાખીને થોડીવાર માટે દૂર રાખ.

– હું તે નહિ કરી શકું.

– મને રોક ના. તારે શું જોઈએ? તારા પતિનું મૃત્યુ કે આ તુચ્છ સતીત્વ? તું નહિ મળતાં તારા સ્વામીનું હું ખૂન કરી બેસીશ.

ભાસ્વતીએ હવે તાણ છોડી દીધી. પ્રસેનજિતે તેની સાડી કાઢી નાખી એક બાજુએ મૂકી. તે પછી આંધળો જેમ ફંફોસી ફંફોસીને વસ્તુ શોધે તેમ તેના હોઠથી અડકી અડકી ભાસ્વતીના ગળે, ખભે અને છાતીએ કશુંક શોધવા લાગ્યો. ભાસ્વતી ઊભી રહી મૂર્તિની જેમ!

પ્રસેનજિતે હાથ મૂક્યો તેના બ્લાઉઝનાં બટન પર. બ્લાઉઝ અને બ્રા ખરી પડ્યા જમીન પર. તે સાથે ભાસ્વતીની આંખમાંથી બે ટીપાં જળ...

તેનું ગોરું મોં કેમ જાણે એકાએક અલૌકિક લાગ્યું. પ્રસેનજિતની આંખોમાં અનેક જન્મોનું વિસ્મય ઊભરાયું, જાણે કોઈ બાળક પહેલીવાર અગ્નિ જોતો ન હોય! અથવા તો અંધ ઝવેરી જે રીતે હીરાની પરીક્ષા કરે તેમ તે હાથ ફેરવવા લાગ્યો, ભાસ્વતીના દેહ પર. ભાસ્વતીએ

પોતાની છાતી પર બંને હાથ મૂકી રાખ્યા હતા, જાણે તે પોતાના અજાત શિશુને લાડ ના કરતી હોય!

પ્રસેનજિત ઢીંચણ વાળીને જમીન પર બેઠો, ભાસ્વતીની કમર પકડીને ભાસ્વતીના એક હાથને હોઠ અડકાડી બોલ્યો, ‘તું સુંદર છે, તું સુંદર છે.’

ભાસ્વતી એકીટશે તેની સામે જોતી બોલી, આ શું પાપ નથી?

દર્પ સાથે પ્રસેનજિતે કહ્યું, પાપપુણ્યનું સર્જન કોણે કર્યું છે? મારી પાસે આ ક્ષણ જ સત્ય છે. આ ક્ષણ જો મારા જીવનમાં અમર બની જાય, તો તેનું કૈં મૂલ્ય નથી?

– તું શું માત્ર તારો જ વિચાર કરે છે?

આટલા સમય પછી પહેલી વાર પ્રસેનજિતના મોઢા પર એક દુઃખની રેખા ફૂટી આવી. ભાસ્વતીનો હાથ છોડી દઈને બોલ્યો, તારે શું અત્યારે જવું છે?

– હું બહુ દુર્બળ છું.

– મારું આખું શરીર કંપે છે, તે તું જોઈ શકતી નથી?

– હું મને પોતાનેય બરાબર સમજી શકતી નથી.

– કોણ સમજી શકે છે? તારે અત્યારે જવું છે? હું એકાએક ઉદાર પણ  થઈ શકું છું.

ભાસ્વતીએ પ્રસેનજિતના વાળ પર હાથ મૂક્યો. દીર્ઘ નિશ્વાસ મૂક્યો એક. જરા નમીને બોલી, કેવું એકાંત છે! લાગે છે જાણે દુનિયા પર બીજું કોઈ છે જ નહિ.

ભાસ્વતીનો હાથ પ્રસેનજિતે ફરી પકડ્યો. જાણે સુગંધ પામતો હોય તેમ નાકે ધરી સુગંધ લે છે. ઉત્તેજના અને કાતરતાથી ભરેલું હતું તેનું મોં. અસ્ફુટ ભાવે બોલ્યો, ‘તું ચાલી જઈશ? તું મને જોઈએ.’

ભાસ્વતીએ ફરી હાથ છોડી દઈ તીવ્ર સ્વરે કહ્યું, ના, ના! મને છોડી દો... શા માટે?

– તું સંતાનકામના માટે આ મંદિરે પૂજા કરવા આવી હતી... હું તને

સંતાન આપીશ. હું જ અહીંનો દેવતા છું. તારા મનમાં જે દુઃખ છે –

– મારા મનમાં કોઈ દુઃખ નથી.

– તારે ભલે દુઃખ ન હોય, મારે દુઃખ છે. આજ સુધી જે મળ્યું નથી, તે બધું જ આજે વસૂલ કરવા ચાહું છું.

– હું તને શું આપી શકવાની હતી?

– તું તો આ પૃથ્વીનું સર્વ કૈં છે.

પ્રસેનજિત ઊભો થઈ જઈ ભાસ્વતીને પ્રચંડ જોરથી પોતાના શરીર સાથે જડી દે છે, હોઠે દબાવે છે હોઠ. ભાસ્વતીનું મોં લાલ લાલ થઈ ગયું છે, શરીરમાં તીવ્ર ઉત્તેજના વ્યાપી ગઈ છે.

પ્રસેનજિત તેને ખેંચી નીચે ખેંચે છે. ભાસ્વતી ગણગણતી બોલે છે, મને મારી નાખો, મને એકદમ મારી નાખો.

– આ રીતે હજાર હજાર વાર મરવા ઇચ્છું છું.

– પાસે આવ, પાસે આવ....

– આ પાસે તો છું.

– હજી વધારે, હજી વધારે, પાસે આવ.

પથ્થરિયા જમીન પર પાસે પાસે બે શરીર – બિન્દુ બિન્દુ પરસેવો મોતીની જેમ ફૂટ્યો છે. પવન ક્રીડા કરે છે ચારે બાજુએ. પ્રકૃતિની સુગંધનું ઝાપટું આવે છે. સ્વચ્છ તડકામાં ઉજ્જવલ લાગે છે આ પૃથ્વી. નિષ્પાપ બે મોઢાં પર પણ તડકો આવીને પડે છે – હાસ્ય જેવો તડકો.

ઘણી વાર પછી નીચે અનેક માણસોના ગળાનો અવાજ સંભળાતાં પ્રસેનજિત સફાળો ઊભો થઈ જાય છે. બહુ જ સાવચેતીથી નજર કરી જોઈ રહે છે.

નીચે ખીણની પેલી બાજુએ દશ-બાર જણ રંગબેરંગી પોશાકવાળાં સ્ત્રીપુરુષો છે. તેમના હાથમાં ફૂલ છે, છુટ્ટા પૈસા છે! તે બધું ઉપરની દિશામાં ધરાવતાં ફેંકે છે. સાથે સાથે ન સમજાય એવી ભાષામાં કૈંક બોલતાં જાય છે.

પ્રસેનજિત નિઃશબ્દ હાસ્યથી હસીને બેવડ વળી ગયો. માથું હલાવીને

હલાવી તે હસે છે. આનંદના પ્રહારથી જાણે તે પાગલ થઈ જશે.

ભાસ્વતી ઊભી હતી દીવાલને અડીને. પ્રસેનજિતે તેનો હાથ પકડીને કહ્યું, તેઓ પૂજા કરે છે. આ ટોળું પૂજા કરવા આવ્યું છે. મને નાચવાનું મન થઈ આવે છે. તેઓને ખબર નથી કે અહીં ઠાકુરફાકુર દેવફેવ કશું છે જ નહિ! માત્ર આપણે બે જણાં જ છીએ.

– રંજન આવ્યો નથી?

– ના, હજુ આવ્યો નથી. તેઓ આપણી પૂજા કરે છે. બેસ, ‘તું અહીં આવીને બેસ.’

ભાસ્વતીને ખેંચી લાવીને તેને બેસાડી એક વેદી ઉપર. મુગ્ધભાવે જોઈને બોલ્યો, ‘તું હવે દેવી છે.’

જરા પાછે પગે જઈને તે ફરી બોલ્યો : માણસને દેવતાને આસને બેસાડી શકીએ તેના જેવું બીજું આનંદજનક કશું નથી.

કૂદીને તે ઘંટ વગાડવા લાગ્યો, પાગલની જેમ, પ્રચંડ જોરથી.

પહાડ અરણ્ય અને સમગ્ર પ્રકૃતિમાં સંભળાવા લાગ્યો ઘંટનો તે અવાજ...

તે ઘંટનો અવાજ સાંભળીને ખીણની પેલી બાજુનાં માણસો વિહ્વલ થઈ માથું જમીન પર ટેકવીને પ્રણામ કરવા લાગ્યાં.

દૂર રંજન રાઈફલ હાથમાં લઈ દોડતો દોડતો આવતો હતો. ઘંટનો અવાજ સાંભળીને તે થંભી ગયો. તે પછી રાઈફલને લાકડીની જેમ જમીન પર મૂકતો મૂકતો ધીમે ધીમે ચાલવા લાગ્યો. તેના પ્રશાંત મોઢા પર શ્રમની ક્લાન્તિ છે. આંખના પલકારા થતા નથી. તીવ્ર દૃષ્ટિથી એક વાર જોયું પોતાના શરીર તરફ. તે સમજી શક્યો છે કે હવે સાપથી ડરવાની જરૂર નથી. પણ હજુ તો તેને ઘણું ઊંચે ચઢવાનું છે.

○○○

**આગળ જુઓ :**

**આ પુસ્તક વિશે રમણલાલ જોશીની સમીક્ષા ‘પ્રતિકાર અને પ્રતિભાવની કથા’**

ચારેક વર્ષ પહેલાં યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બૉર્ડ સોંપેલા ‘ભારતીય નવલકથા’ પુસ્તકનું લેખનકાર્ય કરતો હતો ત્યારે શ્રી ભોળાભાઈને મેં કોઈ તાજેતરની બંગાળી લઘુનવલ સૂચવવા કહ્યું. તેમણે તત્કાલ સુનીલ ગંગોપાધ્યાયની ‘સ્વર્ગેર નીચે માનુષ’ સૂચવી, એટલું જ નહિ પણ પોતે કરેલો એનો ગુજરાતી અનુવાદ પણ આપ્યો. વાંચી ગયો. કૃતિ ગમી અને મારા પુસ્તકમાં એની સમીક્ષાનો સમાવેશ કર્યો. ત્યારથી એની સાથે એક પ્રકારની આત્મીયતા બંધાઈ. આજે એ પુસ્તકાકારે ગુજરાતીમાં સુલભ બને છે તે આનંદનો વિષય છે.

મારા આનંદનું પૃથક્કરણ કરું છું ત્યારે આ લઘુનવલ એકકેન્દ્રી અનુભૂતિને સઘનતાપૂર્વક અભિવ્યક્તિ આપે છે, સમગ્ર કથાવસ્તુ વાસ્તવિકતાનો સંસ્પર્શ પામી છે. એમાં ઔચિત્યપૂર્વકના પરિવેશની રચના દ્વારા અભિવ્યક્તિનું કળાસહજ સંતુલન સધાયું છે અને સૌથી વિશેષ તો જાણીતાં પ્રતીકોનો અસાધારણ વિનિયોગ થયો છે તે એટલે સુધી કે કૃતિ આખી પ્રતીક બનીને ઊભી છે.

બંગાળમાં સુનીલ ગંગોપાધ્યાય(૧૯૩૪) મુખ્યત્વે કવિ તરીકે જાણીતા છે, પણ નવલકથાના સ્વરૂપને તેમણે પોતાની પ્રતિભાથી નવો વળાંક આપ્યો છે, તેમની બે નવલકથાઓ ‘અરણ્યેર દિનરાત્રિ’ અને ‘પ્રતિદ્વન્દ્વી’નું સત્યજિત રાયે ફિલ્માયન કર્યું અને એ કૃતિઓ ભૌગોલિક સીમા ઓળંગીને આંતરરાષ્ટ્રીય ખ્યાતિ પામી. આ ઉપરાંત ‘કવિ ઓ નર્તકી’, ‘તુમિ કે’, ‘સરલ સત્ય’, ‘ભયંકર સુંદર’ વગેરે નવલકથાઓ પણ સુનીલને આધુનિક કથાકાર તરીકે સુપ્રતિષ્ઠિત કરે છે.

‘સ્વર્ગેર નીચે માનુષ’માં ઘટનાસમય ચોવીસ કલાકથીયે ઓછો છે, અને સ્થળ પણ લગભગ એક જ છે. નવલકથામાં પાત્રસંખ્યા મર્યાદિત છે – ત્રણ જ પાત્રો છે. આમ, સ્થળ, સમય અને ઘટનાસંકલનાની ઘટ્ટ એકાત્મતા અને પ્રભાવૈક્ય આ નવલકથાની એક સઘન છાપ ઊભી કરે છે. લગભગ દોઢસો પાનાંમાં નવલકથાના વિશ્વની જે સુપેરે માંડણી

થઈ છે તે સુનીલ ગંગોપાધ્યાયની કથાકાર તરીકે સિદ્ધિના નિદર્શન રૂપ છે.

ત્રણ પાત્રો તે રંજન નામે પતિ, ભાસ્વતી નામે તેની પત્ની અને મૂળે મણિપુર રાજ્યનો પણ અત્યારે મધ્યપ્રદેશના પહાડી વિસ્તારમાં રહેતો પ્રસેનજિત. લેખકે રંજનની ઓળખાણ આ રીતે કરાવી છે :

"ઉંમર ૩૪ વર્ષની છે. શરીરનો બાંધો અને સ્વાસ્થ સારાં છે તેણે ઓછા ચૉકલેટ રંગનું પેન્ટ અને સફેદ પહેરણ પહેર્યાં છે. સફેદ પહેરણ તેને ગમે છે. ખભે કૅમેરા લટકે છે."

અને ભાસ્વતી –

"ઉંમર ૨૭ વર્ષની છે. તેણે ઘેરા આસમાની રંગની સાડી અને બ્લાઉઝ પહેર્યાં છે. બ્લાઉઝની નીચે બ્રાની આઉટલાઈન નજરે પડે છે. તેની બ્રાનો રંગ કાળો છે, ચણિયાનો રંગ પણ કાળો છે, પછી દેખાશે. તેનું બોલાવવાનું નામ સતી. બધા એ જ નામે બોલાવે છે, પણ તેનું નામ ઝરણું હોત તોય બંધબેસતું આવત. તે ઘણી સુંદર છે અને નાની ઉંમરના બાળકની જેમ મસ્તીખોર છે."

કથાના આરંભમાં જ પ્રસ્તુત થયેલા વર્ણનમાં રંજનના શારીરિક સ્વાસ્થ્યનો ઉલ્લેખ, ભાસ્વતીના પ્રચલિત નામ ‘સતી’નો ઉલ્લેખ અને ‘રૂપની વાત’નો નિર્દેશ કથાના સૂરને સમજવામાં ઉપકારક બને છે. લઘુનવલમાં આવતા નિર્દેશો કે સંદર્ભો સમગ્રના આલકનમાં કેવા અનિવાર્ય બનતા હોય છે તે આવા દાખલાઓમાં પ્રતીત થાય છે.

કથાનો આરંભ આ વાક્યથી થાય છે :

"સામે એક નદી છે. એ નદી પાર કરવી પડશે."

આ એક પહાડી નદી છે. મધ્યપ્રદેશના પહાડી વિસ્તારોની. કલકત્તાનો ઑફિસર રંજન અને તેની પત્ની ભાસ્વતી પોતાની ગાડી લઈ થોડા દિવસ માટે આ અજાણી ધરતી પર ફરવા નીકળ્યાં છે. બંને સાહસિક છે. દુરસ્ત કરાવવા માટે ગાડીને ગૅરેજમાં મૂકવાની જરૂરિયાત ઊભી થતાં અનિવાર્યપણે ભાસ્વતીને ડાકબંગલામાં બેસી રહેવું પડે તે એને

ગોઠતું નથી. સામે દેખાતા પહાડ પર જવાનું એને મન થાય છે પણ પહાડ વિશે તરેહતરેહની વાતો સાંભળનાર એનો પતિ રંજન એને વારે છે. પણ ભાસ્વતી તો પહાડ પર જવાની રઢ લઈને બેઠી છે. બંને નીકળી પડે છે. રંજન સાહસી છે તો ભાસ્વતી દુઃસાહસિકા. પણ...

"સામે એક નદી છે, એ નદી પાર કરવી પડશે."

રોજના ઉપયોગની વસ્તુઓ ભરેલી ચામડાની બૅગ ખભે ભરાવી ભાસ્વતી રંજન સાથે નદી ઓળંગે છે. નદી નાની છે પણ એનો પ્રવાહ તેજ છે. પણ ભાસ્વતીને તો બધી વાતમાં મજા પડે છે. આ નાની નદી, નદીનું શીતલ જલ અને તીવ્ર વેગ – આ બધું જ તેની આરપાર વહેવા લાગે છે. ધીરે ધીરે એનું ભાવજગત કશીક ઉત્તેજના અનુભવતું હોય છે. તરવામાં કુશળ એવા રંજનનો હાથ પકડીને નદી ઊતરતાં એ કશોક અદ્ભુત રોમાંચ અનુભવે છે.

નદી પાર કરતાં પતિ-પત્ની પણ અહીં 'નરનારી' બની રહે છે. ભાસ્વતી જાણે 'આ સ્રોતસ્વિની નદીનું જ પ્રતિરૂપ!' આ દૃશ્યાલેખન રા. વિ. પાઠકના કાવ્ય 'એક સન્ધ્યા'નું સ્મરણ કરાવે છે!

નદી પાર કરીને તેઓ સામે કિનારે જાય છે. ઉનાળાનો લાંબો દિવસ છે, સ્તબ્ધતા છે અને ભાસ્વતીના આ શબ્દો : "અત્યારે કોઈ અહીં હોત તો મને જરાયે ન ગમત."

પહાડ ચઢતાંમાં તો વાદળ ઘેરાઈ આવે છે અને મુશળધાર વરસાદ પડે છે. વરસાદ થંભી જતાં બંને પાછાં ફરવાની તૈયારી કરતાં હોય છે, એટલામાં એકાદ ગીતના જેવો અવાજ સંભળાયો, એક મોટા પથ્થરની આડશેથી એક મનુષ્ય-આકૃતિ નીકળી આવી.

અહીં નવલકથામાં ત્રીજા પાત્રનો પ્રવેશ થાય છે. આ છે પ્રસેનજિત. અરણ્યમાં રહેતા પ્રસેનજિતના બરછટ વ્યક્તિત્વ પરિચય આરંભના એના શુષ્ક વ્યવહારથી થાય છે. આ બરછટ વ્યક્તિત્વ અને શરૂઆતના શુષ્ક વ્યવહારને અંતમાં ભાવવિવશ મૃદુતા અને રસિકતામાં પરિવર્તિત કરીને લેખકે એક પરિસ્થિતિનું નિર્માણ કર્યું છે. પરિવેશ પરિસ્થિતિને

વાસ્તવિક બનાવે છે.

આ પ્રસેનજિતના હાથમાં એક મોટો ચીપિયો છે. વાત કરતાં આ ચીપિયો પછાડવાની એની આદતને કારણે બધા એને 'પશુ' કહીને બોલાવે છે. એનો ધંધો છે આ અરણ્યપ્રદેશમાંથી સાપ પકડીને હાફકીન ઇન્સ્ટિટ્યૂટમાં મોકલવાનો. એનું લેખકે કરેલું વર્ણન જુઓ :

"...માણસની ઉંમર વધારે નથી. છોકરો જ કહેવાય. ત્રીસ કરતાં વધારે ઉંમર નહિ હોય. માથે ગુચ્છાદાર વાંકડિયા વાળ, અસ્તવ્યસ્ત ઊંચું નાક, તડકે બળીને તાંબા જેવો થયેલો શરીરનો રંગ, તીણી આંખો, ગળાનો અવાજ ભરેલો, વાત કરવાની રીત પણ વજનદાર."

આ માણસ નજીકના પ્રદેશમાં જ એક ઘર જેવું બનાવીને રહે છે. એને એક સાથીદાર પણ છે; પણ હમણાં એ બહાર ગયો છે. દિવસોથી આ રુક્ષ અરણ્યપ્રદેશમાં રહેલો પ્રસેનજિત ભાસ્વતીને જોઈ, એના ગળાનો અવાજ સાંભળી જાણે કે મુગ્ધ બની જાય છે. ભાસ્વતીને તે અનિમેષ નજરે જોઈ રહે છે. નદી પાર કરવાના પ્રશ્નની બાબતમાં પ્રસેનજિતે કહેલું કે "આ ખાસ નદી પાર કરવી ખૂબ મુશ્કેલ છે"... તેમ છતાં રંજન નદી પાર કરવાનો આગ્રહ જારી રાખે છે પણ પછી તણાવા લાગતાં પ્રસેનજિત એને બચાવી લે છે. બંનેને તે પોતાને ઘેર લાવે છે.

બીજા રૂમમાં સ્ટવ પેટાવીને રસોઈની તૈયારી થાય છે ત્યાં સાપના પાજરામાંથી હિસ્ હિસ્ અવાજ સંભળાય છે. પછી તો ઘણી વાતો થાય છે. પહાડ પરના મંદિરની વાત નીકળે છે. પહેલાં નિઃસંતાન આદિવાસીઓ સંતાનપ્રાપ્તિ માટે તે દેવતાની પૂજા કરવા જતાં પણ હવે એ મંદિરે કોઈ જતું નથી. ત્યાં સાપનો ભય છે. એટલું જ નહિ ત્યાં ગયા પછી કોઈ જીવતું પાછું આવતું નથી એવી લોકવાયકા પ્રવર્તે છે. આદિવાસીઓ માને છે કે એ મંદિરના શિખર પર 'હારાબુરુ'– 'સ્વર્ગ' છે અને મંદિરમાં ગયેલું હરકોઈ પછી તો સીધું સ્વર્ગ જ સિધાવે છે!

પ્રસેનજિતે તે સ્થળેથી એક અજગર પકડ્યો હતો, એવી વાત નીકળે છે. રંજનને આજુબાજુમાં પણ ક્યાંક અજગર હોવાની ભીતિ

થઈ આવે છે! વાતચીત ચાલે છે પણ પ્રસેનજિતની દૃષ્ટિ તો ભાસ્વતી પર જ ઠરેલી હોય છે.

ઘરમાં પાણી નથી. નદીએથી લાવવાનું હોય છે. વિવેક ખાતર રંજન નીકળી પડે છે. ભાસ્વતી પ્રસેનજિતની હાજરીથી અકળામણ અનુભવતાં તેને મોકલે છે. રસ્તામાં લપસી જવાને કારણે એને પથ્થર વાગે છે અને લોહી નીકળે છે, ભાસ્વતી લાગણીસભર બની એને પાટો બાંધે છે.

જમ્યા પછી સૂવાની વ્યવસ્થા થાય છે, સાપવાળા ઓરડામાં પ્રસેનજિત અને તેની બાજુના ઓરડામાં પતિપત્ની એમ ગોઠવાય છે. રંજન તો આખા દિવસના થાકને લીધે ઊંઘી જાય છે. તંદ્રાના ભારણમાં ભાસ્વતીને પણ નાનાં નાનાં સપનાં આવે છે. કુલ ત્રણ સ્વપ્ન સૂચક છે. રંજન-ભાસ્વતીના દામ્પત્યજીવન પર પ્રકાશ પાડતાં એ સ્વપ્નો (તેઓ નિ:સંતાન છે, ભાસ્વતી સ્વેચ્છાએ રંજનને પરણી છે) અને ત્રીજું સ્વપ્ન એની સોડમાં જાણે કે મોટો સાપ સૂઈ ગયો છે તેનું છે. આ ત્રણેનો સંબંધ ‘વૈતરણી’ નદી અને પહાડ પરના ‘સ્વર્ગ’ની સાથે છે. ‘સ્વપ્ન’ની ટેકનિકનો ઉપયોગ ઘણી નવલકથાઓમાં થાય છે; પરંતુ અહીં નાયિકાના ‘અસંપ્રજ્ઞાત’નું પ્રગટીકરણ એકદમ અનિવાર્ય હતું, એ સાંપ્રત ઘટનાને પુષ્ટ કરે છે. વળી એની સાથે રંજન પર ચઢી આવતો સ્વપ્નનો ઓથાર અને એના ઊંઘતા મોં પર અંકાતી વ્યથાની રેખા પણ પરિસ્થિતિ પર પ્રકાશ નાખે છે – રંજનની ટોર્ચ લાઈટની જેમ. ખાસ તો પ્રસેનજિત ભાસ્વતી સમક્ષ પ્રેમની માગણી કરે છે. એ પ્રસંગનું આલેખન પણ સરસ થયું છે.

પરિસ્થિતિ પામી જઈ ભાસ્વતી પ્રસેનજિતના અંતરતમ માનવ્યને સ્પર્શે છે ત્યારે પણ તે તો "મને સુંદર ક્યારેય મળ્યું નથી. મારે જોઈએ, મારે જોઈએ, મારે જોઈએ." એમ બાળકની જેમ હઠ લે છે. પ્રસેનજિતના જીવનની કૃતાર્થતા ‘સુંદર’ને પામવામાં રહેલી છે. એટલે તો તે કહે છે કે "તમને પામવાં એટલે બધું પામવું." તેના માથામાં આગ બળે છે, તેને નિદ્રા શાની હોય? પણ તત્કાલ તો ભાસ્વતીનો વિજય થાય છે, તે બચી

જાય છે. પણ છેવટ સુધી બચી શકતી નથી. ભાસ્વતીની સ્ત્રીહઠ અને સભાન સાહસની વૃત્તિએ પેલા મંદિર પર જવા માટે આગ્રહ રાખ્યો અને બીજા દિવસે ત્યાં તેઓ ગયાં પણ. ત્યારે પ્રસેનજિત મંદિર તરફ ચાલવા કહે છે અને પ્રબળ ઉન્મત્તતાથી કૃતનિશ્ચયી બની 'સુંદર'ના ઉપભોગ તરફ વળે છે ત્યારે આગલી રાતની જેમ ભાસ્વતીએ દલીલો તો ઘણી કરી, પ્રતિકાર પણ આપ્યો પણ તેનું કાંઈ વળ્યું નહિ. એ વખતે પ્રસેનજિત તો અડીખમ ઊભો છે. લેખકના શબ્દોમાં "તે નારી છે, એક જણ – પુરુષ તેને કહે છે, હું તમને પામવા ઇચ્છું છું. ત્રીજું કોઈ પ્રાણી અહીં સાક્ષી નથી, તો પણ આ બધો ઇચ્છવા-પામવાનો પ્રશ્ન પૃથ્વી પર અતિ જટિલ છે." અહીં રંજન સાથેના પ્રસંગમાં ભાસ્વતીના આવા જ પ્રતિભાવનું સ્મરણ થાય છે. એ એક નોંધપાત્ર સંદર્ભગત કોન્ટ્રાસ્ટ છે. ભાસ્વતી એના પર દયા કરવાનું પ્રસેનજિતને કહે છે ત્યારે તે જવાબ આપે છે : "દયા? મારા ઉપર તો કોઈ દયા કરતું નથી. તું મારા પર થોડી દયા નહિ કરે? હું શું માગું છું તારી પાસે, દયા સિવાય?" – આગળ તે કહે છે : "તારી પાસે રૂપ છે. હું અભાગિયો પહાડોમાં, જંગલમાં પડ્યો છું – મને જરા રૂપનો સ્પર્શ નહિ આપે? એથી શું જવાનું છે? ફૂલ ગમે છે ત્યારે ડાળી પરથી તોડી લઈએ છીએ. અને એક નારી જો ગમે તો તેને સ્પર્શી પણ ન શકાય?" પોતે પરિણીતા સ્ત્રી છે એ દલીલ તે સ્વીકારતો નથી કારણ કે તે કહે છે કે "અહીં કોઈ સમાજ નથી." એનું તો રટણ જ એ છે કે "તું મારે જોઈએ, આ ક્ષણે." છેવટે ભાસ્વતીને તે એના પતિના ખૂનની ધમકી આપે છે, પાપ-પુણ્યની વાતને તિરસ્કારે છે, 'સુંદર' માટેની પોતાના જીવનભરની ઝંખનાને મુખરિત કરે છે. તે કહે છે : "મારી પાસે આ ક્ષણ જ સત્ય છે. આ ક્ષણ જો મારા જીવનમાં અમર બની જાય, તો તેનું મૂલ્ય નથી?"

આ બધી આજીજી, વિનંતી, પ્રતિકાર, માનસિક સંઘર્ષને અંતે લેખકનું નિરૂપણ અહીં આવીને ઊભું રહે છે :

"પથ્થરિયા જમીન પર પાસે પાસે બે શરીર, બિન્દુ બિન્દુ પરસેવો

મોતીની જેમ ફૂટ્યો છે. પવન ક્રીડા કરે છે ચારે બાજુએ, પ્રકૃતિની સુગંધનું ઝાપટું આવે છે. સ્વચ્છ તડકામાં ઉજ્જ્વળ લાગે છે આ પૃથ્વી. નિષ્પાપ બે મોઢાં પર પણ તડકો આવીને પડે છે – હાસ્ય જેવો તડકો."

ઉપરના પ્રસંગોએ લેખકે ભાસ્વતીના મનની અકળ સ્થિતિને યથાતથ મૂકી આપી છે. ભાસ્વતી રંજનથી પૂરી સંતુષ્ટ હતી, બંને પ્રેમલગ્નથી જોડાયાં હતાં અને બંને વચ્ચે પૂરો સંવાદ પ્રવર્તે છે, તેમ છતાં પ્રસેનજિત પ્રત્યે એને તિરસ્કાર નથી, કૂણી લાગણી છે. નીતિ-અનીતિના ચોકઠામાં લેખક આ સંઘર્ષને મૂકી શક્યા હોત; પણ તેમણે એ કર્યું નથી. પ્રસેનજિતના પૃથ્વીતત્ત્વ પ્રત્યેના ભાસ્વતીના અસંપ્રજ્ઞાત આકર્ષણમાં તેની અપત્યેષણા માત્ર કારણભૂત નથી. મનુષ્યના મનની – સ્ત્રીના મનની અકળ ગતિ પ્રત્યે લેખક ધ્યાન દોરે છે. અંતિમ ઘટનામાં ભાસ્વતીનું કથન ખૂબ નોંધપાત્ર છે : "હું મને પોતાનેય બરાબર સમજી શકતી નથી." પ્રસેનજિત દુર્બળ છે તો ભાસ્વતી પણ દુર્બળ છે – બંને પોતપોતાની રીતે. લેખકે આ બંને પાત્રોનાં મનોગત દ્વારા એક પ્રશ્ન રજૂ કર્યો છે. વાચકે પણ એની ભૂમિકા સમજીને 'પ્રશ્ન' તરીકે એને લેવો જોઈએ. નિશ્ચિત વૈચારિક અભિગ્રહ કૃતિના આસ્વાદનમાં વ્યવધાનરૂપ નીવડતો હોય છે.

પરંતુ આ કથાને પુસ્તકાકારે પ્રગટ કરતાં મૂળ લેખકે એમાં ફેરફાર કર્યો છે. ત્યાં પ્રસેનજિતનની મનોમન ઇચ્છા કરતી ભાસ્વતી નિર્વસન થયાની અણી પર પ્રસેનજિતને કોણ જાણે કેમ પણ ધક્કો મારી બેસે છે અને પ્રસેનજિત ખાઈમાં ઢળી પડે છે. અને પછી ભાસ્વતી એકાએક રડી પડે છે....

અહીં અનુવાદકે અગાઉનો અંત સ્વીકાર્યો છે.

નવલકથાનો પરિવેશ અસામાન્ય છે. 'પ્રતિદ્વન્દ્વી'ના લેખક સુનીલ ગંગોપાધ્યાય કલકત્તાના મહાનગરની આબોહવા શ્વસે છે. પણ અહીં તો નગર તો શું એકાદ નાના-શા ગામડાનો પણ સંસ્પર્શ નથી. તેમની બીજી જાણીતી નવલકથા 'અરણ્યેર દિનરાત્રિ'ની જેમ અહીં પણ મનુષ્યમાં રહેલી કામવાસના એકાદ વિશિષ્ટ સંદર્ભમાં કેવી રીતે પ્રગટ થયો છે.

સામાજિક પરિવેશનો બુરખો હઠાવી લઈને લેખક જાણે મનુષ્યને એક મનુષ્ય તરીકે, સમાજનિરપેક્ષ એકમના સંદર્ભમાં રજૂ કરવા મથે છે. 'અરણ્યેર દિનરાત્રિ'માં પાત્રો જેમ નગરની માયા છોડી એક દૂરના આદિવાસી વિસ્તારમાં એક દિનરાત્રિ માટે ઊતરી પડે છે એવું કંઈક અંશે અહીં પણ બન્યું છે. કથાની નાયિકા ભાસ્વતી દૈહિક સૌંદર્યનું પ્રતીક બને છે, તો પ્રસેનજિત મનુષ્યહૃદયની રૂપઝંખનાનું. કથામાં 'સાપ'નો ઉલ્લેખ અનેક વાર થયો છે. સાપને સૅક્સના પ્રતીક તરીકે ગણવામાં આવે છે. કથામાં આ રીતનો ઉલ્લેખ loud બને તો એની અસરકારકતા ઓગળી જાય. પણ અહીં પ્રસેનજિતના પાત્રની કલ્પનામાં જ આ વસ્તુ એટલી વણાઈ ગઈ છે કે એવા દોષને બહુ ઓછો અવકાશ રહ્યો છે.

આવી એક સુગ્રથિત કલાત્મક લઘુનવલને ગુજરાતીમાં ઉતારવા માટે શ્રી ભોળાભાઈ પટેલ આપણા સૌના અભિનંદનના અધિકારી છે.

અમદાવાદ-૯ **રમણલાલ જોશી**
૨૧ એપ્રિલ, ૧૯૭૭

○○○